بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



અહલે સુન્નત વ જમાઅત
એટલે
મસ્લકે આ'લા હઝરત
નું અજોડ મુખપત્ર

# બરકાતે ખ્વાજા (માસિક)


તા. ૦૧-જાન્યુઆરી-૨૦૨૦

રબીઉલ આખર-જમાદિઉલ અવ્વલ
હિજરી સન : ૧૪૪૧

વર્ષ : ૧૭, અંક : ૦૧, સળંગ અંક : ૧૯૩



**સ્થાપક અને પ્રકાશક**

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા

**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત, ફોન: ૦૨૬૪૨-૨૮૦૦૧૧

Mo. 9427464411 (PhonePe/Paytm)
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com


**બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ**

A/c. No. 34620100000303
Razvi Kitab Ghar
IFSC Code : BARB0DAYADR

**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૨૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૨૦૦/- |
| આજીવન | રૂા. | ૫,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


: માનદ તંત્રી :
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | બાબરી મસ્જિદ વિશે જાણવા જેવું | 04 |
| 02 | શું હુઝૂર ﷺને પોતાના અંજામની પણ ખબર ન હતી ?! | 05 |
| 03 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 09 |
| 04 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 12 |
| 05 | અસ્રારુલ અવલિયા : મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત | 15 |
| 06 | તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہના જીવનચરિત્રની ઝલકો | 18 |
| 07 | لَیۡسَ مِنَّا 'તે અમારો નથી' | 22 |
| 08 | ચૈન અને રાહતની શોધ | 25 |
| 09 | નફસનો પ્રભાવ તથા શયતાનની અદાવત | 26 |
| 10 | સમસ્યાઓના હલ માટે થિંક ટૅંક જરૂરી | 29 |
| 11 | સહાબિયાતનો કિરદાર અપનાવી લો ! | 32 |
| 12 | કુર્આનની ઉર્દૂ તફસીરોમાં ખઝાઈનુલ ઈરફાનનું સ્થાન | 39 |
| 13 | જાદૂની હકીકત તથા તેનો ઈલાજ | 44 |
| 14 | બરકાતે ખ્વાજાની ટપાલ | 48 |


**તઝમીન બર કલામે હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ** رحمۃ اللہ علیہ

**અઝ : બુલબુલે ગુજરાત કારી અતાઉર્રહમાન-ઈ.બારીયા**

લવલાક કા મતલબ તો હમને હૈ જાના
આબાદ હુવા તુઝસે કૌનૈન કા કાશાના
તૂ હુસ્ન અઝલ કા હૈ એક પરતવે મસ્તાના
*તૂ શમ્એ રિસાલત હૈ આલમ તેરા પરવાના*
*તૂ માહે નબુવ્વત હૈ અય જલ્વએ જાનાના*

ફિરદોસ બને મેહફિલ નઝરોંસે હિજાબ ઉઠે
અંગળાઈયાં લે લેકર ફિર હુસ્ને શબાબ ઉઠે
સર ખમ હો સુરાહી કા ફિર જામે શરાબ ઉઠે
*જો શાકીએ કૌષર કે ચેહરે સે નકાબ ઉઠે*
*હર દિલ બને પયમાના હર આંખ હો મયખાના*

નજદી હૈં વફા દુશ્મન કયા જાને વફા કયા હૈ
અપના સા સમઝતે હૈં પઢકર ભી તેરા કલમા
ગુન ગાતે હૈં ઓરોં કે ઐસે હૈં દગા પેશા
*ખાતે હૈં તેરે દર કા પીતે હૈં તેરે દરકા*
*પાની હૈ તેરા પાની દાના હૈ તેરા દાના*

ખુરશીદ મહો અંજુમમેં હૈ રોશની તેરી હી
હક્કને તેરે ચેહરે કો સૂરજ કી જલાલત દી
દિલકશ તેરે દમસે હૈ યહ ગુલશને હસ્તી ભી
*હર ફૂલમેં બૂ તેરી હર શમ્અમેં ઝવ તેરી*
*બુલબુલ હૈ તેરા બુલબુલ પરવાના હૈ પરવાના*



# બાબરી મસ્જિદ

## વિશે જાણવા જેવું

(કાર્યાલય)

બાબરી મસ્જિદ રામ મંદિર કજીયો દેશ વ્યાપી બનાવી રાજકીય લાભ ખાતર અડવાણીએ ૨૫–૯–૧૯૯૦ના રોજ સોમનાથથી અયોધ્યા સુધીની રથયાત્રાનો પ્રારંભ કર્યો હતો. ત્યાર પછી દેશમાં શું શું થયું ? કેવાં કેવાં હિંદુ મુસ્લિમ કોમી તોફાનો થયાં, છેવટે ૬–ડિસેમ્બર–૧૯૯૨માં સરકાર જોતી રહી અને બાબરી મસ્જિદને ગેરકાયદેસર રીતે લોકટોળાંઓએ શહીદ કરી નાખી ! પછી દેશભરમાં તોફાનો થયાં, હજારો લોકો મૃત્યુ પામ્યા...વગેરે એ સર્વ વિગતો અત્રે રજૂ કરવી મુશ્કેલ છે, પણ છતાં અમુક એવી વિગતો જે આજની યુવાપેઢી જાણતી નથી તેને ટૂંકમાં રજૂ કરીએ છીએ.

૨૨, ૨૩ ડિસેમ્બર ઈ.સ. ૧૯૪૯ના રોજ ચોરી છુપી રીતે અડધી રાત પછી તાળુ તોડીને અમુક અસામાજિક તત્વોએ જબરદસ્તી કરીને મસ્જિદના મિમ્બર પર મૂર્તિઓ રાખી દીધી હતી. જ્યારે કે રોજના નિયમાનુસાર ઈશાની નમાઝ બાદ મસ્જિદને તાળુ મારીને ઈમામ તથા મુકતદી પોતાનાં ઘરોએ જઈ ચૂક્યા હતા. એની વિગત જે તે વિસ્તારની પોલીસ ચોકીની એફ.આઈ. આર.માં નોંધેલ છે. હેડ કોન્સ્ટેબલ માતા પ્રસાદે જે શબ્દોમાં રિપોર્ટ નોંધ્યો છે એનાથી સ્પષ્ટપણે માલૂમ થાય છે કે એ તારીખ સુધી મુસલમાન બાબરી મસ્જિદમાં બાકાયદા નમાઝ અદા કરતા રહ્યા અને બાબરી મસ્જિદના મસ્જિદ હોવામાં કોઈ શંકા કે મતભેદ ન હતો. આ રિપોર્ટમાં સ્પષ્ટપણે પાંચવાર બાબરી મસ્જિદને મસ્જિદના નામથી યાદ કરવામાં આવી છે અને તેના મસ્જિદ હોવામાં કોઈ શંકા કે મતભેદ નથી.

યાદ રાખશો કે રિપોર્ટ જાતે પોતે પોલીસે નોંધ્યો અને **મસ્જિદમાં ચોરી છુપી રીતે મૂર્તિઓ રાખનારાઓની આ હરકતને ગૈર કાનૂની તથા ગુનાહિત કૃત્ય ઠરાવવામાં આવ્યું.** તેમની વિરૂધ્ધ કાર્યવાહી માટે પણ કહેવામાં આવ્યું હતું. ત્યારબાદ લગભગ ૩૭ વરસો સુધી મસ્જિદમાં તાળુ લાગેલુ રહ્યું અને કેસની સ્થિતિને બદલવાની સાઝિશ (ષડયંત્ર)ને અમલમાં લાવવા માટે ગુનાહિત કાર્યવાહી ચાલતી રહી. એ સમયના જિલ્લા મેજિસ્ટ્રેટે આ ગુનાહિત ષડયંત્રને અમલમાં લાવવામાં હદ ઉપરાંત લાકાનૂનિયતનું પ્રદર્શન કર્યું, એના બદલામાં એને MP બનવાનો મોકો આપવામાં આવ્યો અને હુકૂમત તમાશાઈ બનેલી રહી. મુસલમાનો પર મસ્જિદમાં અથવા તેની આસપાસ જવા પર પ્રતિબંધ લાદી દેવામાં આવ્યો.

બાબરી મસ્જિદ ઈ.સ. ૧૫૨૮માં બાબરના સેનાપતિ મીર બાકીએ બંધાવી હતી, જેમાં મુસલમાન ઈ.સ. ૧૯૪૯ સુધી નમાઝ અદા કરતા રહ્યા. ૯–નવેમ્બર ૨૦૧૯ના રોજ હિંદુસ્તાનની સુપ્રિમ કોર્ટે લાંબી સુનાવણી પછી જે ફેંસલો સંભળાવ્યો તે આપસમાં મતભેદોવાળો (Contrast) તથા કાનૂન તથા ઈન્સાફના તકાઝાઓથી પર જોવા મળે છે. જ્યારે અદાલતે સુનાવણી દરમિયાન સ્પષ્ટપણે એ યકીન અપાવ્યું હતું કે ફેંસલો આસ્થાના આધાર પર નહીં કરવામાં આવે. એના અનુસંધાનમાં અમુક મુદા રજૂ કરવામાં આવે છે :

★ **કોર્ટે સ્વીકાર્યું છે કે** બાબરી મસ્જિદ ઈ.સ. ૧૫૨૮માં બાબરના સેનાપતિ મીર બાકીએ બંધાવી હતી અને **એના માટે કોઈ મંદિર તોડવામાં આવ્યું ન હતું.**

★ **સુપ્રિમ કોર્ટે એ પણ સ્વીકાર્યું છે** કે મુસલમાન એક લાંબા અરસાથી ડિસેમ્બર–૧૯૪૯ સુધી મસ્જિદની ઈમારતમાં નમાઝ પઢતા રહ્યા અને બાબરી મસ્જિદ મુસલમાનોના કબજા તથા સંચાલન હેઠળ રહી.

★ કોર્ટે એ પણ માન્યું છે કે **ઈ.સ. ૧૯૪૯માં ગૈર કાનૂની તરીકાથી** મસ્જિદમાં મૂર્તિઓ રાખી દેવામાં આવી હતી જે **એક ગુનાહિત કૃત્ય** હતું.

★ **સુપ્રિમ કોર્ટે એ પણ સ્વીકાર્યું છે કે** ગુંબદની નીચેથી જમીનને જાઈઝ નાજાઈઝ કોઈ પણ સ્વરૂપમાં પૂજવામાં આવવુ સાબિત નથી. ૨૩–૨૪ ડિસેમ્બર ૧૯૪૯ની રાત દરમિયાનમાં બાબરી મસ્જિદમાં ચોરી છુપીથી મૂર્તિઓ રાખી દેવામાં આવી હતી. તે **અદાલતની નજરમાં કાનૂનની વિરૂધ્ધ વર્તન** તથા **એક ગુનાહિત કૃત્ય હતું.**

★ **સુપ્રિમ કોર્ટે પોતાના ફેંસલામાં સ્વીકાર્યું છે કે** ઈ.સ. ૧૯૯૨માં બાબરી મસ્જિદની શહાદત (તોડી પાડવું) **હિંદુસ્તાનના બંધારણની વિરૂધ્ધ વર્તન** હતું.

ઉપરોક્ત હકીકતો ઉપરાંત વિવિધ સાક્ષીઓ એવી છે જે બાબરી મસ્જિદના સમર્થનમાં સાબિતિ રૂપે રજૂ કરવામાં આવી ચૂકેલ છે. અને આ હકીકતથી ઈન્કાર ન કરવો જોઈએ કે **બાબરી મસ્જિદ કાનૂન તથા ઈન્સાફની નજરમાં મસ્જિદ છે, મસ્જિદ હતી, અને મસ્જિદ રહેશે.** ઈન્સાફ પ્રાપ્તિની લાંબી જિદ્દો જહેદ (કોશિશો) પછી પણ બાબરી મસ્જિદને ઈન્સાફ નથી મળતો, તો એનાથી મહાન બેઈન્સાફી તથા લાકાનૂનિયત અન્ય શી હોય શકે છે ? *(વહદત–દિલ્હી, ડિસેમ્બર–૨૦૧૯ માંથી સાભાર)*

# શું હુઝૂર ﷺ ને પોતાના અંજામની પણ ખબર ન હતી ?!

તંત્રી લેખ

આપને હેડિંગ વાંચીને આંચકો લાગ્યો હશે જો ખરેખર તમો અલ્લાહના સૌથી અધિક પસંદીદા રસૂલ હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺથી મહ્બ્બત ધરાવતા હશો તો ! પણ જાણી લો કે **ખરેખર આ વહાબી દેવબંદીઓનો અક઼ીદો છે, મુસલમાનોનો નહીં !** બદઅક઼ીદા વહાબી નજદી દેવબંદીઓનો અક઼ીદો છે કે, "હુઝૂર ﷺને પોતાના અંજામની ખબર ન હતી !" (મઆઝલ્લાહ !) કુર્આનેપાકમાં રબ તઆલાનું એલાન છે કે, عٰلِمُ الْغَيْبِ فَلَا يُظْهِرُ عَلٰى غَيْبِهٖٓ اَحَدًا ۝٢٦ اِلَّا مَنِ ارْتَضٰى مِنْ رَّسُوْلٍ "ગયબનો જાણનાર તો પોતાના ગયબ પર કોઈને માહિતગાર નથી કરતો, **સિવાય પોતાના પસંદીદા રસૂલોના**" *(સૂ. જિન, ૭૨/૨૬)* તો શું રબ તઆલાએ હુઝૂર ﷺને ક઼બરની, ક઼યામતની, જન્નતની, જહન્નમની સર્વ ગયબી ખબરો આપી અને ખુદ તેમના પોતાના અંજામથી જ બેખબર રાખ્યા ?! **કેટલો મનહૂસ અક઼ીદો છે** આ કાળા દિલવાળાઓનો !

## શું વહાબી દેવબંદીઓ કિતાબ "તક઼વિયતુલ ઈમાન"ને ગુમરાહ કરનાર કહેશે ?!

દેવબંદીઓને ત્યાં જાણે કુર્આન કરતાંય અધિક મહત્વ ધરાવતી એવી કોઈ કિતાબ હોય તો તે મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીની લખેલી કિતાબ "તક઼વિયતુલ ઈમાન" છે ! આ વાત પર યક઼ીન ન આવતુ હોય તો આ લેખનો શાંતિથી અભ્યાસ કરી લો. એ કિતાબમાં દેવબંદી મોલ્વી કુર્આન હદીષના ગલત અર્થો રજૂ કરતાં લખે છે કે :

> *અલ્લાહ તઆલા પોતાના બંદાઓ સાથે દુનિયામાં યા ક઼બ્રમાં કે આખિરતમાં જે વર્તાવ કરશે એની હક઼ીક઼ત અલ્લાહ તઆલા સિવાય કોઈ જાણતું નથી.* ***ન કોઈ નબી અને ન તો કોઈ વલી-બુઝુર્ગ આ હક઼ીકત જાણે છે. તેઓ જ્યારે પોતાની હાલત જાણતા નથી*** *તો બીજાની હાલત કેવી રીતે જાણી શકવાના હતા ?*
>
> *(તક઼વિયતુલ ઈમાન ગુજરાતી, અનુવાદક : હસન ભડકોદ્રવી પેજ-૮૦, પ્રકાશક : દારુલ ઉલૂમ કંથારીયા-ભરૂચ)*

**હવે ઠંડા દિલે વિચારો !** કે એ કેવો પોતાને મુસલમાન કહેનાર છે કે જેનો એ અક઼ીદો છે કે **જેનો હું કલમો પઢું છે તે નબીને પોતાના જ અંજામની ખબર નથી !** બીજાની વાત તો દૂર રહી. આ વાતનો અર્થ કેટલો ભયાનક છે વિચારો ! કોઈના અંજામથી મતલબ એ થાય છે કે **તેને કબરમાં અઝાબ થશે કે રાહત હશે ? ક઼યામતમાં શું અંજામ થશે ? જન્નત મળશે કે જહન્નમ ?! ક઼યામતમાં કઈ હાલતમાં તે હશે?! અઝાબમાં સપડાયેલો હશે કે અઝાબ મુક્ત હશે ?!** "અંજામ" શબ્દનો અર્થ કરવા જાવ તો ક઼બ્રમાં, આખેરતમાં જેટલા અઝાબ તથા સવાબની મંઝિલો છે, પુલસિરાત પર શું અંજામ થશે ? મીઝાને અમલમાં શું અંજામ થશે ?!...વગેરે વગેરેથી બલ્કે પોતાનો ખાત્મો કેવો થશે ?! એ પણ એમાં આવી ગયું. આ કહેવાતો મુસલમાન કહે છે કે હુઝૂર ﷺને પોતાની જ હાલતની ખબર નથી !

ઉપરોક્ત કુર્આની આયતમાં તો આપે જોઈ લીધું કે **"અલ્લાહ પોતાના પસંદીદા રસૂલોને ગયબનો ઈલ્મ આપે છે."** હવે અલ્લાહના સૌથી પસંદીદા રસૂલ કોણ ? યક઼ીનન ! આપણા જ નબી ﷺ રબને સૌથી પસંદીદા છે, તો પછી સૌથી વધુ ઈલ્મે ગયબ આપણા જ નબી ﷺને અલ્લાહે આપ્યો. ક઼બર ગયબ છે, ક઼યામત ગયબ છે, પુલસિરાત ગયબ છે, જન્નત તથા જહન્નમના ફૈંસલા ગયબ છે, તો આ બધું તો હુઝૂર ﷺએ રબથી જાણીને ઉમ્મતને બતાવ્યું ! પછી **હુઝૂર ﷺના ઈલ્મને પોતાના તરફથી એટલો ઘટાડવો એટલો ઘટાડવો કે નબીને ખુદ પોતાના જ અંજામની ખબર ન હોય !** આ તેમની બેવકૂફી, રસૂલ દુશ્મની તથા દિલની કાળાશને જાહેર નથી કરતું ?!

કુર્આનની બીજી એક આયત કે જે વહાબી દેવબંદીઓની નજરે નથી ચડતી તે એ કે રબ ફર્માવે છે : وَعَلَّمَكَ مَا لَمْ تَكُنْ تَعْلَمُ ۚ وَكَانَ فَضْلُ اللّٰهِ عَلَيْكَ عَظِيْمًا ﴿۱۱۳﴾ "અને તમને **શિખવાડી આપ્યું જે કાંઈક પણ તમે ન જાણતા હતા,** અને **અલ્લાહનો** તમારી ઉપર **મહાન ફઝ્લ** છે." *(સૂ. નિસાઅ, આ. ૧૩)*

હુઝૂર ﷺ વિશે વહાબી દેવબંદીઓ પોતાના અક઼ીદા પ્રમાણે જાહેર કરી આપે છે કે હુઝૂર આ ન જાણતા હતા, આ ન જાણતા હતા... વગેરે, પણ કુર્આનની એક જ આયત તેમના બદઅક઼ીદાને રદ બાતલ કરી રહી છે અને કુર્આન જાહેર કરી રહ્યું છે કે **હુઝૂરને એ બધુ જ જણાવી દેવામાં આવ્યું જે આપ જાણતા ન હતા!** તો અલ્લાહે તેમને પોતાના અંજામની પણ જાણ કરી જ દીધી છે એ પુરવાર થઈ ગયું. તો હવે કહેવું પડશે કે આ બદઅક઼ીદાઓનો અક઼ીદો કુર્આન વિરૂધ્ધ છે કે હુઝૂર ﷺને પોતાના અંજામની ખબર ન હતી.

વધુ એક જગાએ કુર્આનમાં ફર્માને રબ છે : مَا فَرَّطْنَا فِي الْكِتٰبِ مِنْ شَيْءٍ "અમે આ કિતાબમાં કશુ બાકી નથી રાખ્યું." *(સૂ. અન્આમ, આ.૩૮)* એટલે કે દરેક ચીજનું એમાં વર્ણન છે. કુર્આન હુઝૂર ﷺ પર ઉતર્યું અને સૌથી વધુ એને જ આપે સમજ્યુ તો આપની સમક્ષ બધુ જ જાહેર થઈ ગયું. છતાં કોઈ આટલા મહાન નબી વિશે કહે કે નબીને પોતાના જ અંજામની ખબર નથી, એ કુર્આનનો મુન્કિર ન થશે ?! તમે જ વિચારી લો.

## હુઝૂર ﷺના ઈલ્મ વિશે હદીષો જે બદઅક઼ીદાઓને નથી દેખાતી !

★ આપ ﷺએ ફર્માવ્યું : "જે રીતે હું આગળ જોઉં છું એ જ પ્રમાણે હું પાછળ પણ જોઉં છું."
*(મુસ્લિમ શરીફ, ૧૧૬/૨)*

★ "આપ ﷺ જન્નત તથા દોઝખને (દુનિયામાં જ ) જોઈ રહ્યા હતા." *(મુસ્લિમ શરીફ, ૧૮૦/૨)*

★ "આપ જન્નત તથા દોઝખમાં જનારા દરેક વ્યક્તિને તેના નામ સાથે જાણે છે." *(મિશ્કાત શરીફ, પેજ–૧૯)*

★ "જ્યારે એક વ્યક્તિએ આપ ﷺની પાક મેહફિલમાં કે શું તે (વ્યક્તિ પોતે) જન્નતમાં જશે કે દોઝખમાં ? આપ ﷺએ તુરંત ફર્માવ્યું, તું દોઝખમાં જઈશ. *(બુખારી શરીફ, ૮૫૫)*

★ "મારી સંપૂર્ણ ઉમ્મત પોતાના તમામ નેક તથા બુરા અમલોની સાથે મારી સમક્ષ રજૂ કરવામાં આવી."
*(મુસ્લિમ શરીફ, ૧/૨૦૭, અંબાઉલ મુસ્તફા–૯, મુસ્નદે અહમદના હવાલાથી)*

★ રસૂલુલ્લાહ ﷺએ એકવાર અમારા દરમિયાન ઉભા થઈને ત્યારથી લઈને ક઼યામત સુધી જે કાંઈ પણ થવાનું હતું સર્વ બયાન કરી આપ્યું તથા કોઈ વસ્તુ બાકી ન રાખી. જેને યાદ રહ્યું તેને રહ્યું અને જે ભૂલી ગયો તે ભૂલી ગયો. *(અંબાઉલ મુસ્તફા–૭, બુખારી, મુસ્લિમ, મુસ્નદે અહમદના હવાલાથી)*

★ "ન છોડયા અલ્લાહના રસૂલ ﷺએ દુનિયાના અંત સુધી કોઈ ફિત્ના કરનારને (ફસાદ ફેલાવનારને) પરંતું અમને તે ફિત્નો કરનારનું નામ, તેના બાપનુ નામ તથા તેના કબીલાનું નામ પણ બતાવી આપ્યું.

*(મિશ્કાત, બાબુલ ફિતન)*

★ "૧૭ રમઝાનુલ મુબારક હિ.સ. ૨, ઈ.સ. ૬૨૪માં ગઝવએ બદરનો બનાવ ઉપસ્થિત થયો. જંગ શરૂ થતા પહેલાં જ જંગના મેદાનમાં પોતાના પવિત્ર હાથ વડે ઈશારો કરી કતલ થનારા ઈસ્લામના દુશ્મનોની નિશાની દર્શાવી કે ફલાણો દુશ્મન આ જગ્યાએ કત્લ કરવામાં આવશે, ફલાણો આ જગાએ. જ્યારે જંગ પૂરી થઈ તો જે દુશ્મન માટે (કત્લ થવાની) પોતાના દસ્તે મુબારક વડે જે જગ્યાની નિશાની બતાવી હતી તે વ્યક્તિ ત્યાં જ પડેલો મળ્યો, એક ઈંચ પાછળ પણ નહીં આગળ પણ નહીં.

*(મુસ્લિમ શરીફ, ભાગ–૨, કિતાબુલ જેહાદ)*

વિચારો ! શું નથી બતાવ્યું હુઝૂર ﷺએ ?! કુર્આન જ્યારે કહે છે કે : وَمَا هُوَ عَلَى الْغَيْبِ بِضَنِينٍ "અને તેઓ ગયબની વાતો બતાવવામાં કંજૂસ નથી." (સૂરએ તકવીર, આ. ૨૪) તો પછી **મુસલમાનો તમે કોનુ માનશો કુર્આનનું, હદીષનું, સહાબીનું કે વહાબીનું ?!** આ બદઅકીદાઓ કુર્આન હદીષને જાણે અવગણીને પોતાના પ્રિય ધર્મ પુસ્તક "તકવિયતુલ ઈમાન" પર અડગ છે અને કહે છે કે, "હુઝૂર ﷺને પોતાના જ અંજામની ખબર ન હતી !" **શું આટલી સ્પષ્ટતા પછી પણ વહાબી દેવબંદીઓ કહેશે કે 'તકવિયતુલ ઈમાન' કુર્આન હદીષનું ગલત અર્થઘટન રજૂ કરી મુસલમાનોને ગુમરાહ કરનાર કિતાબ છે !**

## જો "તકવિયતુલ ઈમાન" જ સાચી છે તો કુર્આન હદીષને શું કહેશો ?!

**જો તકવિયતુલ ઈમાનની એ વાત સાચી માની લેવામાં આવે તો એ તમામ હદીષો તથા આયતોનો ઈન્કાર લાઝિમ થશે જેનામાં ફર્માવવામાં આવ્યું કે અલ્લાહે આપને ફતહે મુબીન અતા ફર્માવી, આપના ગુલામોને જન્નતમાં દાખલ ફર્માવશે, તેમને જમીનમાં ખિલાફત અતા ફર્માવશે, જમીનના વારિસ બનાવશે. અને હુઝૂર ﷺએ ફર્માવ્યું, મારી ઉમ્મત ઈરાન, શામ (સીરિયા), પેલેસ્ટાઈન ફતહ કરશે, મને જમીનના સર્વ ભાગો પશ્ચિમ તથા પૂર્વ દેખાડવામાં આવ્યા છે, હું સૌથી પ્રથમ જન્નતનો દરવાજા ખટખટાવીશ, સૌ પ્રથમ હું જન્નતમાં જઈશ, અને મારી સાથે સિત્તેર હજાર મારા ઉમ્મતી હશે.** "તકવિયતુલ ઈમાન"ના લેખકને હદીષોના અંબારમાંથી કેવળ એ જ હદીષ દેખાયી અને આ પુષ્કળ પ્રમાણમાં રહેલી આયતો તથા હદીષો ન દેખાયી ! વાત એ જ છે કે અલ્લાહના મહબૂબ બંદાઓની મહાનતા તથા મર્તબા ઘટાડવાની નિય્યતથી તે લખવામાં આવી છે.

**દેવબંદી મોલ્વી અન્વરશાહ કશ્મીરી મહાશયની પકડ :** કશ્મીરી મહાશયની એ હિંમત તો ન થઈ કે પોતાના ઈમામ (દહેલ્વી)ની પૂરી વાત લખી શકે, **લાચારવશ એ લખવું પડયું કે હુઝૂરે અકદસ ﷺ એ તો જાણતા હતા કે તેમની સાથે શો મામલો કરવામાં આવશે ! પણ ટૂંકાણમાં જાણતા હતા, વિગતવાર જાણકારી ન હતી.** એટલા માટે હુઝૂરને સુકૂન નસીબ ન થયું, હમેશાં ચિંતિત, બેચૈન, ગમગીન, **આખેરતના મામલામાં ચિંતાતુર રંજમય રહેતા હતા.** *(ફયઝુલ બારી, ૨/૪૪૫)*

**انا لله و انا اليه راجعون** આ વાત એ શખ્સની છે જેને તેના (દેવબંદી) ચાહકો ૧૪મી સદીનો મહાન મોહદ્દિષ તથા મુફસ્સિર માને છે ! એને હદીષની શરહ કર્તાઓના (ખુલાસો કરનારાઓના) આદેશો નજર ન આવે તો ઓછી શિકાયતની વાત છે પણ **તેને સૂરએ કૌષર, સૂરએ વદુહ઼ા, સૂરએ ફતહ પણ નજર ન આવી ?!** હદીષોના તે ઈર્શાદો ન દેખાયા કે ફર્માવ્યું :–

**انا سيد ولد آدم يوم القيامة و لا فخر و بيدى لواء الحمد و لا فخر وما من نبى يومئذ آدم و من سواه الا تحت لوائى۔ اول شافع و اول مشفع يوم القيامة و لا فخر و انا اول من يحرك حلق الجنة فيفتح الله لى فيدخلنيها و معى فقراء المؤمنين و لا فخر و انا اكرم الاولين علىٰ الله و لا فخر۔۔۔**

**"હું ક઼યામતના દિવસે આદમની ઔલાદનો સરદાર હોઈશ અને આ ફખ્ર નથી. અને લિવાએ હમ્દ મારા હાથમાં હશે અને આ ફખ્ર નથી. આદમ અને તમામ અંબિયા મારા ઝંડા નીચે હશે અને આ ઘમંડ નથી. હું પ્રથમ શફાઅત કરનાર હોઈશ, પ્રથમ તે શખ્સ હોઈશ જેની શફાઅત ક઼બૂલ થશે અને આ ફખ્ર નથી. હું પ્રથમ વ્યક્તિ હોઈશ જે જન્નતની સાંકળ હલાવીશ તો મારા માટે જન્નત ખોલવામાં આવશે તો હું તેમાં દાખલ થઈશ અને મારી સાથે ગરીબ મુસલમાનો હશે, અને આ ફખ્ર નથી. અને હું અલ્લાહની સમક્ષ સૌ અવ્વલીન તથા આખરીનથી અધિક ઈજ્જતવાન છું, અને આ ફખ્ર નથી.** *(મિશ્કાત, બાબ ફઝાઈલે સૈયદુલ મુરસલીન ﷺ, પેજ : ૫૧૩, બહવાલા તિર્મિઝી, દારમી)* અને ફર્માવ્યું :

**انا اول الناس خروجا اذا بعثوا و انا قائدهم اذا وفدوا و انا خطيبهم اذا انصتواوانا مستشفعهم اذا حبسوا وانا مبشرهم اذا يئسواو الكرامة و المفاتيح يومئذ بيدى و انا اكرم ولد آدم علىٰ ربى يطوف على الف خادم كانهم بيض مكنون او لؤ لؤ منثور۔**

**"લોકોને જ્યારે ક઼બ્રોથી ઉઠાડવામાં આવશે તો સૌ પ્રથમ હું ઉઠીશ અને જ્યારે ખુદાની બારગાહમાં હાજર થશે તો હું તેમનો સરદાર હોઈશ. અને જ્યારે સૌ ચૂપ હશે ત્યારે હું તેમનો તર્જુમાન (પ્રવક્તા) થઈશ. અને જ્યારે સૌને રોકવામાં આવશે તો હું તેમનો શફીઅ (શફાઅત કરનાર) થઈશ. અને જ્યારે સૌ નિરાશ થશે ત્યારે હું તેઓને ખુશખબરી આપીશ. ઈજ્જત અને કૂંચીઓ એ દિવસે મારા હાથમાં હશે, અને લિવાએ હમ્દ એ દિવસે મારા હાથમાં હશે અને હું મારા રબની સમક્ષ આદમની સર્વ ઔલાદ કરતાં ઈજ્જતવાન છું. મારી આસપાસ હજાર ખાદિમ હશે જાણે તે છુપાયેલાં ઈંડાં છે અથવા વિખરાયેલાં મોતીઓ."**

*(મિશ્કાત, બાબ ફઝાઈલે સૈયદુલ મુરસલીન ﷺ, પેજ : ૫૧૩, બહવાલા તિર્મિઝી, દારમી)*

(વિચારો !) જેનામાં જરા પણ બુદ્ધિ હશે, ઈમાન હશે તે કદી એવું કહી શકે છે કે જે મહાન ખૂબીઓવાળી જાતના આ કથનો છે તે પોતાના પરિણામ (અંજામ)ના બારામાં ચિંતિત, રંજમય તથા બેચૈન હોય ?! પણ **વહાબિયતના ઝહેરથી અલ્લાહ બચાવે.**

ઈમાનની વાત તો એ છે જે હઝરત શયખ અબ્દુલ હક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે : **"એ દિવસે જાહેર થઈ જશે કે હુઝૂર ﷺ "માલિકિ યવમુદ્દીન'ના નાયબ છે, દિવસ તેમનો દિવસ છે અને હુકમ તેમનો હુકમ છે, રબ્બુલ આલમીનના હુકમથી."**

*(નુઝહતુલ ક઼ારી શરહે સહીહ બુખારી, ભાગ–૪, બહવાલા મદારિજુન્નબુવ્વત, મનકુલ અઝ અલ્અમ્નુ વલઉલા, પેજ : ૬૧)*



## કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

**સૂરએ નિસાઅ્ મદીના તય્યિબામાં ઉતરી, એમાં ૧૭૬ આયતો, ૨૪ રૂકૂઅ છે.**

يُرِيْدُ اللّٰهُ اَنْ يُّخَفِّفَ عَنْكُمْ ۚ وَ خُلِقَ الْاِنْسَانُ
ضَعِيْفًا ﴿۲۸﴾ يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَاْكُلُوْۤا اَمْوَالَكُمْ بَيْنَكُمْ
بِالْبَاطِلِ اِلَّاۤ اَنْ تَكُوْنَ تِجَارَةً عَنْ تَرَاضٍ مِّنْكُمْ ۫ وَ لَا
تَقْتُلُوْۤا اَنْفُسَكُمْ ؕ اِنَّ اللّٰهَ كَانَ بِكُمْ رَحِيْمًا ﴿۲۹﴾ وَ مَنْ
يَّفْعَلْ ذٰلِكَ عُدْوَانًا وَّ ظُلْمًا فَسَوْفَ نُصْلِيْهِ نَارًا ؕ وَ كَانَ
ذٰلِكَ عَلَى اللّٰهِ يَسِيْرًا ﴿۳۰﴾ اِنْ تَجْتَنِبُوْا كَبَآىِٕرَ مَا تُنْهَوْنَ
عَنْهُ نُكَفِّرْ عَنْكُمْ سَيِّاٰتِكُمْ وَ نُدْخِلْكُمْ مُّدْخَلًا
كَرِيْمًا ﴿۳۱﴾ وَ لَا تَتَمَنَّوْا مَا فَضَّلَ اللّٰهُ بِهٖ بَعْضَكُمْ عَلٰى
بَعْضٍ ؕ لِلرِّجَالِ نَصِيْبٌ مِّمَّا اكْتَسَبُوْا ؕ وَ لِلنِّسَآءِ
نَصِيْبٌ مِّمَّا اكْتَسَبْنَ ؕ وَ سْـَٔلُوا اللّٰهَ مِنْ فَضْلِهٖ ؕ اِنَّ اللّٰهَ
كَانَ بِكُلِّ شَیْءٍ عَلِيْمًا ﴿۳۲﴾ وَ لِكُلٍّ جَعَلْنَا مَوَالِیَ مِمَّا تَرَكَ
الْوَالِدٰنِ وَ الْاَقْرَبُوْنَ ؕ وَ الَّذِيْنَ عَقَدَتْ اَيْمَانُكُمْ

## સૂરએ નિસાઅ્ની તફસીર

અલ્લાહ ઈચ્છે છે કે તમારા પર હળવાશ કરે[૧૭] અને માનવી અશક્ત બનવાવામાં આવ્યો (છે)[૧૮] (૨૮) હે ઈમાનવાળાઓ ! અંદરો અંદર એકબીજાનો માલ હક્ક વગર ન ખાવ[૧૯], પણ એ કે કોઈ સોદો તમારી અંદર અંદરની રાજી ખુશીનો હોય[૨૦], અને પોતાના પ્રાણોને કત્લ ન કરો[૨૧], નિઃશંક ! અલ્લાહ તમારા પર કૃપાળુ છે (૨૯) અને જે જુલ્મ અને અત્યાચારથી એવું કરશે તો નજીકમાં જ અમે તેને અગ્નિમાં નાખીશું અને અલ્લાહને એ સહેલું છે (૩૦) **જો મોટા ગુનાહોથી બચતા રહેશો જેની તમને મનાઈ છે[૨૨] તો તમારા બીજા ગુનાહ[23] અમે માફ કરી દઈશું, અને તમને ઈજ્જતના સ્થાને દાખલ કરીશું** (૩૧) અને તેની ઝંખના ન કરો જે દ્વારા અલ્લાહે તમારામાં એકને બીજા પર શ્રેષ્ઠતા આપી[૨૪], પુરૂષો માટે એમની કમાણીમાંથી ભાગ છે, અને સ્ત્રીઓ માટે એમની કમાણીમાંથી હિસ્સો[૨૫] (છે) અને અલ્લાહ પાસે તેનો ફઝલ માગો, બેશક ! અલ્લાહ બધું જ જાણે છે (૩૨) અને અમે બધાં માટે માલના હક્કદાર બનાવી દીધાં છે, જે કાંઈ છોડી જાય, મા, બાપ અને રિશ્તેદારો અને તે જેમની સાથે તમારું વચન

فَاٰتُوْهُمْ نَصِیْبَهُمْ ؕ اِنَّ اللّٰهَ كَانَ عَلٰى كُلِّ شَیْءٍ شَهِیْدًا۠ (۳۳)
اَلرِّجَالُ قَوّٰمُوْنَ عَلَى النِّسَآءِ بِمَا فَضَّلَ اللّٰهُ بَعْضَهُمْ عَلٰى
بَعْضٍ وَّ بِمَاۤ اَنْفَقُوْا مِنْ اَمْوَالِهِمْ ؕ فَالصّٰلِحٰتُ قٰنِتٰتٌ
حٰفِظٰتٌ لِّلْغَیْبِ بِمَا حَفِظَ اللّٰهُ ؕ وَ الّٰتِیْ تَخَافُوْنَ نُشُوْزَهُنَّ
فَعِظُوْهُنَّ وَ اهْجُرُوْهُنَّ فِی الْمَضَاجِعِ وَ اضْرِبُوْهُنَّ ۚ فَاِنْ
اَطَعْنَكُمْ فَلَا تَبْغُوْا عَلَیْهِنَّ سَبِیْلًا ؕ اِنَّ اللّٰهَ كَانَ عَلِیًّا
كَبِیْرًا (۳۴)

બંધાઈ ચૂક્યું[૨૬] તેમને તેમનો હિસ્સો આપો, બેશક ! દરેક વસ્તુ અલ્લાહની સામે છે (૩૩) પુરૂષો સ્ત્રીઓ પર ઉપરી છે[૨૭], એટલા કારણે કે અલ્લાહે એમનામાં એકને બીજા પર શ્રેષ્ઠતા આપી[૨૮], અને એટલા માટે કે પુરૂષોએ તેણીઓ પર પોતાના માલ ખર્ચ્યા[૨૯], તો નેકબખ્ત સ્ત્રી અદબવાળી છે, પતિ પાછળ જાળવણી રાખે છે[૩૦] જે રીતે અલ્લાહે જાળવણીનો હુકમ આપ્યો, અને જે સ્ત્રીઓ વિશે હુકમનું ઉલ્લંઘન કરવાનો તમને ભય હોય[૩૧] તો તેણીઓને સમજાવો અને એવીઓથી જુદા સૂઓ, અને એવીઓને મારો[૩૨], પછી જો તેણીઓ તમારા કહ્યામાં આવી જાય તો તેણીઓ પર વધારે (પગલાં લેવા)નો કોઈ માર્ગ ન ઈચ્છો, બેશક ! અલ્લાહ ઉચ્ચ મહાન છે[33] (૩૪)

## :: સમજૂતી ::

**૧૭** : અને પોતાના ફઝલથી સહેલા હુકમો આપો.

**૧૮** : તેને સ્ત્રીઓ અને વાસનાથી બચવું કપરૂ છે, સૈયદે આલમ ﷺએ હદીષમાં ફર્માવ્યું છે કે, ''સ્ત્રીઓમાં સારા નથી, અને તેણીઓ વગર ચાલી શકે એમ પણ નથી, તેણીઓ સારા માણસને દબાવી દે છે, અને ખરાબ માણસો તેણીઓને દબાવી દે છે.

**૧૯** : ચોરી, પચાવી પાડવું, આંચકી લેવું, જૂગાર, વ્યાજ વગેરે જેટલી હરામ રીતો છે, તે બધી જ નાહક્ક છે, એ તમામની જ મનાઈ છે.

**૨૦** : તે તમારા માટે હલાલ છે.

**૨૧** : એવા કાર્યો કરીને જે દુનિયા અને આખેરતમાં વિનાશના કારણ રૂપ હોય, એમાં મુસલમાનનું ખૂન કરવાની મનાઈ પણ આવી ગઈ, (કારણ કે) મો'મિનનું ખૂન કરવું પોતાનો નાશ કરવા બરાબર છે, કારણ કે બધા મો'મિન એક જ વ્યક્તિની જેમ છે.

**મસ્અલો** : આ આયતથી આપઘાતનું હરામ હોવું પણ સાબિત થયું (અને એ પણ પુરવાર થયું કે) મનેચ્છાને આધિન થઈ હરામ કૃત્યુ કરવું પણ પોતાનો નાશ કરવા સમાન છે.

**૨૨** : અને જેના માટે વઈદ અર્થાત અઝાબની ચેતવણી આપવામાં આવી, જેમ કે ખૂન કરવું, ચોરી કરવી વગેરે.

**૨૩** : એટલે કે સગીરા ગુનાહ.

**મસ્અલો** : કુફ્ર અને શિર્ક માફ કરવામાં નહીં આવે, જો આદમી તેના પર જ મર્યો હશે તો, (ખુદાની પનાહ) બીજા તમામ ગુનાહો સગીરા હોય કે કબીરા તે અલ્લાહની મરજી પર આધારિત છે, ઈચ્છે તો તેના કારણે અઝાબ કરે, ઈચ્છે તો માફ કરી દે.

**૨૪** : દુનિયાની હોય કે દીનની, જેથી અંદરો અંદર હસદ અને અદેખાઈને જ જન્મે. હસદ ઘણી ખરાબ ટેવ છે, હસદખોર બીજાને જયારે સારી સ્થિતિમાં જુએ છે, ત્યારે પોતાના માટે તેની તમન્ના કરે છે. પણ સાથે જ એવું ઈચ્છે છે કે તેનો ભાઈ એ નેઅમતથી વંચિત રહે, આની મનાઈ છે, બંદાને જોઈએ કે તકદીર પર રાજી રહે, તેણે જે બંદાને જે શ્રેષ્ઠતા આપી ભલે પછી તે માલદારી અને દોલતની હોય કે દીની મર્તબા અને ઉચ્ચતાની હોય, એ તેની હિકમત મુજબ છે.

**શાને નુઝૂલ** : જયારે لِلذَّكَرِ مِثْلُ حَظِّ الْاُنْثَيَيْنِ (પુરૂષ માટે બે સ્ત્રીઓનો હિસ્સો છે. *સૂરએ નિસાઅ્, ૪/૧૧*) ઉતરી. અને મૈયતના વારસામાં પુરૂષનો હિસ્સો સ્ત્રી કરતાં ડબલ નક્કી થયો, ત્યારે પુરૂષોએ કહ્યું કે અમને આશા છે કે આખેરતમાં નેકીઓનો સવાબ પણ અમને સ્ત્રીઓ કરતાં ડબલ મળશે, અને સ્ત્રીઓએ કહ્યું કે અમને આશા છે કે ગુનાહોની સજા અમને પુરૂષો કરતાં અડધી મળશે, તે બાબત આ આયત ઉતરી, એમાં જ જણાવાયું કે અલ્લાહ તઆલાએ જેને ફઝીલત આપી તે ખાસ હિકમતને અનુરૂપ છે, બંદાને જોઈએ કે તેના ફેંસલા પર રાજી રહે.

**૨૫** : દરેકને તેના આમાલનો બદલો.

**શાને નુઝૂલ** : ઉમ્મુલ મો'મિનીન હઝરત ઉમ્મે સલ્મા رضی اللہ عنہاએ ફર્માવ્યું, "અમે પણ જો પુરૂષો હોત તો જેહાદ કરતે, અને પુરૂષોની જેમ જાન ન્યોચ્છાવર કરવાનો મહાન સવાબ મેળવતે." ત્યારે આ આયત ઉતરી, અને તેમને સાંત્વન આપવામાં આવ્યું કે પુરૂષો જેહાદથી સવાબ મેળવી શકે છે તો સ્ત્રીઓ પતિઓની સેવા અને પાક દામન રહીને સવાબ પ્રાપ્ત કરી શકે છે.

**૨૬** : આ વચન એટલે "અક઼દે મવાલાત." એની રીત એ છે કે કોઈ ગુમનામ વંશનો માણસ (અર્થાત ન તેના પિતા વિશે કોઈ માહિતી હોય, ન તેના વાલી વારસોમાં કોઈ દાવેદાર હોય) બીજા માણસને કહે કે તું મારો વાલી છે, જો હું મૃત્યુ પામું તો તું મારો વારસદાર બનીશ, અને જો હું કોઈ જનાયત (એવું ગુનાહિત કાર્ય જેનાથી લાગુ પડે) કરું તો તારે દિયત (દંડ અથવા બદલો) આપવો પડશે, પેલાએ કહ્યું, "મેં ક઼બૂલ કર્યું" એવી રીતે એ વચનથી બંધાઈ જશે. સ્વીકારનાર વારસદાર પણ બની જાય છે, અને દિયત પણ તેના માથે આવી પડે છે, અને જો બીજો પણ એની જેવો જ મજહુલુન્નસબ હોય, અને એવું જ કહે અને આ પણ, સ્વીકારી લે, તો એમનામાં દરેક એક બીજાનો વારસદાર અને એક બીજાની દિયતનો જવાબદાર ઠરશે, આ અક઼દ (પરસ્પરના ક઼રાર અથવા વચન) સાબિત (પુરવાર થયેલ) છે, સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین એને માનતા હતા.

**૨૭** : માટે સ્ત્રીઓને તેમનું આજ્ઞાંકિત રહેવું આવશ્યક છે, અને પુરૂષોને હક઼ છે કે તેઓ સ્ત્રીઓ પર (પોતાની) જનતાની જેમ (એક લીડરને અનુરૂપ એવું) ઉપરવટું કરે, અને તેણીઓના હિતો તેમજ (જીવન) વ્યવસ્થાને લગતા કાર્યો, કેળવણી અને હિફાઝતનો બંદોબસ્ત કરે.

**શાને નુઝૂલ** : હઝરત સઅદ બિન રબીએ પોતાની પત્નીને કોઈ ભૂલ બદલ તમાચો માર્યો, તેણીના પિતા તેણીને સૈયદે આલમ ﷺની સેવામાં લઈ ગયા, અને તેણીના પતિની ફરિયાદ કરી, તે બાબત આ આયત ઉતરી.

**૨૮** : અર્થાત પુરૂષોને સ્ત્રીઓ પર બુદ્ધિ અને ચતુરાઈ, જિહાદ અને નબુવ્વત, ખિલાફત અને ઈમામત, અઝાન અને ખુત્બા, જમાઅત અને જુમ્અહ, તકબીર અને તશરીક, સજા થાય તેવો અને ખૂનનો બદલો માગતા કેસોની સાક્ષી અને વધુ પેજ 43 પર..

**અઝ** : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

*કાર્યાલય*

## باب المساجد و مواضع الصلوٰة (બાબુલ્ મસાજિદ વ મવાદ્દિઉસ્સલાત)

## મસ્જિદો તથા નમાઝના સ્થળોનું વર્ણન[1]

**૧.** મસ્જિદનો શાબ્દિક અર્થ છે સજદાગાહ, પણ શરીઅતમાં તે જગા મસ્જિદ છે જે નમાઝના માટે વક્ફ હોય તે. હદીષ શરીફમાં છે કે સર્વ જમીન મારા માટે મસ્જિદ છે, એનો અર્થ એ છે કે દરેક જગાએ નમાઝ જાઈઝ છે. પહેલાંના દિવસોમાં ઈબાદતખાનાઓ સિવાય ક્યાંય નમાઝ થતી ન હતી. નમાઝના સ્થળોથી મુરાદ તે જગા છે જ્યા નમાઝ મકરૂહ કે ગૈર મકરૂહ છે. યાદ રાખશો કે ઘરમાં બનાવેલી મસ્જિદ અફઝલ છે પણ તે વક્ફ નથી.

*હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, જ્યારે કા'બા શરીફમાં દાખલ થયા[1] તો તેના ખૂણાઓમાં દુઆ માગી અને નમાઝ પઢી[2] ત્યાં સુધી કે ત્યાંથી તશરીફ લઈ આવ્યા. જ્યારે નીકળ્યા તો બે રકાતો કા'બાની સામે પઢી[3] અને ફર્માવ્યું, આ ક઼િબ્લો છે[4]. (બુખારી) અને મુસ્લિમે એમનાથી જ રિવાયત ઓસામા બિન ઝયદે રિવાયત કરી.*

**૧.** એટલે કે ફતહે મક્કાના દિવસે પ્રથમ તો કા'બા શરીફથી મૂર્તિઓ કાઢવામાં આવી, પછી તેને આબે ઝમઝમથી ધોવામાં આવ્યા. પછી હુઝૂર صلی اللہ علیہ وسلم એમાં તશરીફ લઈ ગયા. યાદ રાખશો કે કા'બા મોઅઝ્ઝમા તથા મસ્જિદે હરામ શરીફ સર્વ મસ્જિદો બલ્કે અર્શે ઈલાહીથી વધીને છે. *(મિર્ક઼ાત)*

**૨.** સહીહ એ છે કે હુઝૂરે અન્વર صلی اللہ علیہ وسلم એ એ દિવસે ત્યાં નમાઝ પઢી છે. હઝરત ઈબ્ને અબ્બાસને એની ખબર ન થઈ, કેમ કે એ વખતે આપ હુઝૂર صلی اللہ علیہ وسلم ની સાથે ન હતા. આગળ હઝરત બિલાલની રિવાયત આવી રહી છે કે આપે ત્યાં નમાઝ પઢી અને તે એ સમય સુધી હુઝૂરે અન્વર صلی اللہ علیہ وسلم ની સાથે હતા. એમની ખબર જોઈને છે અને તેમની સાંભળેલી છે. તેમજ આ રિવાયતમાં નમાઝની નફી (નકાર) છે અને ત્યાં સાબિત છે, અને તઆરુઝ (વિરોધાભાસ)ના સમયે સાબિતીને અગ્રતા આપવામાં આવે છે.

**૩.** કેમ કે કા'બા તરફ મોં કરીને ન એ તરફ પીઠ કરીને ન કરવટ લઈને.

**૪.** એટલે કે ક઼યામત સુધી કા'બા મુસલમાનોનો ક઼િબ્લો થઈ ચૂક્યો, કદી મન્સૂખ થશે નહીં. એમાં બારીક નિર્દેશ એ તરફ પણ થઈ રહ્યો છે કે કા'બાનો દરેક હિસ્સો ક઼િબ્લો છે, સઘળો કા'બા નમાઝીના સામે હોવો જરૂરી નથી. કા'બાની અંદર નમાઝી અમુક હિસ્સાની તરફ પીઠ કરે છે અને અમુકની તરફ મોં, છતાં નમાઝ થઈ જાય છે. યાદ રાખશો કે કા'બા ત્યાંના વાતાવરણનું નામ છે જે જમીનથી આસ્માન સુધી છે, ન કે દીવાલોનું નામ. જુઓ પહાડ પર અથવા ભોંય

તળિયે નમાઝ પઢવાની સ્થિતિમાં કા'બાની દીવાલ નમાઝીની સામે ન થશે, પણ નમાઝ દુરુસ્ત થશે. જેથી આ હદીષ હનફીઓની વિરૂધ્ધ નથી.

*રિવાયત છે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી કે નબી કરીમ ﷺ તથા ઓસામા ઈબ્ને ઝયદ તથા ઉષ્માન અબૂ તલ્હા જજબી[૧] અને બિલાલ ઈબ્ને રિબાહ કાબામાં દાખલ થયા અને આપના પર કા'બાને બંધ કરી લેવામાં આવ્યો[૨] એમાં થોડાક રોકાયા, જ્યારે તશરીફ લાવ્યા તો મેં બિલાલને પૂછ્યું કે નબી કરીમ ﷺ એ શું કર્યું? તો ફર્માવ્યું, એક થાંભલો પોતાની ડાબી બાજુ અને બે થાંભલા પોતાની જમણી બાજુ અને ત્રણ થાંભલા પોતાની પાછળ રાખ્યા. કા'બા તે દિવસે છ થાંભલાઓ પર હતો[૩]. (મુસ્લિમ, બુખારી)*

**૧.** આપ અબ્દરી કુર્શી જહીમી છે. કુબીલા બની શયબાથી છે. કા'બા શરીફના કલીદ બરદાર (ચાવી ધરાવનાર) છે. ફતહે મક્કાના દિવસે હુઝૂર ﷺ એ તેમને કા'બાની ચાવી આપીને ફર્માવ્યું : خُذْهَا خَالِدَةً تَالِدَةً "આ ચાવી લો ! હવે હમેશાં તમારી પાસે જ રહેશે." જેમ કે આજ સુધી કા'બાની ચાવી એમની જ ઔલાદમાં છે, અને ઈન્શાઅલ્લાહ ! કયામત સુધી રહેશે કે ન કદી તેમનો નસલ (વંશવેલો) ખત્મ થશે અને ન કોઈ જાલિમ બાદશાહ તેમનાથી છીનવી શકશે. અને હજ્જાજ જેવા જાલિમોએ પણ એ ચાવીને હાથ ન લગાડયો. હિ.સ. ૪૨માં વફાત પામ્યા.

**૨.** હઝરત બિલાલે અથવા ઉષ્માને અંદરથી સાંકળ મારી દીધી જેથી લોકોની ભીડ ન થઈ જાય, એટલા માટે નહીં કે કા'બાને બંધ કર્યા વિના તેમાં નમાઝ જાઈઝ ન હતી, જેવું કે શાફઈઓએ કહ્યું છે.

**૩.** એટલે કા'બાના દરવાજાથી દાખલ થઈને સામેવાળી દીવાલની નજીક પહોંચ્યા ત્યાં સુધી કે ત્રણ થાંભલા પીઠની પાછળ રહી ગયા અને તે દીવાલ નજીક થઈ ગઈ પછી નમાઝ પઢી. આ રિવાયતથી જાણવા મળ્યું કે હુઝૂર ﷺ એ કા'બામાં નમાઝ પઢી છે. સૈયદના બિલાલ رضی اللہ عنہ આંખે દેખ્યો બનાવ વર્ણવી રહ્યા છે. આ બનાવ ફતહે મક્કાના દિવસનો જ છે. આ હદીષથી જાણવા મળ્યું કે કા'બામાં દરેક નમાઝ જાઈઝ છે, ફર્ઝ હોય કે નફલ. એ જ હનફીઓનો મઝહબ છે. ઈમામ માલિકને ત્યાં કા'બામાં નફલ જાઈઝ છે ફર્ઝ નહીં. ઈમામ શાફઈને ત્યાં જો કા'બાનો દરવાજો ખુલ્લો હોય તો દરવાજાની તરફ મોં કરીને નમાઝ જાઈઝ નથી, પણ ઈમામે આ'ઝમ رضی اللہ عنہ નો કૌલ ખૂબ જ કવી (મજબૂત) છે અને આ હદીષ તેને સંપૂર્ણ સમર્થન કરે છે કે હુઝૂરે અન્વર ﷺ એ એમાં નમાઝ પઢી અને કોઈ નમાઝ કે જગાની શરત નથી લગાડી કે કા'બામાં ફલાણી નમાઝ અથવા ફલાણા હિસ્સામાં નમાઝ જાઈઝ નથી.

**લતીફા** : મિર્કાતે ફર્માવ્યું, ઉષ્માન ઈબ્ને તલ્હા ફર્માવે છે કે ફતહે મક્કા તથા હિજરતથી પહેલાં હું પીર તથા જુમેરાતે કા'બા ખોલ્યા કરતો હતો. એક દિવસે હુઝૂરે અકરમ ﷺ એ મને ફર્માવ્યું કે, મારા માટે આજે કા'બા ખોલી દો. મેં આપની ઘણી બેઅદબી કરી પણ હુઝૂર ﷺ એ ખૂબ જ સંયમ જાળવ્યો અને ફર્માવ્યું કે હે ઉષ્માન ! નજીકમાં જ તે સમય આવી રહ્યો છે કે તમે આ ચાવી મારા હાથમાં જોશો કે જેને ચાહું આપું. હું બોલ્યો કે જો એવું થયું તો કુરૈશ હલાક થઈ જશે અને કા'બા ઝલીલ થઈ જશે ! ફર્માવ્યું, "નહીં ! રબ્બે કા'બાની કસમ ! કા'બાને એ જ દિવસે ઈજ્જત મળશે." પણ મને યકીન થઈ ગયું કે એવું થઈને રહેશે કેમ કે આ ઝબાનની વાત ખાલી નથી જતી, ત્યાં સુધી કે જ્યારે હુઝૂર ﷺ ઉમરાની કઝાના માટે બયતુલ્લાહ શરીફ હિ.સ. ૭ ઝિલ કઅદમાં તશરીફ લાવ્યા અને મેં આપની સજધજ જોઈ તો મારા દિલની હાલત બદલાય ગઈ, દિલમાં ઈમાન આવી ગયું. મોકો શોધ્યો પણ ખિદમતમાં હાજર ન થઈ શકયો, ત્યાં સુધી કે આપ મદીના પરત ન થઈ ગયા. પણ મારો આ હાલ હતો : (શેઅર)

**વો દિખાકે શકલ જો ચલ દિયે, તો દિલ ઉનકે સાથ રવાના હુવા**
**ન વો દિલ હૈ ઔર ન વો દિલરૂબા, રહી ઝિંદગી સૌદા બાર હૈ**

એક દિવસે ઘણો જ બેચેન થયો તો અંધારામાં મક્કાના તરફ ભાગ્યો. રસ્તામાં ખાલિદ બિન વલીદ અને અમ્ર ઈબ્ને આસ (رضی اللہ عنہما)થી મુલાકાત થઈ. તેમની હાલત પણ મારા જેવી જ હતી. જેથી ત્રણેવ મદીના મુનવ્વરા હાજર થયા અને દસ્તે અક્દસ પર બયઅત થઈને મુસલમાન થઈ ગયા. પછી ફતહે મક્કાના દિવસે જે રમઝાન હિ.સ. ૮માં થઈ, અમો ત્રણેવ હુઝૂરે અન્વર ﷺની સાથે જ મક્કા આવ્યા. ત્યારે હુઝૂર ﷺએ મારી પાસેથી ચાવી મંગાવી. હઝરત અબ્બાસ رضی اللہ عنہએ ચાહ્યું કે ચાવી તેમને આપી દેવામાં આવે. હું ડરના કારણે ચાવી માગી ન શકયો. મને તે બનાવ યાદ હતો અને હું સમજતો હતો કે હુઝૂર ﷺના કાકાની સરખામણીમાં મુઝ ગૈરની શું હૈષિયત છે ?! પણ કરમે ખુસ્રવાના પર કુર્બાન ! ફર્માવ્યું, હે અબ્બાસ ! જો તમે અલ્લાહ તથા રસૂલ પર ઈમાન લાવ્યા છો તો ચાવી મને આપો ! ચાવી લઈને ફર્માવ્યું, ઉષ્માન ક્યાં છે ?! હું બોલ્યો, હુઝૂર ! હાજર છું ફર્માવ્યું, લો આ ચાવી હમેશાં તમારામાં રહેશે. આ પ્રસંગે આ આયત ઉતરી : اِنَّ اللّٰهَ يَاْمُرُكُمْ اَنْ تُؤَدُّوا الْاَمٰنٰتِ اِلٰٓى اَهْلِهَا પછી જિંદગીભર એ ચાવી ઉષ્માનની પાસે રહી. વફાતના સમયે પોતાના ભાઈ શયબા ઈબ્ને ઉષ્માનને અર્પણ કરી.

*હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ફર્માવે છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે મારી આ મસ્જિદમાં એક નમાઝ અન્ય મસ્જિદોમાં હજાર નમાઝોથી બેહતર છે, મસ્જિદે હરામના સિવાય[૧]. (મુસ્લિમ, બુખારી)*

**૧.** એટલે કે મસ્જિદે નબવીની એક નમાઝ કા'બાતુલ્લાહ સિવાય બાકીની સર્વ જહાનની મસ્જિદોની હજાર નમાઝો કરતાં બેહતર છે. યાદ રાખશો કે હુઝૂર ﷺની મસ્જિદ કેવળ તે જ નથી જે હુઝૂર ﷺના જમાનામાં હતી, બલ્કે બાદમાં જે એમાં વધારા કરવામાં આવ્યા તે સર્વ હુઝૂર ﷺની મસ્જિદ જ કહેવાશે, અને તેના દરેક હિસ્સામાં પંજગાના નમાઝનો એ જ દરજો રહેશે. જો કે એ હિસ્સામાં જે નબવી યુગમાં મસ્જિદોનો હતો, ખાસ કરીને જન્નતની ક્યારીમાં નમાઝ અફઝલ જ છે, તેમજ જેટલા પ્રમાણમાં રોઝએ અત્હરની નિકટતા વધારે હશે એટલા જ પ્રમાણમાં સવાબ વધારે થશે, કેમ કે હુઝૂર ﷺના કુર્બ (નિકટતા)ની જ સર્વ બહારો છે. યાદ રાખશો કે મસ્જિદે નબવીની નમાઝ સવાબમાં બૈતુલ્લાહ શરીફની નમાઝ કરતાં ભલે ઓછી હોય પરંતુ દરજા તથા તકર્રુબમાં ત્યાંની નમાઝ કરતાં પણ વધારે છે, કેમ કે ત્યાં કા'બાથી નઝદીકી છે અને અહીં એમનાથી નઝદીકી છે જેમણે કા'બાને કિબ્લો બનાવી દીધો. એટલા માટે ફતહે મક્કા પછી પણ મુહાજિરો તથા અન્સાર મદીનામાં જ રહ્યા અને ત્યાંની જ નમાઝોને દિલો જાનથી કબૂલ કરી. મિર્કાતે ફર્માવ્યું કે કેવળ નમાઝના માટે જ અધિકતા નથી બલ્કે મદીનાની દરેક ઈબાદતનો આ જ હાલ છે. કાઝી અયાઝ, મુલ્લા અલી કારી, શામી વગેરે ફર્માવે છે કે હુઝૂરે અન્વર ﷺની કબ્રનો અંદરૂની હિસ્સો જે જિસ્મે અત્હરથી સ્પર્શેલ છે તે કા'બા મોઅઝ્ઝમા તથા અર્શે આ'ઝમથી અફઝલ છે.

**મસ્જિદે મુફતીએ આ'ઝમના બાંધકામમાં સહાયની અપીલ !**

**ઉન** : સૂરત (સિદ્દીક નગર, સંજર નગર પાછળ, ભાસ્કર દૈનિક સામે, તા. ચોર્યાસી) ખાતે મસ્જિદે મુફતીએ આ'ઝમના બાંધકામમાં (36 X 48 = 1900 Sq. Feet) ૩૦૦ બેગ સિમેન્ટ, ૩૦૦૦ કિલો. સ્ટીલ, ૭૦ ગાડી રેતી, ૭૦ ગાડી કપચી, મજૂરી 150 Sq. Feet ની જરૂરત હોય સખીદાતાઓ પોતાના તથા મર્હૂમોના સવાબ અર્થે દિલ ખોલીને સહકાર કરે તેવી અપીલ છે. સંપર્ક માટે Mob. 8401877400 પર વાત કરવી.

# અસ્રારુલ અવલિયા

હપ્તો ૦૯

## હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

(રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન)

મલ્ફૂઝાતે ઝાહિદુલ અમ્બિયા, સિરાજુલ અવલિયા હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજશકર મસઊદ અજોધની (પાકપટ્ટની) ચિશ્તી رحمۃ اللہ علیہ

**સંપાદક** : હઝરત ખ્વાજા બદર ઈસ્હાક઼ رحمۃ اللہ علیہ

**અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

*(ચોથો વિભાગ)*

### તૌબા વિશે વર્ણન

હઝરત (ફરીદુદ્દીન ગંજશકર) જમાઅતખાનામાં બિરાજેલ હતા. કદમબોસીની અપાર દૌલત નસીબ થઈ. તૌબાના બારામાં ચર્ચા ચાલી રહી હતી.

**તૌબાના પ્રકારો** : હઝરત શયખ બદરુદીન ગઝનવી તથા શયખ જમાલુદ્દીન હાંસવી હાજર થયા. તેમની સાથે મુસાફો કર્યો અને બેસી ગયા. પછી ફર્માવ્યું, હે દુરવેશ ! તૌબા છ પ્રકારની છે : ૧. દિલ તથા જીભની તૌબા. ૨. નજરની તૌબા ૩. કાનની તૌબા ૪. હાથની તૌબા. ૫. પગોની તૌબા ૬. નફસની તૌબા. પછી એક એકનો ખુલાસો કરતાં ફર્માવ્યું :–

હે દુરવેશ ! સૌ પ્રથમ દિલથી તૌબાનું સમર્થન કરવું જોઈએ અને જીભથી જ્યાં સુધી તેનો ઈકરાર ન કરવામાં આવે તો દુરુસ્ત થશે નહીં. કેમ કે જ્યાં સુધી દિલને દુનિયાની મહોબ્બત, ખાવા પીવાની ચીજો, ધોકો, પ્રપંચ, ઈર્ષા, બેહયાઈ, રિયાકારી, ખેલકૂદથી પાક ન કરે, અને સાચા દિલથી એ મામલાઓથી તૌબા ન કરે ત્યાં સુધી તેમની તૌબા થશે નહીં. જેથી **કોઈ શખ્સ ગુનાહમાં પડી પણ રહ્યો હોય અને તૌબા પણ કરે તો એ તૌબા નથી.** નફસની ઈચ્છાઓના કારણે ગુનાહો પણ કરી રહ્યો છે અને જીભ વડે તૌબા પણ કરી રહ્યો છે, તો આ કેવી તૌબા છે ? જ્યાં સુધી કે દિલનો મેલ કચરો બહાર ન લાવે અને સર્વ બુરા અમલો જેમનુ વર્ણન ઉપર થયું છે તેમને દિલથી દૂર ન કરે તૌબા સહીહ ન થશે. કેમ કે અલ્લાહના કલામમાં ફર્માન થાય છે : يَاأَيُّهَا الَّذِينَ آمَنُوا تُوبُوا إِلَى اللَّهِ تَوْبَةً نَّصُوحًا "હે ઈમાનવાળાઓ ! અલ્લાહની તરફ એવી (સાચી) તૌબા કરો જે આગળ નસીહત થાય." *(સૂ. તહરીમ, ૬૬/૮)* એટલે સાચા દિલથી તૌબા કરો. જ્યારે તમો દિલને એ સર્વ દુનિયવી બુરાઈઓથી પાક કરી લો તો પછી સહીહ તૌબા ગણાશે અને તમો મુત્તક઼ીના બરાબર થઈ જશો. જેમ કે કહેવામાં આવ્યું છે : التائب من الذنب کمن لا ذنب لہ એટલે કે જ્યારે માણસ એવી રીતે તૌબા કરે કે સર્વ ગુનાહોથી પાક થઈ જાય, આ સ્થિતિમાં તૌબા કરનાર તથા મુત્તકી સમાન થઈ જશે. પછી ફર્માવ્યું, હે દુરવેશ ! તૌબા દિલની છે. જો હજારવાર જીભ વડે તૌબા કરે અને દિલ સમર્થન ન કરે તો કદાપિ સહીહ તૌબા થશે નહીં. જેમ કે જીભથી સ્વીકાર અને દિલથી સમર્થનનો એ જ મતલબ છે. અમુક તૌબા કરનારા જીભ વડે તો તૌબા પ્રદર્શિત કરે છે પણ દિલ તેને ટેકો નથી આપતુ. અથવા જ્યારે બીમારીમાં સપડાય છે તો સવાર સાંજ શોર મચાવે છે, અને તૌબા તૌબા કરે છે, પરંતું જ્યારે

એ બીમારીથી તંદુરસ્તી હાંસલ થાય છે તો પછી બેખબરી અને બેખૂદીની દુનિયામાં એવા ખોવાય જાય છે કે તેમને તૌબા યાદ પણ નથી રહેતી ! હઝરતની આંખોમાં આંસૂ આવી ગયાં અને ઝબાન મુબારકથી આ રુબાઈ નીકળી :–

بر دل اثر گناہ بر لب توبہ۔ در صحت خوش دلی و در تپ توبہ

ہر روز شکستن است و ہر شب توبہ۔ زیں توبہ نادرست یارب توبہ

**અર્થાત** : "દિલમાં ગુનાહની અસર છે અને જીભ તૌબા કરી રહી છે. તંદુરસ્તીમાં ખુશદિલીથી ગુનાહ કરી રહ્યા છે અને તાવની હાલતમાં તૌબા કરી રહ્યા છે ! દરરોજ દિવસે તૌબા તોડી અને રાતે તૌબા કરી લેવી, યા અલ્લાહ ! આ ગલત તૌબાથી હું તૌબા કરું છું."

## ★ મૃત્યુ પહેલાં તૌબા કરી લો ! ★

શયખુલ ઈસ્લામ رحمۃ اللہ علیہએ હિકાયત વર્ણવી છે. લોકોએ ખ્વાજા બિશ્ર હાફી رحمۃ اللہ علیہને પૂછયું કે આપની તૌબાનો સબબ શું છે ? ફર્માવ્યું, હું એક દિવસ શરાબખાનામાં બેઠેલો હતો એવામાં ગયબી નિદા આવી, હે બિશ્ર ! મૌતના આવતા પહેલાં તૌબા કરી લો. જ્યારે મેં તે પોકાર સાંભળ્યો તો તૌબા કરી લીધી અને ખુદાની નાફર્માનીઓથી દૂર થઈ ગયો તો અલ્લાહ તઆલાએ મને આ મક઼ામ અતા કર્યો.

## ★ ક઼લ્બ (દિલ)ના ત્રણ પ્રકારો છે ★

ફર્માવ્યું, હે દુરવેશ ! જ્યારે માણસ પોતાના કુલૂબે ષલાષા (ત્રણેવ દિલો)ને દુનિયાની બુરાઈઓથી પાક કરી લે છે અને એ રીતે તાઈબ (તૌબા કરનાર) બની જાય છે કે તેના દિલની ખુશ્બુઓ મખ્લૂક઼ના દિમાગ સુધી પહોંચે છે. હક઼ીક઼તમાં તેની તૌબા એ "તૌબએ નસૂહ" (સાચી તૌબા) હોય છે. જેમ કે હઝરત અલી کرم اللہ وجہہ الکریم એ કુલૂબે ષલાષાની તફસીલ આ પ્રમાણે દર્શાવી છે :

હઝરત અલી کرم اللہ وجہہ الکریم ફર્માવે છે, દિલ ત્રણ પ્રકારનાં હોય છે : ક઼લ્બે સલીમ, ક઼લ્બે મુનીબ, ક઼લ્બે શહીદ. "ક઼લ્બે સલીમ" તે દિલ છે જેમાં અલ્લાહની મઅરેફત સિવાય કાંઈ જ નથી હોતું. "ક઼લ્બે મુનીબ" તે દિલ છે જે દરેક ચીજથી મોં ફેરવીને અલ્લાહ તઆલાની તરફ એક ધ્યાન થઈ જાય અને "ક઼લ્બે શહીદ" તે છે જે દરેક ચીજમાં હક઼્ક઼નો મુશાહેદો (જલ્વો) કરે છે.

હઝરત શયખુલ ઈસ્લામ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, જ્યારે કોઈ વ્યક્તિના દિલમાં ઉપરોક્ત ત્રણ સિફતો (ગુણો, ખૂબીઓ) પેદા થઈ જાય છે અને દિલમાં જામી જાય છે તો સલીમ, મુનીબ, શહીદ બની જાય છે, તેની તૌબા, તૌબાએ નસૂહ બની જાય છે. અને જો હજી સુધી દુનિયા અને તેની ઈચ્છાઓમાં જ સપડાયેલો છે તો તે "મુર્દાદિલ" છે. જો એ અયબોનો કાટ ધોવાય ગયો છે તો અઝલ (શરૂ)થી અબદ (હમેશાં) સુધી ઝિંદા જાવેદ બની જશે. બંદા તથા મૌલા વચ્ચે પર્દો દિલની ગંદકીઓનો જ છે, જ્યારે એ ઉઠી જાય છે અને બંદો તૌબા કરવાથી પોતે પોતાને પાક તથા સાફ કરી લે છે તો બંદા તથા મૌલાની વચ્ચે કોઈ પર્દો આડ નથી રહેતો. તો હે દુરવેશ ! દિલની ગંદકીની જ ખરાબી છે ! તારા દિલને તમામ ગંદકીઓ તથા પ્રલોભનોથી પાક કરી લે જેથી દરમિયાનનો પર્દો ન રહે. લિજ્જતો તથા નફસાની ખ્વાહિશોની જગાએ મુશાહિદા તથા મુકાશિફાના મક઼ામો મયસ્સર થઈ જાય. ઈન્શાઅલ્લાહુ તઆલા !

**ઝબાનની તૌબા** : હે દુરવેશ ! તમે દિલની તૌબાનો હાલ સાંભળ્યો. હવે ઝબાનની તૌબા એ છે કે દરેક અયોગ્ય વાતથી ઝબાનને રોકવામાં આવે. બેહૂદા તથા ન કહેવા જેવી વાતોથી જીભ તૌબા કરે. બીજી શર્ત એ છે કે તજદીદે (ફરીથી) વુઝૂ બાદ બે રકાત નમાઝ અદા કરે. ક઼િબ્લા રૂ બેસીને કહે, હે અલ્લાહ ! મને ઝબાનની બદગોઈ (ગંદી વાણી) પર માફ ફર્માવી દે અને તારા ઝિક્ર સિવાય આ જીભ થકી કોઈ અન્ય વાત ન થવા દે. અને તારી રઝામંદી વગર

કોઈ અયોગ્ય વાત આ ઝબાનને કહેવાની તૌફીક ન આપ. ફર્માવ્યું, જો જો સવાર થશે તો સાતેવ અંગો ઝબાને હાલથી બોલી ઉઠશે હે ઝબાન ! જો તેં પોતાને ન રોકી તો અમે હલાક થઈ જઈશું. પછી ફર્માવ્યું, ખ્વાજા હાતિમ અસમ رحمۃ اللہ علیہની ઝબાન પર બેહૂદા વાત આવી ગઈ, તો જીભને એવી ચાવી કે લોહી નીકળ વાનુ શરૂ થઈ ગયું. અહદ કર્યો કે જ્યાં સુધી જીવતો છું કોઈની સાથે વાત કરીશ નહીં. એક નિરર્થક વાત કરવાની સજામાં વીસ વરસો સુધી કોઈની સાથે વાત ન કરી. ખુદાના બરગુઝીદા બંદાઓમાંથી એક શખ્સ મજલિસમાં તશરીફ લાવ્યા. એક શખ્સના આવવા પર પૂછયું કે ફલાણો શખ્સ આવ્યો ?! ત્યાર બાદ વિચાર્યું કે, આ શું વાત હતી જે તારા મુખેથી નીકળી ?! આ એક વાતના કફ્ફારામાં ત્રીસ વરસો સુધી મખ્લૂકથી વાત ન કરી. હઝરત શયખ પર ધ્રુજારી છવાઈ ગઈ અને આ શેઅર પઢયા :–

درکام است زبانِ دشمن جاں۔ گر جاں بکار آید ہوشدار زبان

**અર્થાત** : "માણસનાં મોઢામાં જાનની દુશ્મન જીભ જ છે, જો જાનની સલામતી રાખવી છે તો ઝબાનની હિફાઝત કરો."

હઝરત શયખુલ ઈસ્લામ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, મેં કાઝી હમીદુદ્દીન નાગોરી رحمۃ اللہ علیہથી સાંભળ્યું કે એકવાર હું એક દુરવેશને મળ્યો જે અલ્લાહ સુધી પહોંચેલા (વાસિલાને હક્કમાંથી) હતા. ખુદાની બંદગીમાં મશગૂલ રહેતા હતા. દસ વરસ હું તેમની ખિદમતમાં રહ્યો. એ દસ વરસોમાં મેં તેમના મુખેથી કોઈ અયોગ્ય વાત નથી સાંભળી, પણ કેવળ એક વાત અને તે એ હતી કે તેમણે પોતાના એક અઝીઝને કહ્યું કે હે અઝીઝ ! જો ચાહે છે કે તારી આખેરત ભલાઈ સાથે પસાર થાય તો તારી જીભની કાળજી રાખ. જેવું કે તેમણે આટલુ કહ્યું તો તરત જ પોતાની જીભને એવી રીતે ચાવી કે લોહી વહેવા લાગ્યું. અને કહ્યું કે આ વાત કહેવાની તારે શું જરૂર હતી ?! આ વાતના કફ્ફારામાં વીસ વરસો સુધી વાત ન કરી.

હઝરત શયખે ફર્માવ્યું, હે દુરવેશ ! એ દિવસે જ્યારે કુદરતે માણસના મોંમાં ઝબાન રાખવાનો ઈરાદો કર્યો તો નિદા કરી, હે ઝબાન ! તને પેદા કરવાનો ખાસ હેતુ એ જ છે કે મારા નામ તથા કલામ સિવાય કોઈ અન્ય ઝિક્ર તારાથી ન થાય. જો તેં કોઈ અન્ય વાત કરી તો તારી સાથે અન્ય અંગોને પણ મુસીબતમાં સપડાવીશ. જેથી ઝબાનની પેદાઈશ ઝિક્ર તથા કુર્આનની તિલાવતના માટે ખાસ છે.

મશાઈખે કિરામની ચર્ચામાં લખેલ છે કે આદમની ઔલાદ (માનવ)ના અંગોમાંથી દરેક અંગમાં નફસાની ખ્વાહિશો સમાયેલ હોય છે, જે માનવી માટે આફત તથા હિજાબ (રબથી આડ)નો સબબ બને છે. જ્યાં સુધી એ ખ્વાહિશો તથા પ્રલોભનીથી તૌબા ન કરે અને સર્વ અંગોને એનાથી પાક ન કરે તો કદાપિ કદાપિ કોઈ મકામ પર બિરાજમાન થઈ શકશે નહીં. એ વર્ણવેલ અંગોમાંથી પ્રથમ નફ્સ છે જેમાં નફસાની ખ્વાહિશો મૌજૂદ હોય છે. બીજી : નજર જેમાં જોવાની ખ્વાહિશ હોય છે. ત્રીજો : કાન જેમાં સાંભળવાની ઈચ્છા હોય છે. ચોથુ : નાક જેમાં સૂંઘવાની શક્તિ છે. પાંચમું : મોઢું જેમાં સ્વાદની ઈચ્છા હોય છે. છટ્ઠો : હાથ જેમાં પકડવાની શક્તિ હોય છે. સાતમી : ઝબાન કે જેમાં તારીફ કરવાની ક્ષમતા મૌજૂદ હોય છે. આઠમુ : દિલ કે કોશિશ તથા ચિંતન એનુ કામ છે. જેથી હક્ક તઆલાના સાચા તાલિબે એ સર્વ અંગોની તૌબા કરવી લાઝિમ છે જેથી તે ખુદા તઆલાથી સાંભળે : "મેં મખ્લૂકમાં તે શખ્સને હિકમતની સાથે ઈજ્જતવાળો કરી આપ્યો જેણે દુનિયાની મહોબ્બતથી પોતાના દિલને મેહફૂઝ રાખ્યું, મેં તેને નજર તથા ચિંતનની ઉચ્ચતા અર્પણ કરી, અને જેણે પોતાના નફસની સબ્ર પર નજર રાખી તો મેં ગુનાહના ત્યાગથી તેને માનવંત કર્યો. જેણે મારી સમક્ષ કયામની વ્યવસ્થા કરી તો હું કયામતના દિવસે તેના માન સન્માનની વ્યવસ્થા કરીશ.

*(ક્રમશઃ)*

# તાજુશ્શરીઅહના رحمۃ اللہ علیہ

## જીવનચરિત્રની ઝલકો

હપ્તો : ૦૮

### હરમૈન શરીફૈનની ઝિયારત

દરેક મુસલમાનની ખાસ કરીને આશિકે સાદિકની તમન્ના હોય છે કે હરમૈન શરીફૈન (મક્કા–મદીના)ની ઝિયારતથી પોતાને મુશર્રફ કરે. અલ્લાહ તઆલાએ હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہને આ શરફ (બુઝુર્ગી)થી પણ ખૂબ નવાઝયા. આપે છ હજ્જ કર્યા. પ્રથમ હજ હિ.સ. ૧૩૦૪, ઈ.સ. ૪–૯–૧૯૮૩, બીજો હજ હિ.સ. ૧૪૦૫, ઈ.સ. ૧૯૮૬, ત્રીજો હજ હિ.સ. ૧૪૦૬, ઈ.સ. ૧૯૮૭, ચોથો હજ હિ.સ. ૧૪૨૯, ઈ.સ. ૨૦૦૮, પાંચમો હજ હિ.સ. ૧૪૩૦, ઈ.સ. ૨૦૦૯, છઠ્ઠો હજ હિ.સ. ૧૪૩૧, ઈ.સ. ૨૦૧૦માં કર્યો. એ ઉપરાંત અગણિતવાર આપે ઉમરા કર્યા અને મદીના મુનવ્વરાની હાજરી આપી. કદી કદી વરસમાં બે ચાર વાર મદીના મુનવ્વરામાં હાજર થઈ જતા હતા. આપનામાં એક વિશિષ્ટતા એ હતી કે આપ કોઈ લીડર, ગવર્નમેન્ટના રોઅબ તથા દબદબાથી ડરતા ન હતા. હક્ક મસાઈલનો ઈઝહાર અલલ એલાન કરી આપતા હતા. અંજામની પરવા કરતા ન હતા. બીજા હજના મોકા પર હઝરતને કેટલીક મુશ્કેલીઓનો પણ સામનો કરવો પડયો. હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہ પોતાનાં પત્ની સાહેબાની સાથે હજ તથા ઝિયારતના માટે તશરીફ લઈ ગયા હતા. અરફાતથી પરત થયા બાદ સઊદી હુકૂમતે રાતના સમયે મક્કા મોઅઝ્ઝમામાં આપને કયામગાહથી ગિરફતાર કરી લીધા. વિના કારણે અગીયાર દિવસ જેલમાં રાખીને મદીના શરીફની ઝિયારત કરાવ્યા વિના હિંદુસ્તાન મોકલી આપ્યા.

મે ૧૩ સપ્ટેમ્બર ૧૯૮૬, હિ.સ. ૧૪૦૭માં ઈબ્રાહીમ મરચન્ટ રોડ મીનારા મસ્જિદની પાસે રઝા એકેડેમી મુંબઈના આયોજન હેઠળ હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہની મક્કા મુકર્રમામાં નિરર્થક ગિરફતારી પર સઊદી હુકૂમતની વિરૂધ્ધ એક શાનદાર ઈજલાસ ગોઠવ્યો હતો. તેની સદારત મુહદ્દિષે કબીર સાહબે કરી. મુંબઈના સ્થાનિક ઉલમા અઈમ્મા ઉપરાંત બહારથી આવેલ અગ્રગણ્ય ઉલમાએ પણ હાજરી આપી હતી. પચાસ હજારની મેદની એમાં જમા થઈ ગઈ હતી. મજમો વિરોધ પ્રદર્શિત કરવાના જોશમાં સઊદી ગવર્નમેન્ટ વિરૂધ્ધ નારા બુલંદ કરતો રહ્યો. છેવટમાં હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہએ સઊદી ગવર્નમેન્ટમાં પોતાની ધરપકડ તથા ઝિયારતે મદીના મુનવ્વરા વિના પરત કરી દેવાના સંબંધે પોતાનું આ સંક્ષિપ્ત બયાન આપ્યુ :–

"૩૧ ઓગષ્ટ ઈ.સ. ૧૯૮૬ રાતમાં ત્રણ વાગ્યે અચાનક સઊદી ગવર્નમેન્ટના સી.આઈ.ડી. પોલીસના લોકો મારી કયામગાહ (ઉતારા) પર આવ્યા અને મને જગાડીને પાસપોર્ટ માગી. પછી મારા સામાનની તલાશીની માગણી કરી. મારી સાથે મારી પર્દાનશીન બીવી હતી. મેં તેણીને બાથરૂમમાં મોકલી દીધી. પછી સી.આઈ.ડી.એ બાથરૂમને બહારથી તાળુ મારી દીધું અને તે લોકો પોલીસોની સાથે મારા રૂમમાં દાખલ થયા. મને રિવોલ્વર તાકીને હરકત ન

રજૂકર્તા : પટેલ શબ્બીર અલી રઝવી *(ખલીફા હુઝૂર તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

કરવાની ચેતવણી આપી મારા સામાનની તલાશી લીધી. મારી પાસે હઝરત મૌલાના સૈયદ અલ્વી માલિકી રઝવી رحمۃ اللہ علیہની આપેલી અમુક કિતાબો હતી અને કેટલીક કિતાબો આ'લા હઝરતની અને દલાઈલુલ ખૈરાત હતી. એ સર્વ કિતાબોને પોતાના કબ્જામાં લીધી. મારી પાસે ટેલીફોનની ડાયરી માગી જે મારી પાસે ન હતી. મારો મારી પત્નીનો તથા મારા સાથીઓના પાસપોર્ટ, ટિકિટ તથા પેલી કિતાબો સાથે લઈને મને સી.આઈ.ડી. ઓફીસ લાવ્યા અને એક પછી એક મારા સાથીઓ ચાહકોને પણ ઉઠાવી લાવ્યા.

મારી સાથે રાતની ઔપચારિક ચર્ચા પછી પ્રથમ સવાલ એ કર્યો કે આપે જુમ્આ કયાં પઢયો ? મેં કહ્યું, હું મુસાફિર છું જેથી મારા પર નમાઝ ફર્ઝ નથી જેથી મેં મારા રૂમમાં ઝોહર પઢી. મને પૂછયું, તમે હરમમાં નમાઝ નથી પઢતા ? મેં કહ્યું, હું હરમથી દૂર રહું છું જેથી હરમમાં નમાઝ નથી પઢી શકતો. હરમમાં તવાફ માટે જઉં છું. મને કહ્યું, તમે કેમ તમારા મહોલ્લાની મસ્જિદમાં નમાઝ નથી પઢતા ? મેં કહ્યું, ઘણા બધા લોકો છે જેમને હું જોઉં છું કે તેઓ મહોલ્લાની મસ્જિદમાં નમાઝ નથી પઢતા અને ઘણા લોકો વિશે હું મેહસૂસ કરું છું કે તેઓ મુદલે નમાઝ જ નથી પઢતા, તો પછી મને જ શા માટે પૂછતાછ કરો છો ?! મને છતાં આગ્રહ કરવામાં આવ્યો તો મેં કહ્યું કે મારા મઝહબમાં તથા આપ લોકોના મઝહબમાં મતભેદ છે. આપ હંબલી કહેવાઓ છો અને હું હનફી છું અને હનફી મુક઼્તદીની રિઆયત (ખયાલ, કાળજી) ગૈર હનફી ઈમામ જો ન કરે તો હનફીની નમાઝ સહીહ થશે નહીં, એટલા માટે હું નમાઝ અલગ પઢું છું. મને હઝરત અલ્લામા સૈયદ અલ્વી માલિકી رحمۃ اللہ علیہની કિતાબોના વિશે પૂછયું કે તમને એ કેવી રીતે મળી ? મેં કહ્યું કે મને આ કિતાબો તેમણે થોડાક દિવસો પહેલાં આપી છે જ્યારે હું તેમને મળવા ગયો હતો. મને સવાલ કરવામાં આવ્યો કે શું એ પ્રથમ મુલાકાત હતી ? મેં કહ્યું, હા ! પ્રથમ મુલાકાત હતી. આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہની અમુક કિતાબો જોઈને જે નઅત તથા હજના મસાઈલના સંબંધી હતી, પૂછયું : આમની સાથે તમારે શું સગાઈ છે ? મેં કહ્યું, એ મારા દાદા હતા. આ ટૂંકી ઈન્કવાયરી પછી મને રાત પસાર થઈ ગયા બાદ ફજરના સમયે જેલ મોકલી દેવામાં આવ્યો.

દસ વાગે ફરી સી.આઈ.ડી. સાથે વાતચીત થઈ. તેણે મને પૂછયું કે હિંદુસ્તાનમાં કેટલા ફિર્ક઼ા છે ? મેં શીઆ, ક઼ાદયાની વગેરે અમુક ફિર્ક઼ા ગણાવ્યા અને મેં સ્પષ્ટ કર્યું કે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہએ ક઼ાદયાનીઓની રદ કરી છે અને તેમની રદમાં છ કિતાબો જઝાઉલ્લાહ અદુવ્વહૂ, કહરુદય્યાન, અસ્સુઉલ્એક઼ાબ વગેરે લખી છે. અમારા પર કેટલાક લોકો એવો આક્ષેપ લગાડે છે અને તમને એ બતાવ્યું છે કે અમે તથા ક઼ાદયાની એક છીએ, પણ એ ગલત છે, અને એ જ લોકો અમને "બરેલ્વી" કહે છે, જેનાથી એ વહેમ થાય છે કે "બરેલ્વી" કોઈ નવા મઝહબનું નામ છે, પણ એવું નથી, બલ્કે અમો "અહલે સુન્નત વ જમાઅત" છીએ.

સી.આઈ.ડી.ના પૂછવા પર મેં બતાવ્યું કે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہએ કોઈ નવા ધર્મનો પાયો નથી નાખ્યો બલ્કે તેમનો મઝહબ એ જ હતો જે સરકાર મુહમ્મદ મુસ્તફા صلی اللہ علیہ وسلمનો અને સહાબા તથા તાબઈન رضوان اللہ تعالیٰ علیہم اجمعینનો અને દરેક જમાનાના સાલેહીનનો મઝહબ છે. અને એ કે અમો અમને પોતાને "અહલે સુન્નત વ જમાઅત" કહેવડાવવાનું જ પસંદ કરીએ છીએ. અને અમને એ અર્થમાં "બરેલ્વી" કહેવા કે અમો કોઈ નવા મઝહબના

અનુયાયી છીએ એ અમારા પર આક્ષેપ છે. સી.આઈ.ડીના પૂછવા પર મેં "વહાબી" તથા "સુન્ની"નો ફરક સ્પષ્ટ કર્યો. મેં કહ્યું કે વહાબી, હુઝૂર ﷺના ઈલ્મે ગયબ, તથા તેમની શફાઅત અને તેમના વસીલા તથા તેમનાથી મદદ ચાહવું તથા તેમને પોકારવાના મુન્કિર છે, અને એ બાબતોને શિર્ક બતાવે છે, જ્યારે કે અમારો એ અક઼ીદો છે કે હુઝૂર ﷺથી વસીલો પકડવો જાઈઝ છે અને તેમને પોકારવા પણ જાઈઝ છે, અને એ કે આપ સાંભળે પણ છે. અને અલ્લાહના બતાવવાથી ગયબને પણ જાણે છે અને અલ્લાહે તેમને શફાઅતનો હોદ્દો અપર્ણ કર્યો છે. સી.આઈ.ડી.ના પૂછવા પર કુર્આની આયતોથી મેં દલીલ રજૂ કરીને એ સાબિત કર્યું કે નબુવ્વત એ ગયબથી માહિતગારીનું જ નામ છે, અને નબી તે જ છે જે અલ્લાહના બતાવવાથી ગયબની ખબર આપે. અને એ કે નબીના વાસ્તાથી દરેક મો'મિન ગયબ જાણે છે. જેમ કે કુર્આને મુક઼દ્દસમાં નસો (આયતો) છે.

સી.આઈ.ડી.ના પૂછવા પર મેં બતાવ્યું કે સરકારે દો આલમ ﷺને વિસાલ બાદ પણ ગયબની ખબર છે, એટલા માટે કે સરકાર ﷺની નબુવ્વત બાકી છે, અને નબુવ્વત ગયબ જાણવાને જ કહે છે. વળી એ કે આયતોમાં કોઈ એવી શર્ત નથી કે જેનાથી એ જાહેર થાય કે વિસાલ બાદ સરકાર ﷺ ઈલ્મે ગયબ જાણતા ન હતા.

એક અન્ય બેઠકમાં સી.આઈ.ડી.ના પૂછવા પર મેં તવસ્સુલ (વસીલો પકડવા)ની દલીલમાં : وَابْتَغُوْا اِلَيْهِ الْوَسِيْلَةَ "અલ્લાહની રાહમાં વસીલો શોધો" *(સૂ. માઈદહ્, ૫/૩૫)* આયત પઢી અને એ બતાવ્યું કે સરકાર ﷺથી તવસ્સુલ (વસીલો) એ નેક અમલોમાંથી છે. અને એ કે કોઈ અમલનુ સાલેહ (નેક) હોવું અને વસીલો હોવું એ શર્ત પર આધારિત છે કે તે મક઼બૂલ હોય. અને સરકાર રિસાલત ﷺ વિના શંકાએ રબની બારગાહના મક઼બૂલ છે, બલ્કે સૈયદુલ મક઼બૂલીન છે, જેથી એમનો વસીલો લેવો અધિક કક્ષાએ જાઈઝ છે અને તવસ્સુલ (વસીલો લેવું) શિર્ક નથી.

સી.આઈ.ડી.ના કહેવા પર મેં વધુમાં કહ્યું કે કોઈની પાસેથી એ રીતે મદદ માગવી કે અલ્લાહના સિવાય એને મુસ્તક઼િલ (રબની અતા વિના) તથા ફાઈલ (કર્તા) સમજવો શિર્ક છે. અને અમો આ રીતે કોઈનાથી મદદ માગવાને માનતા નથી. હા ! અલ્લાહની મદદનો વસીલો જાણીને કોઈ રબની બારગાહના મક઼બૂલ બંદાથી મદદ માગવી હરગિઝ શિર્ક નથી. સી.આઈ.ડી.ના એક સવાલના જવાબમાં કહ્યું કે, અમારામાં અને વહાબીમાં એ ફરક઼ છે કે તેઓ અમને તવસ્સુલ વગેરેના કારણે કાફિર મુશ્રિક બતાવે છે, પરંતું અમો તેમને કેવળ એ જ કારણે ક઼ાફિર મુશ્રિક નથી કહેતા. (એટલે એનાં કારણો અલગ છે)

બીજા દિવસે મારો એ બયાનોની રોશનીમાં સી.આઈ.ડી.એ મારા માટે એક ક઼બૂલાતનામુ તેણે ખુદ લખીને મને સંભળાવ્યું, જે આ પ્રમાણે હતું :

"હું ફલાણાનો પુત્ર ફલાણો બરેલ્વી મઝહબનો અનુયાયી છું." મેં વાંધો ઉઠાવ્યો કે હું વારંવાર કહી ચૂક્યો છું કે બરેલ્વી કોઈ મઝહબ નથી, અને જો કોઈ નવો ધર્મ બરેલ્વી નામથી છે તો હું તેનાથી અલિપ્ત છું. આગળ કબૂલાતનામામાં તેણે એવું લખ્યું કે, આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો અનુયાયી છું અને બરેલ્વીઓમાંથી એક છું અને અમારો અક઼ીદો છે કે સરકાર ﷺથી તવસ્સુલ (વસીલો), મદદ ચાહવું અને તેમને પોકારવું જાઈઝ છે અને સરકાર ﷺ ગયબ જાણવા હતા, અને વહાબી એ બાબતોને શિર્ક બતાવે છે. અને એ કે હું તેમની પાછળ એ કારણે નમાઝ નથી પઢતો કે તેઓ અમને સુન્નીઓને મુશ્રિક બતાવે છે. ક઼બૂલાતનામાના છેવટમાં મારી માગણી

પર તેણે એ વધારો કર્યો કે "બરેલ્વિયત" કોઈ નવો મઝહબ નથી અને અમો લોકો પોતે પોતાને "અહલે સુન્નત વ જમાઅત" કહેવડાવવાનું જ પસંદ કરીએ છીએ. પછી વિવિધ બેઠકોમાં વારંવાર એ જ સવાલો દોહરાવ્યા. બાદમાં મને મારા લંડનના સફર વિશે પૂછયું અને કહ્યું કે શું ત્યાં તમે કોઈ કોન્ફ્રન્સમાં શિર્કત કરી હતી ? મેં જવાબ આપ્યો કે કોન્ફ્રન્સ ગવર્નમેન્ટના નિયંત્રણ અને રાજનૈતિક કક્ષાએ થાય છે. અમે લોકો ન રાજકારણી છીએ ન કોઈ ગવર્નમેન્ટ સાથે અમારે સંબંધ છે.

સી.આઈ.ડી.ના પૂછવા પર મેં જણાવ્યું કે લંડન એ ઈજલાસમાં જેમાં શરીક થયો હતો ત્યાં બરેલ્વિયતના નામે મસાઈલ પર ચર્ચા ન થઈ હતી, બલ્કે ઈત્તેહાદે ઈસ્લામ અને તન્ઝીમુલ મુસ્લિમીન પર તક઼રીરો થઈ હતી. અને એ જલસાનો ખર્ચ ત્યાંના સુન્ની મુસલમાનોએ ઉઠાવ્યો હતો. અને એમાં એ માગણી કરવામાં આવી કે ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہના અનુયાયી અહલે સુન્નત વ જમાઅતને ઈલ્મી જગતના સંપર્કમાં પ્રતિનિધિત્વ આપવામાં આવે, જેવી રીતે "નદવીઓ" વગેરેને સંપર્કમાં પ્રતિનિધિત્વ હાંસલ છે.

સી.આઈ.ડી.ના પૂછવા પર મેં બતાવ્યું કે આ તજવીઝ એકમતિએ પાસ થઈ ગઈ હતી. ત્રીજી બેઠકમાં જ્યારે બે બેઠકોની તપાસ ખત્મ થઈ ચૂકી અને મારું ક઼બૂલાતનામુ ખુદ તૈયાર કરી ચૂક્યા તો મને એક મોટા સી.આઈ.ડી. ઓફિસરે કહ્યું કે હું આપનો આપના ઈલ્મ, ઉમર તથા શખ્સિયતના કારણે એહતેરામ કરું છું અને આપનાથી ખાસ સમયોમાં દુઆઓનો તાલિબ છું. ધરપકડના સબબ વિશે મારા પૂછવા પર તેમણે બતાવ્યું કે આપનો કેસ મામૂલી છે, નહીં તો તે સમયે જ્યારે પોલીસ હાથકડી નાખીને આપને લાવ્યો હતો, તો હું આપની હાથકડી ન ખોલાવતો.

ટૂંકમાં એ કે સતત સવાલો છતાં મારો જુર્મ વારંવાર પૂછવા છતાં પણ મને ન બતાવ્યું, બલ્કે એ જ કહેતા રહ્યા કે મારો કેસ બહુ મહત્વ નથી ધરાવતો તેમ છતાં મારા છૂટકારામાં મોડુ કર્યું અને જુર્મ પ્રદર્શિત કર્યા વિના મને મદીના મુનવ્વરાની હાજરીથી વંચિત રાખ્યો, અને અગીયાર દિવસો પછી જ્યારે મને જિદ્દા રવાના કરવામાં આવ્યો તો મારા હાથોમાં જિદ્દા એરપોર્ટ સુધી હાથકડી પહેરાવી રાખી અને રસ્તામાં ઝોહરની નમાઝ માટે મોક઼ો પણ આપવામાં ન આવ્યો, એના કારણે મારી ઝોહરની નમાઝ પણ ક઼ઝા થઈ ગઈ."

*(રોઝનામા અલ્એહરામ, કાહિરા, ૧૨–રબીઉલ અવ્વલ, હિ. ૧૪૦૭, ઈ.સ. ૧૯૮૭ રોઝનામા જંગ–લંડન, તા. ૩–૩–૧૯૮૭, હિ.સ. ૧૪૦૭)* *(ક્રમશ)*

**શાદી મુબારક પ્રસંગે સુન્ની ઈજતેમા**

**ભરૂચ** : ખાતે શાહીન એવન્યુમાં હાફિઝ સિરાજ સાંપાવાળાના નેક ફરઝંદ સમીર અહમદના નિકાહ ભરૂચ નિવાસી યૂસુફભાઈ ઈબ્રાહીમભાઈ મોસમવાળાની નેક દુખ્તર અસ્માબાનુ સાથે તા. ૧૪–૧૨–૨૦૧૯, મુ. ચાંદ ૧૬ રબીઉલ આખર હિ.સ. ૧૪૪૧ ઈશા બાદ ખૂબ જ શાનો શૌકતથી સુન્ની જગતની મહાન હસ્તીઓ ❑ હઝરત ક઼િબ્લા મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી (સદર મુફ્તી તથા પ્રિન્સિપાલ જામિઆ અશરફિયા–મુબારકપુર, જિ. આ'ઝમગઢ, યુ.પી.) ❑ ખતીબે ઝીશાન હઝરત મૌલાના સૈયદ અમીન અલી ક઼ાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ) ❑ બુલબુલે બાગે મદીના હઝરત ક઼ારી રિઝવાનખાન સાહબ (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી) ❑ ક઼ારીએ ખુશ ઈલ્હાન હઝરત ક઼ારી રિયાઝુદ્દીન સાહબ તથા મૌલાના અલ્તાફ મિસ્બાહી ચાંચવેલી ❑ હાફિઝ અ. રહીમ બરકાતી સાહબ, ❑ પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી તથા અન્ય સાદાતે કિરામ, ઉલમાએ એઝામ વગેરેએ ખાસ હાજરી આપી હતી. ક઼ારી રિઝવાન સાહબ તથા ક઼ારી રિયાઝુદ્દીન સાહબે ક઼િરાઅત, નઅત, મન્ક઼બતના ગુલદસ્તા પેશ કર્યા હતા. હઝરત સૈયદ અમીનઅલી ક઼ાદરી સાહબે નિકાહને લગતુ ટૂંકમાં પણ શાનદાર નસીહતઆમેઝ બયાન કર્યું હતું છેવટમાં હઝરત મુફ્તી સાહબે ઈજાબો કુબૂલ દુલ્હા પાસે કરાવી નિકાહ પઢાવ્યા અને ખૈરો બરકતની દુઆ ગુજારી હતી. દુલ્હા–દુલ્હન તથા બંનેવનાં કુટુંબીજનો સૌને ખૂબ ખૂબ મુબારકબાદ ! *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# لَيْسَ مِنَّا

# 'તે અમારો નથી'

હપ્તો : ૦૬


**અઝ** : દાઈએ કબીર મૌલાના **મુહમ્મદશાકિર નૂરી**

*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)*

**અનુવાદક : મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી**

(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)


## નાહક્ક દાવા પર ચેતવણી

અલ્લાહ તબારક વ તઆલાએ ઈન્સાનોનું સર્જન ફર્માવ્યું અને દરેક મનુષ્યને તેની હેસિયતના અનુસાર ચીજો અતા ફર્માવી છે. હિક્મતનો તક઼ાદો એ જ છે કે દરેક મનુષ્યને એક જેવા ન બનાવવામાં આવે બલ્કે વિવિધ પ્રકાર અને વિભાગ રાખવામાં આવે. જો સર્વ મનુષ્યો એક જેવા હોતા અને વિશેષ ગુણો રાખવામાં ન આવતા તો બ્રહ્માંડની વ્યવસ્થા ચાલી શકતી ન હતી. મનુષ્યોને વિવિધ વિભાગોમાં વિભાજીત કરવાનું કારણ કુર્આને મુક઼દ્દસ ખુદ બયાન ફર્માવે છે :–

يٰٓاَيُّهَا النَّاسُ اِنَّا خَلَقْنٰكُمْ مِّنْ ذَكَرٍ وَّاُنْثٰى وَجَعَلْنٰكُمْ شُعُوْبًا وَّقَبَآئِلَ لِتَعَارَفُوْا ؕ اِنَّ اَكْرَمَكُمْ عِنْدَ اللّٰهِ اَتْقٰكُمْ ؕ

"હે લોકો ! અમે તમને એક મર્દ અને ઔરતથી પેદા ફર્માવ્યા અને તમને શાખાઓ અને ક઼બીલાઓ કર્યા કે આપસમાં પહેચાન રાખો. બેશક ! અલ્લાહને ત્યાં તમારામાં અધિક ઈજ્જતવાળો તે છે જે તમારામાં અધિક પરહેઝગાર છે." *(સૂ. હુજુરાત, આ. ૧૩)*

આ આયતમાં ફર્માવવામાં આવ્યું કે વંશના તે અંતિમ દરજ્જા પર જઈ તમે સૌ મળી જાવ છો તો એકબીજા પર વંશવેલામાં ગર્વ કરવાનુ અને એકબીજા પર બડાઈ મારવાનુ કોઈ કારણ નથી, સૌ સમાન છે. એક જ દાદાનાં સંતાન છો. એટલે વિભાગો તથા ક઼બીલાઓમાં જે વિભાજિત કરવામાં આવ્યા છે તેનો ઉદ્દેશ કેવળ એ છે કે તમે આપસમાં એકબીજાને ઓળખી શકો. આ વિભાજન એટલા માટે નથી કે તમે કોઈ ક઼બીલાવાળાઓને નીચા અને કોઈ ક઼બીલાવાળાઓને ઊંચા કહો. બલ્કે, હઝરત આદમ عليه السلامની ઔલાદ હોવાના આધારે સૌ એક જેવા છે. હા ! જો બુલંદી અને ઉચ્ચતા જોઈએ છે તો એવી બુલંદી અને ઉચ્ચતા હાંસલ કરો જે અલ્લાહ તબારક વ તઆલાના નજીક પણ બુલંદ અને ઉચ્ચતા હોય, અને તે બુલંદી અને ઉચ્ચતા પરહેઝગારી દ્વારા પ્રાપ્ત થઈ શકે છે. તમે પોતાના તક઼વાનું પ્રમાણ વધારતા જાવ તો અલ્લાહ તબારક વ તઆલાના નજીક તમે ઉચ્ચ થતા જશો. નસબ અને વંશ પર પરસ્પર તમે ગમે તેટલુ ગર્વ કરો પણ અલ્લાહ તબારક વ તઆલાને ત્યાં તેની કોઈ હેસિયત નથી.

આ તો નસ્લ અને નસબની વાત થઈ, તે સિવાય અલ્લાહ તઆલાએ દરેક મનુષ્યને જે ચીજોનો માલિક બનાવ્યો છે તે પણ હિકમતના સંપૂર્ણ અનુકૂળ છે. કોઈને ધન દૌલતની અધિકતા અતા ફર્માવી. કોઈને ઈલ્મથી નવાઝયો, કોઈને હુનર (કળા)વાળો બનાવ્યો, કોઈને તાકાત અને કુવ્વત અને પહેલવાની અતા ફર્માવી અને કોઈને કમજોર અને મોહતાજ પણ બનાવ્યા. આ રીતે દુનિયાની આ આજમાઈશની જગાનો નિઝામ (વ્યવસ્થા) ચાલી રહ્યો છે. તેની હિક્મત પણ કુર્આને મુક઼દ્દસમાં બયાન ફર્માવવામાં આવી છે :–

وَلَوْ بَسَطَ اللّٰهُ الرِّزْقَ لِعِبَادِهٖ لَبَغَوْا فِى الْاَرْضِ وَلٰكِنْ يُّنَزِّلُ بِقَدَرٍ مَّا يَشَآءُ ؕ اِنَّهٗ بِعِبَادِهٖ خَبِيْرٌۢ بَصِيْرٌ

"અને જો અલ્લાહ પોતાના સૌ બંદાઓનું રિઝક઼ વિસ્તૃત કરી દે તો જરૂર જમીનમાં ફસાદ ફેલાવતા. પરંતુ તે અંદાજાથી ઉતારે છે જેટલું ચાહે. બેશક ! તે પોતાના બંદાઓથી ખબરદાર છે, તેમને જુએ છે."

*–(સૂરએ શૂરા, આ. ૨૭)*

એટલે કે અલ્લાહ તબારક વ તઆલાએ હિક્મતના તક઼ાદા મુજબ કોઈને ઓછુ અને કોઈને વધારે અતા ફર્માવ્યું છે. પરંતુ જેને જેટલુ આપ્યું એ તેની હિક્મતના તક઼ાદા મુજબ છે. જો સૌને એક સમાન રોઝી આપવામાં આવતી તો યક઼ીનન ! કાઈનાતની વ્યવસ્થા અસ્તવ્યસ્ત થઈ જતી.

એટલા માટે પોતાના હસબ નસબ (વંશ)ને નીચો સમજવો જોઈએ અને ન તો મળેલ રોજીને તુચ્છ સમજવી જોઈએ છે, બલ્કે એ બંનેવ વાતો પર અલ્લાહ તબારક વ તઆલાનો શુક્ર અદા કરવો જોઈએ. એટલા માટે કે નાશુક્રીના પરિણામે વિવિધ ખરાબીઓ પેદા થાય છે જેનાથી સોસાયટીનો બગાડ થાય છે.

## ★ નાહક્ક઼ દાવો કેમ થાય છે ? ★

નસલ અને નસબ (વંશ ખાનદાન) પર બડાઈ જાહેર કરવાના કારણથી ઘણીવાર એ ખરાબી સામે આવે છે કે કોઈ શખ્સ પોતાને પોતાના બાપ સિવાય અન્ય તરફ સંબંધિત કરવા લાગે છે જેથી તે પણ પોતાને ઉચ્ચ વંશવાળા લોકોમાં ગણાવી શકે અને અલ્લાહ તબારક વ તઆલાની અતા કરેલ નેઅમતોનો શુક્ર અદા ન કરવાના કારણે ઘણીવાર એક મનુષ્ય કોઈ વસ્તુ પર નાહક્ક઼ દાવો કરવા લાગે છે. આ બંનેવ વાતો શરીઅતે મુતહ્હરાતમાં નાપસંદીદા છે અને આ વાતો પર હદીષે પાકમાં ચેતવણીઓ વર્ણન થઈ છે.

## ★ નાહક્ક઼ દાવા પર ચેતવણી ★

હઝરત અબૂઝર رضی اللہ عنہ રિવાયત કરે છે કે હુઝૂર રહ્મતે આલમ ﷺએ ફર્માવ્યું :–

لَیْسَ مِنْ رَّجُلٍ ادَّعٰی لِغَیْرِ اَبِیْهِ وَهُوَ یَعْلَمُهٗ اِلَّا کَفَرَ، وَمَنِ ادَّعٰی مَا لَیْسَ لَهٗ فَلَیْسَ مِنَّا، وَلْیَتَبَوَّأْ مَقْعَدَهٗ مِنَ النَّارِ، وَمَنْ دَعَا رَجُلًا بِالْکُفْرِ، اَوْ قَالَ: عَدُوَّ اللّٰهِ وَلَیْسَ کَذَالِكَ اِلَّا حَارَ عَلَیْهِ۔

"જે કોઈ વ્યક્તિએ જાણી જોઈને પોતાના બાપ સિવાય કોઈ (અન્ય) માટે પોતાના બાપ હોવાનો દાવો કર્યો તેણે કાફિરો જેવું કાર્ય કર્યું. **જેણે કોઈ એવી વસ્તુ પર દાવો કર્યો જે તેની નથી તો તે અમારામાંથી નથી અને તેને જોઈએ કે જહન્નમને પોતાનુ ઠેકાણુ બનાવે.** જેણે કોઈને કાફિરો અથવા અલ્લાહનો દુશ્મન કહ્યો જ્યારે કે હક઼ીક઼તમાં આવું ન હોય તો તે (તેનું કહેલું) તેની જ તરફ વળીને આવશે."

*(સહીહ મુસ્લિમ, ૧/૭૯)*

આ હદીષે પાકમાં વિવિધ વાતો પર ચેતવણીનું વર્ણન છે :–

### ❀ رجل ادعٰی لغیر ابیه

"જેણે પોતાના બાપ સિવાય અન્ય તરફ પોતાનો વંશ જોડયો." પોતાના ઉચ્ચ વંશવાળો પુરવાર કરવા માટે જાણીજોઈને પોતાનો બાપ કોઈ અન્યને બનાવ્યો. તો એ શરીઅતે મુતહ્હરાની દષ્ટિએ હરામ અને સખત ચેતવણીનો સબબ છે. કુર્આને પાકમાં ઈર્શાદ થયો છે :–

اُدْعُوْهُمْ لِاٰبَآئِهِمْ هُوَ اَقْسَطُ عِنْدَ اللّٰهِ۔ "તેમણે તેમના પિતાના જ કહી પુકારો આ અલ્લાહના નજીક વધુ યોગ્ય છે." *(સૂરએ અહઝાબ, આ. ૫)*

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

لَا تَرْغَبُوْا عَنْ اٰبَاءِ کُمْ، فَمَنْ رَّغِبَ عَنْ اَبِیْهِ فَهُوَ کُفْرٌ۔

"પોતાના બાપદાદાઓથી વિમુખ ન થાવ, જે પોતાના બાપથી વિમુખ થયો તો એ કાફિરો જેવું કામ છે." *(સહીહ બુખારી, ૮/૧૫૬)*

હઝરત સઅ્દ બિન અબી વક્કાસ رضی اللہ عنہ ફર્માવે છે :–

سَمِعَ اُذُنَایَ مِنْ رَّسُوْلِ اللّٰهِ صَلَّی اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ وَهُوَ يَقُوْلُ: مَنِ ادَّعٰی اَبًا فِی الْاِسْلَامِ غَيْرَ اَبِيْهِ يَعْلَمُ اَنَّهٗ غَيْرُ اَبِيْهِ فَالْجَنَّةُ عَلَيْهِ حَرَامٌ۔

**"જેણે ઈસ્લામમાં પોતાને કોઈ અન્ય પિતા સાથે જોડયો, જ્યારે કે તે જાણતો હતો કે આ તેનો પિતા નથી તો તેના પર જન્નત હરામ છે."**

*–(સહીહ મુસ્લિમ, ૧/૮૦)*

❀ **من ادعی مالیس له**

"જે એવી વસ્તુનો દાવો કરે જે હક઼ીક઼તમાં તેની નથી તેની ચેતવણી એ છે કે હુઝૂર સૈયદે આલમ ﷺએ ફર્માવ્યું કે **તે અમારામાંથી નથી.**" આમાં વર્ણન થયેલ સ્થિતિ પણ સામેલ છે કે કોઈએ કોઈ એવા વ્યક્તિ માટે પોતાનો પિતા હોવાનો દાવો કર્યો જે વાસ્તવમાં તેનો પિતા નથી. એ જ પ્રમાણે તે વસ્તુ જેનો કોઈ વ્યક્તિ માલિક નથી છતાં તેનો દાવો કર્યો તો તે આ ચેતવણીના હેઠળ આવશે.

આ જ હુકમમાં (લુક઼તા) રસ્તા અથવા કોઈ જગ્યા પર પડેલી વસ્તુનું પણ છે કે કોઈને ક્યાંક પડેલી વસ્તુ દેખાય અને તેણે તે ઉઠાવી લીધી તો પણ તે તેનો માલિક હોવાનો દાવો નથી કરી શકતો અને ન તો તેના માટે તે વસ્તુને ઉપયોગમાં લેવી જાઈઝ છે.

❀ **من دعی رجلا بالکفر**

**કોઈ વ્યક્તિને કાફિર અથવા અલ્લાહનો દુશ્મન કહેવું જ્યારે કે હક઼ીક઼તમાં તેણે કોઈ કુફ્રિયા વાત ન કરી હોય, ન કોઈ કુફ્રિયા કાર્ય કર્યું હોય અને ન તો કોઈ રીતે તેનાથી કુફ્ર સાબિત થયું હોય (તો આમ કહેવું) ખુદ કુફ્ર છે.** જેનાથી કોઈ રીતે કુફ્ર સાબિત ન થયું હોય તેને **કાફિર કહેનાર પોતે કાફિર થઈ જશે.** એ જ પ્રમાણે જો કોઈએ પોતાને "કાફિર" અથવા "અલ્લાહનો દુશ્મન" કહ્યો તો પણ તે પોતે કાફિર થઈ જશે.

ઔરતોનું નિકાહ બાદ પોતાના પતિના નામ સાથે પોતાનું નામ લખવું :–

ઉપરોક્ત હદીષે પાકના કારણે અમુક લોકો એ ગલતફહમીના શિકાર રહે છે કે નિકાહ બાદ સ્ત્રીઓ જે પોતાના પતિના નામ સાથે પોતાનું નામ જોડે છે એ પણ આ હરામ હોવામાં શામેલ છે, જ્યારે કે એવું નથી. નિકાહ પછી સ્ત્રીનું પોતાના પતિના નામ સાથે પોતાનું નામ જોડવું એટલા માટે નથી હોતું કે તે પોતાના પતિને પોતાના પિતા સમાન સમજે છે, બલ્કે પતિ પત્નીના સંબંધના કારણે પોતાના નામને પોતાના પતિના નામ સાથે પતિ હોવાના આધાર પર જોડે છે. એમાં શરીઅતની દષ્ટિએ કોઈ બુરાઈ અને ખરાબી નથી. *(ક્રમશઃ)*

**દયાદરામાં જશ્ને ગ્યારવીના પ્રોગ્રામો :** હુઝૂર ગ઼ૌષે આ'ઝમ શયખ મોહયુદ્દીન અબ્દુલક઼ાદિર જીલાની رضی اللہ عنہની ૧૧ વી શરીફના નિમિત્તે મુખ્તારુલ મસાજિદ–દયાદરામાં ઈશા બાદ ચાંદ ૧ થી ૧૧ સુધી મહેફિલે દુરૂદ બાદ ખત્મે યાસીન શરીફ રાખવામાં આવ્યો. ચાંદ ૭ થી ૧૦ સુધી મૌલાના તૌસીફ રઝા હાફિઝ હસન હલદરવી સાહબનાં બયાનો મસ્જિદમાં થયાં. તેમજ હાફિઝો ક઼ારી મક઼સૂદ કાવીવાળાનો નઅતો મન્ક઼બતનો પ્રોગ્રામ થયો. ૧૧મી શરીફની રાત્રે મોટા ચકલા પર હાફિઝ અફઝલ સરનારવીની નિઝામતમાં શાનદાર જશ્ન રચાયો જેમાં મૌલાના ઝહીર મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)એ વહાબી દેવબંદી બદ્અક઼ીદાઓની રદ સાથે શાનદાર બયાન કરીને શાને અવલિયા પ્રદર્શિત કરી ગ઼ૌષે આ'ઝમ رضی اللہ عنہના મહાન મર્તબા વિશે ઈમાન અફરોઝ બયાન કર્યું હતું. હાફિઝ સલીમ બાજીભાઈએ નઅતે પાક પેશ કરી હતી. બીજા દિવસે સવારમાં રાબેતા મુજબ જુલૂસ ગામફેરી ફર્યું છેવટે મસ્જિદમાં મૌલાના ઝહીર મિસ્બાહી સાહબે શાનદાર બયાન કર્યું. પછી ગ઼ૌષપાક رضی اللہ عنہના બાલ મુબારકની ઝિયારત કરાવવામાં આવી. છેવટે અકુજી કોમ્યુનિટી હોલમાં આમ નિયાઝ જમાડવામાં આવી હતી. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# ચૈન અને રાહતની શોધ

દુનિયામાં કોઈ પણ માણસ એવો નથી જેના જીવનમાં સમસ્યાઓ ન હોય એટલા માટે ખુદાની હુઝૂરમાં રડતાં શીખો તેના અગણિત ફાયદાઓ છે.

દુનિયાનો દરેક માણસ અત્યારે રાહત અને સુકૂનની શોધમાં છે પરંતુ સુકૂન છે કે કોઈ રીતે મળતુ જ નથી. શું ગરીબ, શું માલદાર, શું પ્રજા, શું બાદશાહ, શું આલિમ શું જાહિલ, બધુ જ હોવા છતાંય સુકૂનની દોલતથી વંચિત છે. સુકૂનનો સંબંધ દિલથી છે. કેટલાક લોકો એવો ખયાલ કરે છે કે નરમા નરમ ગાદલાઓ તથા એરકંડિશનવાળા બંગલા અને ઘરોથી દિલને સુકૂનની દૌલત મળે છે. જ્યારે કે એવુ નથી કેમ કે વૈભવી સાધન સામગ્રીથી માલામાલ લોકો અને કરોડો, અબજો, ખરબો રૂપિયાના માલિકો અમુક કલાકોની ઊંઘ માટે પલંગમાં તડપતા અને પાસાં બદલતા જોવા મળે છે અને ઊંઘવા માટેની ગોળીઓનો આશરો લે છે. એ ઊંઘવાની ગોળી લીધા વિના સૂઈ નથી શકતા. હક઼ીક઼ત એ છે કે તેઓ સુકૂનની દોલતથી વંચિત છે. ચૈન અને રાહત કેવી રીતે મળશે ? આવો તેને એક હદીષની રોશનીમાં સમજીએ અને પોતાની બેચેની તથા ગભરાહટથી છૂટકારાનો સામાન મેળવીએ.

હઝરત ઉક઼બા બિન આમિર رضی اللہ عنہથી રિવાયત છે કે મેં રસૂલુલ્લાહ ﷺથી અર્ઝ કરી, હે અલ્લાહના રસૂલ ! ﷺ છૂટકારાનો રસ્તો શું છે ? તે સમયે પૈગમ્બરે રહમત ﷺએ ત્રણ સલાહો આપી :

**પ્રથમ સલાહ** : પોતાની ઝબાનને નિયંત્રણમાં રાખો.
**બીજી સલાહ** : જરૂરત સિવાય પોતાના ઘરોથી ન નીકળો.
**ત્રીજી સલાહ** : પોતાની ભૂલો પર રડતા રહો.

*(રવાહુ અહમદ વ તિર્મિઝી)*

જ્યારે આપણે ઉપરની ત્રણ સલાહો વિશે વિચારીએ તો આપણે એ પરિણામ પર પહોંચીએ છીએ કે જે માણસ પણ આ ત્રણ વાતો પર અમલ કરી લેશે તે સુકૂનથી માલામાલ થઈ જશે અને દરેક પ્રકારની મુસીબતો અને તકલીફોથી છૂટકારો મેળવી લેશે.

માણસની જીભ સીધી ચાલે તો બધા જ મામલા સીધા અને સહેલા થઈ જાય છે અને જો આજ જીભ ટેઢી ચાલવા લાગે એટલે કે જૂઠ, ગીબત, ચુગલી, ગાળો બોલવી વગેરે બુરી બાબતોમાં સપડાય જાય તો પછી લડાઈ ઝગડાઓ થવા લાગે જેનાથી દિલનું સુકૂન છીનવાઈ જાય છે. બીજી સલાહમાં હુઝૂર ﷺએ ફર્માવ્યું કે જરૂરત વિના પોતાના ઘરોએથી ન નીકળો કેમ કે આ ચૂપ રહેવાનો દૌર છે. ફિત્નાઓ અને બુરાઈઓ નવા નવા અંદાજમાં હાલતાં ચાલતાં પોતાની લપેટમાં લઈ લે છે. માટે વધારે સમય ઘરોમાં રહીને નફ્લો, કુર્આનની તિલાવત, વાલિદૈન અને પત્ની તથા બાળકોની ખિદમતમાં પસાર કરો. નમાઝ, વ્યાપાર અને દીની તથા દુનિયાની જરૂરતો માટે ઘરમાંથી નીકળવામાં કોઈ વાંધો નથી પરંતુ જરૂરત વિના ઘરેથી નીકળવામાં ભલાઈ નથી પણ અશાંતિ તથા બેચૈની હાથ આવે છે.

હઝરત સુફિયાન થૌરી رضی اللہ عنہ ફર્માવે છે : એટલે કે આ સમય ચૂપ રહેવા અને ઘરોમાં શાંતિથી રહેવાનો છે અને અલ્લાહે જે રોજી આપી છે તેના પર મરતા સુધી કનાઅત કરવાનો (જે મળે તેમાં રાજી રહેવાનો)નો છે.

ત્રીજી સલાહમાં અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું, પોતાની ભૂલો પર રડતા રહો.

દુનિયામાં કોઈ માણસ એવો નથી જેની જિંદગીમાં દુનિયાની સમસ્યાઓ અને ગમ ન હોય, ગમમાં રડવુ સારું સાબિત થાય છે, કેમ કે રડવુ ગમથી આઝાદી આપે છે અને દિલનો બોજો હલકો કરવામાં મદદરૂપ સાબિત થાય છે, એટલા માટે ગમમાં રડવુ ફાયદાકારક છે. સૌથી ખાસ વાત તો એ કે રડવુ આપણા દિમાગના ભારને હલકો કરે છે જેનાથી આપણે દિમાગની બીમારીઓથી બચી જઈએ છીએ. એટલા માટે સારું એ છે કે જ્યારે પણ ગુનાહોને કારણે કે દુનિયાની સમસ્યાઓને કારણે આપ દિમાગના તણાવનો શિકાર થઈ રહ્યા છો તો દિમાગના તણાવને દૂર કરવા માટે રડી લો આનાથી તમને સારું લાગશે. આધુનિક સાઈન્સે પણ આ વાતને કબૂલી છે કે રડવાથી દિલનો ભાર હળવો થાય છે અને જો રડવુ ન આવે તો માણસ દિલમાં ને દિલમાં મુઝાતો રહે છે. (ડિપ્રેશનમાં સપડાય છે.)

રબ તઆલા ઉપર આવેલી ત્રણેય સલાહો પર આપણા સૌને અમલ કરવાની તૌફીક઼ આપે અને બધા જ પરેશાન લોકોને દિલી સુકૂન અતા ફર્માવે. આમીન.

*(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી–મુંબઈ, ડિસેમ્બર–૨૦૧૯)*

❑ અઝ : હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી (મુંબઈ) ❑ અનુવાદક : હાફિઝ મુહમ્મદસજ્જાદ પટેલ દયાદરવી

# નફસનો પ્રભાવ તથા શયતાનની અદાવત

કાર્યાલય

દરેક અકલમંદના માટે જરૂરી છે કે તે ભૂખ્યો રહીને વાસનાઓના કિલ્લાને જમીનદોસ્ત કરી દે. એટલા માટે કે ભૂખ તે ખુદાના દુશ્મન નફસના માટે કહેર છે. શયતાનની કામયાબીનો વસીલો એ જ નફસની ઈચ્છાઓ અને ખાવું પીવું છે. ફર્માને નબી ﷺ છે કે શયતાન તમારા શરીરમાં લોહીની જેમ ભ્રમણ કરે છે તેના તે રસ્તાઓને ભૂખ વડે બંધ કરો. *(સહીહુલ બુખારી, ૧/૪૬૪, સહીહ મુસ્લિમ, ૨/૨૧૬, સુનને અબૂ દાઊદ, ૨/૬૪૯, સુનને ઈબ્ને માજહ, પેજ–૧૨૭, સુનને દારમી, ૨/૨૫૨, મુસ્નદે અહમદ બિન હંબલ, ૩/૬૨૯, અસદુલ ગાબા ફી મઅરિફતુસ્સહાબા, ૭/૧૮૬, અહયાઉલ ઉલૂમ, ૩/૨૭)*

બેશક ! કયામતના દિવસે તે જ શખ્સ અલ્લાહ તઆલાની વધુ નજીક હશે જેણે ભૂખ તરસ સહન કરી હશે અને ઈબ્ને આદમના માટે સૌથી વધુ બરબાદ કરનારી ચીજો પેટની ઈચ્છાઓ છે. તે પેટના કારણે હઝરત આદમ અને હવ્વા علیہما السلام ને જન્નતથી ઝિલ્લત અને મુફલિસીની જમીન પર ઉતારવામાં આવ્યા. કેમ કે ખુદા તઆલાએ તેઓને ઝાડ (મના કરેલ)ના ખાણાની મના કરી દીધી હતી તો પણ તેમણે પેટની ઈચ્છાના લીધે તેને ખાઈ લીધું હતું. આ પેટ જ હકીકતમાં વાંછનાઓનું ઉદ્‌ભવ કેન્દ્ર છે. *(અખ્રજતુલ ખતીબ ફીઝુહદિ મિન હદીષ સઈદ બિન ઝયદ, અહયાઉલ ઉલૂમ, ૩/૭૪)*

**હિકમતભર્યા કથનો :–** એક શાણાપુરુષનું કથન છે કે જે ઈન્સાન પર તેના નફસનું પ્રભુત્વ જામી જાય છે તે વાંછનાઓનો કેદી બની જાય છે અને બેહૂદાપણાને તાબે થઈ જાય છે. તેનું દિલ તમામ લાભોથી વંચિત રહી જાય છે. **જે કોઈએ પણ પોતાના અંગોની જમીનને ઈચ્છાઓથી તર કરી તો તેણે પોતાના દિલમાં શરમિંદગીની ખેતી કરી.** અલ્લાહ તઆલાએ મખ્લૂકને ત્રણ પ્રકારોમાં પેદા ફરમાવી છે :–

- ❐ ફરિશ્તાઓને પેદા ફર્માવ્યા તો તેઓમાં બુદ્ધિ રાખી પણ તેઓને ઈચ્છાઓથી પાક તથા દૂર રાખ્યા.
- ❐ જાનવરોને પેદા કર્યા તો તેઓમાં ઈચ્છાઓ રાખી પણ બુદ્ધિથી વંચિત કરી દીધાં.
- ❐ ઈન્સાનોને પેદા કર્યા તો બુદ્ધિ તથા ઈચ્છાઓ બંને તેઓને સુપ્રત કર્યા. તો હવે જે ઈન્સાનની બુદ્ધિ પર તેની ઈચ્છાઓનો પ્રભાવ જમાવી લે છે તે જાનવરોથી બદતર છે અને જે મુસલમાનની ઈચ્છાઓ પર તેની બુદ્ધિનું પ્રભુત્વ જમાવી લે છે તે ફરિશ્તાઓથી પણ બેહતર છે.

**હિકાયત :** જનાબ ઈબ્રાહીમ ખ્વાસ رحمۃ اللہ علیہ કહે છે કે હું લુકામના પહાડોમાં હતો ત્યાં મેં દાડમ જોયાં અને મારા દિલમાં તેને ખાવાની ઈચ્છા જાગી જેથી મેં એક દાડમ ઉઠાવીને તેના બે ટુકડા કર્યા પણ તે ખાટુ નીકળ્યું જેથી મેં તેને ફેંકી દીધું અને ચાલવા લાગ્યો. થોડાક ડગલાં આગળ જતાં મેં એક એવા શખ્સને જોયો જે જમીન પર પડેલો હતો અને તેના પર મધમાખીઓ ચોંટેલી હતી. મેં તેને સલામ કરી અને તે શખ્સે મારૂં નામ લઈને સલામનો જવાબ આપ્યો. તો મેં આશ્ચર્યથી પૂછયું કે, મને કઈ રીતે ઓળખો છો !

તો તે ખુદાના બંદાએ જવાબ આપ્યો કે જે પોતાના ખુદાને ઓળખી લે છે તો પછી તેનાથી કોઈ ચીજ છુપી નથી રહેતી. મેં કહ્યું કે તો પછી તમારો ખુદાની બારગાહમાં મક઼ામ મોટો હશે તો તમે એ દુઆ કેમ નથી કરતા કે આ જે (માખીઓ) તમોને ચોંટેલી છે તે તમારાથી દૂર થઈ જાય ? તેણે કહ્યું, હું જાણું છું કે અલ્લાહને ત્યાં તમારો પણ ઊંચો મક઼ામ છે તો તમે એ દુઆ કેમ ન કરી કે અલ્લાહ તઆલા તમને દાડમ ખાવાની ઈચ્છાથી દૂર રાખે ? કેમ કે મધમાખીઓની તકલીફ દુન્યવી અઝાબ છે પણ દાડમ ખાવાના બદલામાં આખેરતનો અઝાબ છે ! આ મધમાખીઓ તો માણસના શરીરને ડંખ મારે છે પણ ઈચ્છાઓ માણસના દિલને ડંખ મારે છે. હું શીખામણભરી વાતચીત સાંભળીને ત્યાંથી મંઝિલ તરફ આગળ વધી ગયો.

**મનોકામનાઓ બાદશાહોને ફક઼ીર અને સબ્ર ફક઼ીરોને બાદશાહ બનાવી દે છે.** તમે હઝરત યૂસુફ علیہ السلام અને ઝુલેખાનો કિસ્સો નથી વાંચ્યો ? યૂસુફ علیہ السلام સબ્રના કારણે મિસરના બાદશાહ બન્યા અને ઝુલેખા ઈચ્છાઓના સબબે આજિઝ અને રૂસ્વા થયાં અને આંખોની રોશનીથી વંચતિ વૃદ્ધા બની ગયાં. એટલા માટે કે ઝુલેખાએ હઝરત યૂસુફ علیہ السلامની મહોબ્બતમાં સબ્ર કરી ન હતી.

### હઝરત અબુલ હસન રાઝીએ પોતાના વાલિદને ખ્વાબમાં જોયા :-

જનાબ અબુલ હસન રાઝી رحمۃ اللہ علیہ કહે છે કે મેં મારા વાલિદને ઈન્તેકાલના બે વરસો પછી ખ્વાબમાં એ હાલતમાં જોયા કે તેમના શરીર પર જહન્નમના તારકોલનો લિબાસ હતો. મેં પૂછયું, અબ્બાજાન ! આ શું થયું ? હું તમને જહન્નમીઓના વેશમાં જોઈ રહ્યો છું ? મારા વાલિદે ફર્માવ્યું : કે હે ફરઝંદ ! મને મારો નફસ જહન્નમમાં લઈ ગયો, તેના ધોકામાં કદી પણ આવીશ નહીં.

### શેઅરોનો અર્થ :

- ❒ હું તે ચારેય દુશ્મનોથી ઘેરાએલો છું જે મારી બદબખ્તી અને ગુનાહોના વિશેષ પ્રમાણને લઈને મારા પર સવાર થઈ ગયેલા છે.
- ❒ શયતાન, નફસ, દુનિયા અને મનેઈચ્છાઓ. તેનાથી કેવી રીતે મુકિત મળી શકે છે જયારે કે આ ચારેય મારા જાની દુશ્મન છે.
- ❒ હું જાણું છું કે ઘમંડ અને મનેચ્છાઓના અંધકારમાં મારા દિલને ઈચ્છાઓ પોતાના તરફ બોલાવતી રહે છે.

જનાબ હાતિમ અસમ رحمۃ اللہ علیہનો કૌલ છે કે નફસ મારો તબેલો છે, ઈલ્મ મારૂં હથિયાર છે, નિરાશા મારો ગુનોહ છે, શયતાન મારો દુશ્મન છે અને હું નફસની સાથે છેતરપીંડી કરનારો છું. (તેને ધોકામાં નાખુ છું).

### આરિફાના નુકતો (મુદ્દો) :-

એક આરિફ બિલ્લાહનો કૌલ છે કે જેહાદના ત્રણ પ્રકારો છે :-

૦૧. કાફિરો સાથે જેહાદ અને આ જાહેર જેહાદ છે. ફર્માને ઈલાહી છે : يُجَاهِدُوْنَ فِيْ سَبِيْلِ اللّٰهِ "અલ્લાહના માર્ગમાં લડશે."

–(પારા : ૬, સૂરએ માઈદા, આ. ૫૪)

૦૨. જૂઠા લોકોની સાથે ઈલ્મ તથા દલીલો વડે જેહાદ, ફર્માને ઈલાહી છે :-

وَجَادِلْهُمْ بِالَّتِيْ هِيَ اَحْسَنُ "પોતાના રબના રસ્તા તરફ બોલાવો, પાકી તદબીર અને સારી શીખામણ વડે."

–(પારા : ૧૪, સૂરએ નહ્‌લ, આ. ૧૨૫)

૦૩. બુરાઈઓની તરફ લઈ જવાવાળા સરકશ (બદમાશ) નફસની સાથે જેહાદ ફરમાને ઈલાહી છે :–

وَالَّذِيْنَ جَاهَدُوْا فِيْنَا لَنَهْدِيَنَّهُمْ سُبُلَنَا ''અને જેમણે અમારા માર્ગમાં પ્રયત્ન કર્યા અવશ્ય અમે તેમને અમારા રસ્તા દેખાડીશું.''

*(અખ્રજતુલ બયહકી ફીઝુહદ, અહયાઉલ ઉલૂમ, ૩/૬૦)*

**હુઝૂર ﷺનો મુબારક ઈર્શાદ** : અને નબીએ કરીમ ﷺએ ફરમાવ્યું છે, (અર્થ) : નફસની સાથે જેહાદ એ બેહતરીન (સર્વશ્રેષ્ઠ) જેહાદ છે. *(પારા–૨૦, સૂરએ અન્કબૂત, આ. ૬૯)*

સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن જયારે જેહાદથી પાછા ફરતા તો કહેતા કે આપણે નાના જેહાદથી મોટા જેહાદની તરફ પાછા ફર્યા છીએ. અને સહાબીઓએ નફસ, શયતાન અને ઈચ્છાઓની સાથેના જેહાદને કાફિરો સાથેના જેહાદ કરતાં એટલા માટે મોટો અને મહાન કહ્યો કે નફસ સાથે જેહાદ હમેશાં ચાલુ રહે છે અને કાફિરો સાથે કદી કદી જ થાય છે. બીજુ કારણ એ છે કે કાફિરો સાથેના જેહાદમાં ગાઝી પોતાના દુશ્મનોને પ્રત્યક્ષ જોતો રહે છે. જયારે શયતાન દેખાતો નથી અને દેખાઈ આવતા દુશ્મન સાથે લડવું એ છુપાઈને વાર કરતા દુશ્મન સાથે લડવા કરતાં સહેલું છે. એક કારણ એ પણ છે કે કાફિરની સાથે ગાઝીને બિલકુલ હમદર્દી નથી હોતી જયારે શયતાન સાથે જેહાદ કરવામાં નફસ અને ઈચ્છાઓ શયતાનની તરફદારી કરતી શકિતમાં સામેલ હોય છે, એટલા માટે આ મુકાબલો કઠિન હોય છે.

એક વાત એ પણ છે કે જો ગાઝી કાફિરને કતલ કરી દે તો માલે ગનીમત અને વિજય પ્રાપ્ત કરે છે અને જો શહીદ થઈ જાય તો જન્નતનો હકદાર બની જાય છે, પણ આ જેહાદે અકબર (મહાન જેહાદ)માં તે શયતાનને કત્લ કરવા માટે શકિતમાન નથી અને જો તેને શયતાન કત્લ કરી દે એટલે કે સીધા માર્ગેથી ભટકાવી દે તો બંદો ખુદાના અઝાબનો હકદાર બની જાય છે. એટલા માટે કહેવામાં આવ્યું છે કે જંગના દિવસે જેનો ઘોડો નાસી છૂટે તે માણસ કાફિરોના હાથોમાં આવી જાય છે પણ જેનું ઈમાન ભાગી જાય તે ખુદાના અઝાબમાં ફસાઈ જાય છે. અને જે કાફિરોના હાથે પકડાઈ જાય છે તેના હાથ પગોમાં હાથકડીઓ તથા બેડીઓ નથી નાખવામાં આવતી, તેને ભૂખો તરસ્યો અને નગ્ન નથી કરવામાં આવતો, પણ જો ખુદાના અઝાબનો હકદાર બની જાય તો તેનું મોઢુ કાળુ કરવામાં આવે છે અને તેને ફિટોફિટ જકડીને બાંધીને જંઝીરો નાખી દેવામાં આવે છે, તેના પગોમાં આગની બેડીઓ નાખવામાં આવે છે. તેનું ખાણુ પીણુ લિબાસ સૌ જહન્નમની આગથી તૈયાર થાય છે. *(મુકાશફતુલ કુલૂબ)*

**જંબુસરમાં સુન્ની ઈજતેમા**

**જંબુસર** : (દારુલ અમન સોસાયટી) ખાતે તા. ૧૪–૧૨–૨૦૧૯ શનિવારે ઈશા બાદ સઆદતખાન (S/o. ઈદરીસખાન પઠાણ)ના નિકાહ નિમિત્તે ''સુન્ની દા'વતે ઈસ્લામી''નો શાનદાર ઈજતેમા હઝરત સૈયદ શૌકતઅલી બાવા જંબુસરી તથા હઝરત સૈયદ હશમતઅલી મજૂબાપુ તેમજ અન્ય સાદાતે કિરામ, ઉલમા, અઈમ્મા હઝરાત તથા બહોળી સંખ્યામાં હાજર રહેલ સુન્ની અવામની હાજરીમાં યોજાયો જેમાં હઝરત મૌલાના સૈયદ અમીન અલી કાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)એ નિકાહનો મકસદ તથા તેની હિકમતો પર શાનદાર બયાન કર્યું હતું. અને પતિ પત્નીના હક્કો પર ખૂબ જ માલૂમાતી તથા અસરકારક બયાન કર્યું હતું. હઝરત મૌલાના ઝહીર મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર) તેમજ મૌલાના મુબારક સાબરી, મૌલાના જાબિર સાહબ, મૌલાના અખ્તર સાહબ, તથા જંબુસર શહેરના તેમજ બહારના ઉલમા, હુફફાઝ, મુબલ્લિગીને હાજરી આપી હતી. સલાતો સલામ દુઆ પર ઈજતેમા ખત્મ થયો હતો. દુલ્હા–દુલ્હન કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ ! *–તંત્રી*

# સમસ્યાઓના હલ માટે થિંક ટેંક જરૂરી


➺ **અઝ : *ખૈરુલ અઝ્કિયા હઝરત અલ્લામા***

**મુહમ્મદઅહમદ મિસ્બાહી-મુબારકપુર**

➺ **અનુવાદક : મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી**

*(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ)*


આજે જ્યારે આપણે અહલે સુન્નતના હાલાતનું નિરિક્ષણ કરીએ છીએ તો એમનામાં મૂળ વૈચારિક અને અકીદાની એકતા હોવા છતાં વૈશ્વિક, દેશવ્યાપી, રાષ્ટ્રીય અથવા જિલ્લા કક્ષાએ અને પ્રેક્ટિકલી કોઈ કાયદેસર સંપર્ક નથી દેખાતો. પોતાની આંત્રિક જરૂરિયાત અને ટેમ્પરરી કાર્યો માટે લોકો આપસમાં સંપર્ક જરૂર રાખે છે, પરંતુ જમાઅતી અને સામૂહિક રીતે કોઈ પદ્ધતિસર સંગઠન કોઈ ક્ષેત્રમાં નથી, ન કોઈ દા'વતી અને ઈસ્લાહી મર્કઝ છે જેના પર સૌ એકમત હોય, ન કોઈ રૂહાની કયાદત છે જે સૌનું કેન્દ્ર અને સૌ પર પ્રભાવી હોય, ન કોઈ તા'લીમી અને તર્બિયતી સંસ્થા છે જેમાં સૌના માટે આર્કષણ હોય અને જેની આગેવાની સૌને સ્વીકાર્ય હોય, ન કોઈ ઈલ્મી તેહકીકી તસ્નીફી (પ્રકાશન કર્તા) અંજુમન છે જેને સર્વ સ્વીકૃતિ પ્રાપ્ત હોય, ન અન્ય સામાજિક સાર્વજનિક કૌમી મેદાનોમાં કામ કરવાનું કોઈ સંગઠન છે કે માળખુ છે જે નોંધપાત્ર હોય. અને રાજનૈતિક મેદાન તો બિલ્કુલ ખાલી છે, તેમાં ન આપણુ કોઈ પ્રતિનિધિત્વ છે, ન કૌમી અને દેશવ્યાપી આપણુ કોઈ નામો નિશાન ! આ આખુ વિશાળ મેદાન ગૈરો માટે સુરક્ષિત છે !

એનાથી ઈન્કાર નથી કે વ્યક્તિગત રીતે જમાઅતમાં ઘણુ બધુ કામ થઈ રહ્યું છે અને તેના જ પ્રમાણે જમાઅતનો કાફલો કોઈ રીતે ચાલી રહ્યો છે, પરંતુ સામૂહિકતા અને સંગઠનની શાન જ અલગ છે અને તેના લાભ અને બરકતો વ્યાપક અને મજબૂત હોય છે.

એમાં કોઈ શંકા નથી કે અહલે સુન્નત વ જમાઅત જેમનું અસ્તિત્વ રસૂલુલ્લાહ ﷺના યુગથી આજ સુધી ક્રમશઃ ચાલતુ આવી રહ્યું છે, આ અહલે સુન્નત જ હમેશાં બાહ્ય અને આંતરિક પ્રપંચોના ભોગ બન્યા, બાહરી શક્તિઓના નિશાના પણ આ જ રહ્યા અને અંદરના ફિત્નાઓના શિકાર પણ આ જ થયા.

ખિલાફતે રાશિદાના અંતિમ દોરમાં ખારજીઓનો ગિરોહ આપણા જ દરમિયાનથી નીકળ્યો અને મુસલમાનોના જ ખૂનનો પ્યાસો થયો, તેના પછી પણ દરેક દોરમાં એક ક્રમથી ફિત્નાઓ ઉઠતા, ફિર્કા બનતા અને બાતિલ મઝહબો વધતા રહ્યા, અહલે સુન્નતની સંખ્યા ઘટતી રહી.

અહલે હક્કે ઘણા બધા જમાનાઓમાં બાહ્ય દુશ્મનોથી પણ સામનો કરવો પડયો અને કૌમને અંદરના ફિત્નાઓથી બચાવવા માટે પણ તત્પર રહેવું પડયું, તેમની દર્દમંદી, નિઃસ્વાર્થ પ્રયાસો, અને સર્વવ્યાપી કોશિશોનું પરિણામ એ આવ્યું કે ઘણા બધા ફિર્કાઓનો ખાત્મો થઈ ગયો અને આજે તેમની સાથે પોતાને જોડનાર કોઈ ન રહ્યું. એ અલગ વાત છે કે તેમના ઉપજાવેલા અમુક વિચારો બાદના નવા ફિર્કાઓમાં દાખલ થઈ ગયા અને તેમની અસરો આજે પણ બાકી છે, પરંતુ પ્રાચીન ઉલ્માએ હક્ક અને તેમના સહાયકોથી જે કાંઈ થઈ શક્તું હતું તેમાં તેઓએ કોઈ કસર ન રાખી.

હવે અહલે સુન્નત પર જે ફિર્કાઓનો હુમ્લો અધિક સખ્તી સાથે થઈ રહ્યો છે તે લગભગ ૨૦૦ વરસ પહેલાંની ઉપજ છે, તે ફિર્કા અહલે સુન્નતના દરમિયાનથી નીકળ્યા અને એક નવો મઝહબ બનાવી અહલે સુન્નતને સિરાતે મુસ્તકીમથી હટાવવા અને નવી જાળમાં ફસાવવા તેમણે વિવિધ પેંતરા રચ્યા.

**૦૧.** કિતાબો લખી જેમાં અહલે સુન્નતના અક઼ીદા અને અમલોને શિર્ક ઠરાવી દીધા.

**૦૨.** ઈજતેમા અને જલ્સા કરીને લોકોના દિમાગોમાં ઝહેર ભરવાની કોશિશ કરી.

**૦૩.** લોકો સાથે મકાનો અને દુકાનો પર મુલાકાત કરીને તેમને પોતાના તરફ આકર્ષિત કર્યા.

**૦૪.** અહલે સુન્નતના વિસ્તારોમાં પોતાના મકતબો મદ્રસા બનાવી તા'લીમ અને તર્બિયતના નામ પર આપણી પેઢીને નજીક કરી પછી તેમને પોતાના જેવા અક઼ીદાવાળા અને પોતાના મઝહબના પ્રચારક અને મુબલ્લિગ બનાવી દીધા. એ જ રીતે અહલે સુન્નતના દરમિયાન મસ્જિદો બનાવી અથવા તેમની મસ્જિદો પર કબ્જો કર્યો પછી નમાઝીઓને પોતાના જેવા અક઼ીદાવાળા બનાવી લીધા.

**૦૫.** સ્કૂલ અને કોલેજો બનાવી આધુનિક શિક્ષણનો લોભ અપાવ્યો પછી વિદ્યાર્થીઓના દિમાગમાં પોતાના અક઼ીદા અને મઝહબને પણ ઉતારી દીધા.

**૦૬.** કલ્મા અને નમાઝની તબ્લીગના નામ પર એક જમાઅત બનાવી અને તેના થકી અહલે સુન્નતના અસંખ્ય લોકો અને નાની મોટી ઘણી બધી વસ્તીઓના લોકોને પોતાના જેવા બનાવી લીધા.

**૦૭.** આ બધા ઉપરાંત સંશોધન, લેખન, રાજનીતિ અને સામાજિક ગતિવિધિઓ તથા અન્ય દરેક પ્રકારના માધ્યમો દ્વારા લોકોને પ્રથમ પોતાના પ્રશંસક તથા ચાહક અને પછી પોતાના અક઼ીદાવાળા બનાવાની કોશિશ કરી.

આ હરકતોથી નુકસાન કેવળ અહલે સુન્નતને જ પહોંચ્યું, તેમની જ સંખ્યા ઘટી, તેમના જ લોકો બાતિલ ફિર્ક઼ાવાળાઓના નિશાન બન્યા અને તે જ વિવિધ પ્રપંચોના શિકાર બન્યા. અને આ આજે પણ પૂરી તાકતની સાથે ચાલી રહ્યો છે.

**✻ હવે અહલે સુન્નતના સમક્ષ બે ચેલેંજો છે :–**

**(૧)** પોતાના તૂટેલા લોકોને ફરી જોડવા. **(૨)** બીજા લોકોને (બાતિલનો) ભોગ બનવાથી બચાવવા.

એના માટે જરૂરી છે કે દુશ્મન પાસે જેટલા હથિયાર અને સાધનો છે તેનાથી અધિક હથિયાર અને તેમનાથી વધુ પ્રબળ સાધનો આપણા પાસે હોય, તેમનામાં જે તત્પરતા અને ગતિ છે તેનાથી અધિક આપણામાં હોય. આ માટે પરસ્પરતના મતભેદો અને વિખવાદથી દૂર રહેવું અને અક઼ીદાની હિફાઝત તથા મસ્લકના પ્રચાર પ્રસાર માટે એકતા અને સંગઠન કેટલુ જરૂરી છે તે ઈલ્મવાળાઓ માટે વર્ણન કરવાની જરૂરત નથી.

**✻ શક્યતાઓ :–**

અહલે સુન્નતના પેશ્વાઓ અને કૌમના દર્દમંદો જો દિલો જાનથી ધ્યાન આપે તો સબબો અને માધ્યમોનું મળવું આપણા માટે પણ શક્ય છે અને એવું પણ કરી શકાય કે કાર્યને વિવિધ વિભાગોમાં વહેંચીને દરેક ક્ષેત્ર માટે લાયક અને સક્રિયપણે કામ કરનાર લોકો પર આધારિત સમિતિ અથવા બોર્ડ બનાવવામાં આવે જેથી કામ સરળતાથી થઈ શકે.

એના માટે જરૂરી છે કે ત્રણ ચાર અથવા ચાર, પાંચ સભ્યો પર આધારિત એક ઠિંક ટેંક અથવા ઉચ્ચ સમિતિ હોય જે સંપૂર્ણ પરિપકવતા સાથે સર્વ બાબતો માટે આયોજન, સમિતિ રચના, નીતિ નિયમોને લાગુ પાડવાની જવાબદાર હોય. એ જ પ્રમાણે મુશ્કેલીઓ અને રુકાવટો પર વિચારવિમર્શ કરવા અને તેમને દૂર કરવા ઉપર પણ તેની નજર હોય.

આ કાર્ય શક્ય હોવા સાથે મુશ્કેલ જરૂર છે, સમય અને નાણાનું મોટુ બલિદાન ચાહે છે. આટલા મોટા દેશમાં ફેલાયેલ અહલે સુન્નતના લોકોને એક કરવા અને દરેક પ્રાંતના લોકોને એક્ટિવ બનાવવા અને ધોકબાજીના હુમ્લાઓને દૂર કરવા માટે જાગૃત

અને તૈયાર રાખવા કોઈ એવું કાર્ય નથી જે અમુક દિવસો અથવા અઠવાડિયાઓની મહેનતથી થઈ જાય, મહિનાઓ બલ્કે વરસોની મુદ્દત જરૂરી છે.

એવું કરી શકાય કે પ્રથમ દરેક વિસ્તારમાં જઈ ત્યાંના હાલાત અને જરૂરતોનું નિરીક્ષણ કરવામાં આવે, કામ કરી શકે એવા અને ભરોસાપાત્ર લોકો શોધવામાં આવે, પછી જ્યાં મક્તબ, મસ્જિદ, મદ્રસા, સ્કૂલ, કોલેજ, દવાખાના વગેરે બનાવવાની જરૂરત હોય ત્યાં તેમની સ્થાપ્ના કરવામાં આવે અને નક્કી થયેલ સીમારેખાઓના આધાર પર તેમની વ્યવસ્થા ભરોસાપાત્ર લોકોના હવાલે કરવામાં આવે. અને જ્યાં પહેલાંથી સંસ્થાઓ સ્થાપિત હોય તેમને પણ જોડવાની કોશિશ કરવામાં આવે અને તેમને અધિક સક્રિય તથા કામના બનાવવામાં આવે.

આ પ્રમાણે દરેક જગ્યાના હાલાતની જાણકારી પણ એકત્ર થશે અને દરેક ઈલાકાનાની પ્રતિનિધિ ઉચ્ચ સમિતિના હેઠળની પ્રબંધન સમિતિ અથવા સલાહ સમિતિમાં સામેલ થશે અને તેમની સાથે સતત સંપર્ક રહેશે.

ઘણી મોટી મર્કઝી ઈમારત અને ઘણા બધા ઓફિસો તથા કામ કરવાવાળાઓની પણ જરૂરત પડશે જે દરેક વિસ્તારના હાલાત જાણવા, તેમની રિપોર્ટ રજૂ કરવા અને સામાન્ય જરૂરતો માટે પોતાના સંબંધિત ક્ષેત્રોના દોરા કરવાના જવાબદાર હોય.

સર્વ વિગતો ઠિંક ટેંક અથવા ઉચ્ચ સમિતિ નક્કી કરી શકે છે. જો દેશ વ્યાપી સ્તરે (આ કાર્ય) શરૂ કરવું મુશ્કેલ હોય તો જ્યાં સુધી આસાની સાથે શરૂઆત થઈ શકે એટલી જ હદે કામ શરૂ કરવામાં આવે. એ જ પ્રમાણે જે કાર્યો વ્યક્તિગત રીતે અથવા કોઈ સમિતિ અથવા બોર્ડના હેઠળ થઈ રહ્યા છે તેમને જ મજબૂત કરવામાં આવે અને જે મેદાન બિલ્કુલ ખાલી છે તેમના પર ખાસ ધ્યાન આપવામાં આવે.

સૌથી પ્રથમ મસ્અલો એ છે કે આગળ કઈ રીતે વધી શકાય ? ક્યાંથી થાય અને કોણ કરે ?

આ કોશિશ એક અથવા અમુક સંવેદનશીલ, દર્દમંદ, મુખ્લિસ અને મજબૂત દિલ જિગરવાળા લોકો વિના શક્ય નથી જણાતુ, પરંતુ કૌમના નુકસાનથી નજરો ફેરવવી કોઈ રીતે જાઈઝ નથી. કોશિશ થવી જોઈએ અને જરૂર થવી જોઈએ. અને અલ્લાહ જ અસ્બાબ પેદા કરનાર અને મદદગાર છે.

જો કૌમના સર્વ મોટેરાઓ અને પેશવાઓ આ કામમાં રૂચી ન રાખે તો જે દર્દમંદ અને સંવેદનશીલ લોકો છે તે જ આગળ વધી કામ શરૂ કરે અને આ કામને આગળ વધારે. બાકીના લોકોથી ગુઝારિશ કરવામાં આવે કે જો (તેઓ) સહકાર અને સાથ નથી આપી શક્તા હોય તો વિરોધ અને રૂકાવટથી પણ બચે, નહીં તો અહકમુલ હાકિમીન અલ્લાહ તબારક વ તઆલાને ત્યાં અહલે સુન્નતના મોટા નુકસાનોનો હિસાબ આપવા માટે તૈયાર રહે.

જો આપણી જમાઅતના અધિકતમ્ લોકો વિશેષ રીતે શિક્ષિત તથા ઈલ્મવાળા અને માલદારોમાં આ એહસાસ જાગૃત થઈ જાય કે આપણે સતત નુકસાનો ઉઠાવતા આવ્યા છીએ અને તેમની ભરપાઈ માટે મેદાને અમલમાં જાનો દિલ, બુદ્ધિ, ઝબાન અને અમલની સાથે કોશિશ કરવી જરૂરી છે તો કામના માર્ગો ખુલી શકે છે, નહીં તો ગફલત તથા સુસ્તીના માહોલમાં કામયાબીની ઉમ્મીદ વ્યર્થ છે.

પરંતુ મારો અંદાજો છે કે આપણામાં અધિકતમ્ લોકો લાગણીશીલ અને જાગૃત હોવાની સાથે કોઈના આગળ વધવાની રાહ જોઈ રહ્યા છે.

રબ તબારક વ તઆલા અમારુ સારુ ગુમાન સાચુ ફર્માવી દે અને સૌને પોતાના દરજ્જા અને શક્તિ તથા લાયકાત પ્રમાણે તૌફીક઼ ખૈરથી નવાઝે. અને તેનાથી જ મદદ તલબ કરવામાં આવે છે અને તેના પર જ ભરોસો છે.

*(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી–મુંબઈ, સપ્ટેમ્બર–૨૦૧૯)*

# સહાબિયાતનો કિરદાર અપનાવી લો !

કાર્યાલય

સમાજની પ્રગતિ તથા સુધારણામાં જેટલો રોલ એક મા ભજવી શકે છે એટલો બાપ કદી નથી અદા કરી શકતો. આ હકીકત કેવળ કહેવા સાંભળવા તથા નારા લગાડાવવા કે વાહ વાહી કમાવા માટેની નથી, બલ્કે એ એવી હકીકત છે કે એનો ઈન્કાર કદાપિ શક્ય નથી. આ પૃથ્વીના પટ પર જેટલા પ્રમાણમાં પવિત્ર હસ્તીઓએ પોતાની ચમકતી નિશાનીઓ છોડી છે તે સૌની પરવરિશ તથા કેળવણીમાં તેમની નેક તથા સાલેહ તથા દીનદાર માઓનો હાથ રહેલો છે. એ મો'મિના તથા સાલેહા માઓએ પોતાના લખ્તે જિગરોની એવી દીની તથા અખ્લાકી તર્બિયત કરી કે ઈસ્લામી જગત આજ સુધી તેમના ફયૂઝો તથા બરકતોથી ફૈઝયાબ થઈ રહી છે. તેમની ઈલ્મી ખિદમતનાં ઝરણાઓથી ઈલ્મના પિપાસુઓ તૃપ્ત થઈ રહ્યા છે. ઔલાદની તા'લીમ તથા તર્બિયત, ખાનદાન તથા સમાજની સુધારણા એ સર્વ બાબતોમાં સ્ત્રીનો એક મહત્વનો રોલ હોય છે. માની ગોદ બાળકનો પહેલો મદ્રસો છે. આ મદ્રસાનો ઉછેર પામેલ પોતાની માના સારા અખ્લાક તથા કિરદાર અને સહીહ તર્બિયતથી ક્યાં તો નેક તથા સાલેહ બને છે અથવા ગલત તા'લીમો તર્બિયત અને બુરા કિરદારથી બુરો બની જાય છે. સ્ત્રી સમાજની એક જિમ્મેદાર વ્યક્તિ છે. તેની સામાજિક હૈસિયતનો સ્વીકાર કરી લીધા પછી હવે "સમાજ સુધારણા"ની બાબતમાં સહાબી સ્ત્રીઓના કિરદારનો અભ્યાસ કરવામાં આવે તો જોવા મળશે કે તેમના નક્શે કદમ પર ચાલીને આપણા સમાજની સ્ત્રીઓ કેટલા પ્રમાણમાં કામયાબીથી ભેટી શકે છે. તો આવો જોતા ચાલીએ.

## હઝરત ખદીજા رضی اللہ عنہا

તે સ્ત્રીઓ જેમને સહાબિયા (સહાબી સ્ત્રી)નો વિશિષ્ટ લકબ તથા બુઝુર્ગી પ્રાપ્ય છે તે ખૈરુલ બશર તથા મુઅલ્લિમે ઈન્સાનિયત ﷺના તર્બિયત પામેલ ગિરોહનો હિસ્સો છે. એના અનુસંધાનમાં ઉમ્મુલ મો'મિનીન હઝરત ખદીજતુલ કુબ્રા رضی اللہ عنہاનો ઉલ્લેખ અનિવાર્ય છે. તેણી મક્કાની એક ઈજ્જતદાર, બાવકાર તથા માલદાર ખાતૂન હતાં. આપ સૌ પ્રથમ ઈસ્લામથી મુર્શરફ થયાં. હુઝૂર ﷺનાં નિકાહમાં આવ્યા બાદ દીને હક્કની તબ્લીગ તથા પ્રચારમાં આપ અતિ સમર્થક સાબિત થયાં. તેમણે પોતાની તમામ સંપત્તિ ઈસ્લામના પ્રચાર તથા પ્રસારમાં ખર્ચી કાઢી અને પોતાની સર્વ દૌલત યતીમો તથા વિધવાઓની દેખરેખ, લાચારોની મદદ અને જરૂરતમંદોની જરૂરતના માટે વકફ કરી દીધી. મહાન માલી ત્યાગવૃત્તિ અને કુર્બાનીના થકી તેમણે સમાજમાં ખિદમતે ખલ્કની રૂહ ફૂંકી અને ગરીબો તથા મિસ્કીનો તથા તંગદસ્ત લોકો સાથે હમદર્દી તથા ખૈર ખ્વાહીનો જઝબો પ્રદર્શિત કર્યો અને સમાજને ખિદમતે ખલ્કનો પયગામ પણ આપ્યો. હઝરત ખદીજા رضی اللہ عنہاના આ ઉદાહરણીય કિરદારમાં સમાજ માટે મહાન નસીહત છે.

## હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا

અફસોસ છે કે આજે મુસ્લિમ સમાજમાં શાદી વિવાહના મોકા પર ફુઝૂલ રસમો રિવાજ પામેલી છે. નિરર્થક ફુઝૂલખર્ચી, નાચગાન તથા ગાવા વગાડવા જેવાં શરીઅત વિરુદ્ધ કામોનો પણ રિવાજ છે. ન તો ખુદાનો ડર છે ન રસૂલની ફર્માંબરદારીનો લેહાજ છે. એવામાં ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہاની શાદીને નમૂનો બનાવીને સમાજ સુધારણા કરી શકાય છે. હઝરત આઈશા رضی اللہ عنہاના નિકાહ તથા વિદાયગીરી ખૂબ જ સાદગીપૂર્વક અંજામ

આપવામાં આવી. ન તો ખૂબ જ ખાણા વગરની વ્યવસ્થાવાળી દા'વતો આપવામાં આવી હતી અન ન તો ફુઝૂલખર્ચી તથા નામના કે દિખાવાની ગુંજાઈશ હતી. અરબના સમાજમાં મોં બોલ્યા ભાઈની પુત્રી સાથે શાદીને અયબની વાત સમજવામાં આવતી હતી, શવ્વાલના મહિનાને મન્હૂસ સમજીને તેમાં શાદીનો કોઈ પ્રસંગ કરવામાં આવતો ન હતો, આ બેકાર રસમોને ખત્મ કરી દેવામાં આવી. જ્યારે રફીકેગાર હઝરત અબૂબક્ર સિદીક઼ رضی اللہ عنہએ પોતાની લખ્તે જિગર હઝરત આઈશા رضی اللہ عنہاના નિકાહ સરવરે આલમ ﷺ સાથે કરી આપ્યા. જે પ્રસંગમાં ફુઝૂલખર્ચાઓ તથા ગલત રસમોને કોઈ સ્થાન ન હતું. હઝરત અતિયહ رضی اللہ عنہاના કહ્યાનુસાર હઝરત આઈશા છોકરીઓ સાથે રમત રમી રહ્યાં હતાં એવામાં એમનાં મા આવ્યાં અને તેમને લઈ ગયાં અને હઝરત અબૂબક્ર સિદીક઼ رضی اللہ عنہએ આવીને નિકાહ પઢાવી આપ્યો. કુર્બાન જાવ આ સાદગી પર !

## હઝરત આઈશા સિદીક઼ા رضی اللہ عنہاની મહેર તથા રુખસતી

આજે જેમની પાસે દૌલતની રેલમછેલ છે તેઓ કેવળ નિરર્થક ફખ્ર, ખાનદાની પ્રભાવ તથા નસબ તથા શરફની બુનિયાદ પર પોતાની પુત્રીઓની શાદીમાં એકથી એક વધીને મહેરની રકમ નિશ્ચિત કરે છે. કાશ ! તેઓ હઝરત આઈશા સિદીક઼ા رضی اللہ عنہاના મહેરને નજરો સમક્ષ રાખતા. તેમની મહેર પાંચસો દિરહમ હતી. વર્તમાન સંજોગોના પ્રમાણે મહેર એટલી રાખવામાં આવે કે સરળતાપૂર્વક નિકાહના સમયે અદાયગી થઈ શકે છે. એ જ પ્રમાણે પુત્રીની રુખસતી વખતે પણ સગાં વહાલાં સૌ ભેગાં થાય છે અને નવશાવાળાં પણ લાવલશ્કર લઈને આવે છે. એ પ્રસંગને લક્ષમાં રાખીને જોવામાં આવે કે હઝરત આઈશા رضی اللہ عنہاની રુખસતીના સમયે શું વ્યવસ્થા હતી. રાવીના વર્ણવ્યા મુજબ અન્સારની સ્ત્રીઓ દુલ્હનને રુખસતી કરાવવા હઝરત અબૂબક્ર رضی اللہ عنہની ઘરે આવી. એ વખતે હઝરત આઈશા رضی اللہ عنہا સહેલીઓ સાથે ઝુલે ઝુલી રહ્યાં હતાં. માએ અવાજ આવ્યો તો આવ્યાં. માએ બેટીનો હાથ પકડીને મોં ધોવડાવ્યું, કપડાં બદલી આપ્યાં અને વાળો સમારી આપ્યા. પછી તેમને તે ઓરડામાં લઈ ગયાં જ્યાં અન્સારની સ્ત્રીઓ દુલ્હનના ઈન્તેઝારમાં બેઠી હતી. દુલ્હન જ્યારે અંદર દાખલ થઈ તો મહેમાનોએ તેના હક્કમાં ખૈરો બરકતની દુઆ કરતાં તેમનું સ્વાગત કર્યું, દુલ્હનને સંવાર્યા, એટલામાં ખુદ આક઼ાએ રહ્‌મત ﷺ પણ ખૈરો બરકતના પયકર બનીને હઝરત અબૂબક્રના ઘરે તશરીફ લાવ્યા. એ વખતે આપ علیہ الصلوٰۃ والسلامની ઝિયાફતના માટે દૂધના એક પ્યાલાના સિવાય કાંઈ ન હતું. તે આપને પેશ કરવામાં આવ્યું. આપે થોડુક સરખુ પીને હઝરત આઈશા رضی اللہ عنہاની તરફ લંબાવ્યું. તેમણે શરમાતાં શરમાતાં લઈ લીધુ અને થોડુક સરખુ પીને મૂકી દીધુ. પછી દિવસના સમયે શવ્વાલ હિ.સ. ૧માં આપની રુખસતી થઈ.

## ક઼નાઅત (થોડામાં રાજી રહેવું) તથા સદ્ વર્તાવ

વિચારવાનો મક઼ામ છે કે શાદીથી લઈને રુખસતી સુધી આ પૂરા પ્રસંગમાં કોઈ તકલ્લુફ (ખાસ મહેનતથી) વ્યવસ્થા ન હતી. એવો નિકાહ બરકતથી કેમ કરીને ખાલી હોય ?! ખુદા આપણને તૌફીક અતા ફર્માવે. મુસલમાન ઘરોમાં સાથે રહેવા દરમિયાન આપસમાં મેલજોલનો અભાવ હોય છે જેના સબબે ટકરાવો પેદા થાય છે. પણ ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہاએ પોતાના હુસ્ને અખ્લાક઼ વડે સૌનાં દિલ જીતી લીધાં. આપ સૌને આપસમાં જોડેલ રાખતાં. ઘરેલુ મામલાઓમાં એકબીજાના મશ્વરા પર અમલ કરતાં અને પોતાના અમલની પદ્ધતિ વડે નબી علیہ الصلوٰۃ والسلامના ઘરનાને પાકીઝા તથા ખુશગવાર માહોલ અર્પણ કરતાં જેથી નબી કરીમ علیہ الصلوٰۃ والسلامને સુકૂન

તથા રાહત મહેસૂસ થતી. કાશ ! મુસ્લિમ ઘરાનાની સ્ત્રીઓ હઝરત આઈશા رضی اللہ عنہاને પોતાનો આઈડિયલ બનાવી લેતી તો તેમનુ ખાનદાન પણ જન્નતનો એક નમૂનો જોવા મળે.

એ જ પ્રમાણે મત્રાઈ (સોતેલી) ઔલાદની સાથે પણ હઝરત આઈશા رضی اللہ عنہاનો સદ્ વર્તાવ ઈર્ષા ઉપજાવે તેવો હતો. તેમને પોતાની સોતેલી ઔલાદો હઝરત ઝયનબ رضی اللہ عنہا તથા હઝરત ફાતિમા رضی اللہ عنہاની સાથે અમુક દિવસો પસાર કરવાનો મોકો મળ્યો. હઝરત ઝયનબની એક પુત્રી ઉમામા નામની હતી તેની સાથે હઝરત આઈશા رضی اللہ عنہاને ખૂબ જ મહોબ્બત હતી. ક્યાંકથી એક હાર આવ્યો હતો તો પોતે ઉપયોગ કરવાને બદલે તેમણે એ હાર સૌતનની પુત્રી ઉમામાને આપી દીધો. હઝરત ફાતિમા رضی اللہ عنہاની શાદીના મોકા પર જે માઓએ સામાન બરાબર કર્યો હતો તેમાં આપ પણ હતાં. ખુદ વર્ણવે છે કે ફાતિમા رضی اللہ عنہاના વિવાહથી વધીને કોઈ સારો વિવાહ મેં નથી જોયો. આજે સૌતનની ઔલાદો સાથે મહોબ્બત તો દૂરની વાત છે ખુદ સૌતનો એકબીજાને જોવાનું પસંદ નથી કરતી અને ઈર્ષાની માર્યી સળગતી રહે છે. એ જ પ્રમાણે કુટુંબની સ્ત્રીઓ સાથે પણ થાય છે. ઈલ્લા માશા અલ્લાહ ! શું મુસ્લિમ સમાજની સ્ત્રીઓ આ હઝરત આઈશા رضی اللہ عنہاના અમલી રીતભાત તથા વર્તાવથી કોઈ સબક લેવા તૈયાર નથી ?!

આજના ફેશન પરસ્ત દૌરમાં એશપસંદ ઘરાનાઓની સ્ત્રીઓમાં જો કનાઅતપસંદી (થોડામાં કે જે મળે તેમાં રાજી રહેવા)ની વાત કરવામાં આવે તો તે એક અજીબો ગરીબ ચીજ કહેવાશે. પણ કુર્બાન જાવ હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہاની કનાઅત પસંદી પર ! કે નબી ﷺના દસ્તરખાન પર જે લુખુ સૂકુ મયસ્સર થયું તેને તબર્રુક સમજીને ખાય લીધું. તંગદસ્તી તથા ફક્રો ફાકાથી તેમણે જિંદગી પસાર કરી પણ કદી શિકાયતનો શબ્દ જીભ પર ન લાવ્યાં. પોતાના એક શાગિર્દના પૂછવા પર ઉમ્મુલ મો'મિનીન رضی اللہ عنہاએ જવાબ આપ્યો, "મને એ હાલત યાદ આવે છે જેમાં હુઝૂર ﷺએ દુનિયા છોડી, ખુદાની કસમ ! દિવસમાં બેવાર ધરાયને આપ ﷺએ રોટી તથા ગોશત નથી ખાધો. એનો સબબ એના સિવાય કાંઈ ન હતો કે ખુદા વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَને ખુશ કરીને તે આખેરતનું ઘર તા'મીર કરવામાં લાગેલાં રહ્યાં. દુનિયાના થોડા દિવસના એશઆરામના સામાન કરતાં હમેશાં બાકી રહેનારી જિંદગીને પ્રાધાન્ય આપ્યું.

## ગીબતથી દૂરી અને ઉદારતાભર્યું વર્તન

આજે મુસ્લિમ સમાજમાં ગીબત તથા બદગોઈ જેવી બુરાઈ પણ આમ છે. જ્યાં થોડીક સ્ત્રીઓ એક જગાએ ભેગી થઈ કે એકબીજાની બુરાઈ શરૂ ! એનાથી ફિત્ના ફસાદ, લડાઈ ઝઘડાઓ જન્મ લે છે અને સમાજનો પવિત્ર તથા ખુશનુમા માહોલ નેસ્તો નાબૂદ થઈ જાય છે. એ જ કારણે અલ્લાહના રસૂલ ﷺએ તેના બુરાં પરિણામોથી લોકોને સાવધાન કરેલા છે. હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہاની જાતથી કોઈ ગીબત તો દૂર રહી કોઈની બેઅદબીનો મામલો પણ રિવાયતોમાં નથી મળતો. આપ હમેશાં સૌની સાથે ખુશ ચહેરે મળતાં પોતાની સૌતનોની ખૂબીઓ અને તેમના ફઝાઈલ તથા ખૂબીઓનું વર્ણન ખૂબ જ ઉદાર દિલથી કર્યા કરતાં. હઝરત હસ્સાન رضی اللہ عنہથી ઈફ્કના બનાવમાં હઝરત આઈશા رضی اللہ عنہાને સખત સદમો પહોંચ્યો હતો તેમની સાથે પણ સદ્ વર્તાવથી વર્તતાં અને તેમને બુરુ ભલુ કહેવાવાળાઓને રોકતાં. આવા ઉદાર મોટા દિલવાળી સ્ત્રી સમાજમાં દીવો લઈને શોધવા પર પણ નહીં મળે જે બુરાઈના બદલામાં ભલાઈથી પેશ આવે અને એહસાન કરીને એહસાન ન જતાવે.

## પર્દાની વ્યવસ્થા

આજે સમાજમાં બેહયાઈ તથા બેપર્દગી, આઝાદીપૂર્વક સ્ત્રી પુરૂષોની ભેળસેળ અને ઈજ્જતની ફજેતી વેરતા માહોલે સુસભ્ય અને પ્રગતિ પામેલ સોસાયટીની પોલ ખોલી નાખી છે. પર્દો કે જે સ્ત્રીઓની ઈજ્જત તથા આબરૂનો રક્ષક તથા ખાસ મુહાફિઝ છે, તેને તાર તાર કરીને ચાર રસ્તા વચ્ચે ફેંકી દેવામાં આવેલ છે. કાશ ! આપણી સ્ત્રીઓ ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہاથી પર્દા વિશેનો સબક લઈને એના પર અમલ કરતી તો બેપદર્ગીનું પુર એમના ઘરોનું રુખ ન કરતુ. પર્દાનો ખૂબ ખયાલ રાખનારી પાકીઝી બીબીને હજ્જના મોકા પર જ્યારે અમુક બીબીઓએ હજરે અસ્વદને બોસો આપવાનો મશ્વરો આપ્યો તો કહ્યું કે તમો જઈ શકો છો, હું પુરૂષોની ભીડમાં નથી જઈ શકતી. એક રિવાયતથી માલૂમ પડે છે કે તવાફની હાલતમાં પણ તેમના ચહેરા પર નિક઼ાબ પડેલો રહેતો હતો. શું આજની ફેશનફરસ્ત તથા બેપર્દગીની દીવાની મુસ્લિમ સ્ત્રીઓ હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہاના આ નેક અમલના નમૂના પર અમલ કરવા તથા પોતાના માહોલને પાકીઝા બનાવવાના માટે તૈયાર છે ?!

એક મુસલમાન સ્ત્રીના માટે હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہاની જિંદગીમાં તેમની જિંદગીના સર્વ ચઢાવ ઉતાર, ઈન્કિ઼લાબ તથા મુસીબતો, શાદી, વિદાયગીરી, સાસરી, પતિ, શોક્ય, બાળક ન હોવું, વિધવાપણુ, ગરીબી, ગૃહસ્થી જીવન.....સારાંશ તેમના દરેક સંજોગ તથા દરેક પ્રસંગમાં અનુસરણીય નમૂનાઓ મૌજૂદ છે. વળી ઈલ્મી, અમલી, અખ્લાક઼ી દરેક પ્રકારના અમૂલ્ય મોતીઓથી આ પાક જિંદગી માલામાલ છે. એટલા માટે સીરતે આઈશા رضی اللہ عنہا આજની સ્ત્રીઓ માટે એક આઈનો છે જેમાં સાફ રીતે એ જોવા મળશે કે એક મુસલમાન સ્ત્રીની જિંદગીની વાસ્તવિક તસવીર શું છે.

## હઝરત ફાતિમા ઝહ્‌રા رضی اللہ عنہا

હવે અમો ખાતૂને જન્નત હઝરત ફાતિમતુઝ્‌હરા رضی اللہ عنہاના ઉચ્ચ કિરદારને ચર્ચાનો વિષય બનાવીએ છીએ. આજે સ્ત્રી પુરૂષમાં સમાનતા, સ્ત્રી આઝાદી તથા આઝાદ ખયાલીએ શું શું ભવાઈઓ નથી કરી. સ્ત્રીઓ ઘરથી બહાર નીકળીને કોલ સેન્ટરો, ઓફિસો, દુકાનો, વિમાનો, એરપોર્ટો વગેરેનાં કામોમાં શરીક થઈને પુરૂષોના આકષર્ણનું કેન્દ્ર બનેલી છે. તે તેણીઓ પર લલચાયેલી નજરો નાખીને તેણીઓની ઈજ્જત આબરૂ પર આક્રમણ કરે છે. જેનો અનુભવ રોજ બરોજ આપણે જોઈ રહ્યા છીએ. આ તેણીઓએ હઝરત ફાતિમતુઝ્ઝહરા رضی اللہ عنہاનો આઈનો નજર સમક્ષ રાખવો જોઈએ કે જેમને અલ્લાહના મહબૂબ ﷺએ જન્નત ઔરતોની સરદાર કહેલ છે, આ પાક દામન ક઼ાબિલે રશ્ક ખાતૂને ન કદી ઘરની બહાર પગ ક઼ાઢયો અને ન તો કોઈ ખેલકૂદમાં ભાગ લીધો. આજે પોતાના શરીરોનું પ્રદર્શન કરનારી તો ઘણી મળી જશે પણ ફાતિમા જેવી બાહયા કોઈ મળશે નહીં. દુનિયાના ભપકા તથા જાહેરી પ્રદર્શન, ધામધૂમથી પરહેઝ કરનારી અને સાદગીની પયકર રસૂલુલ્લાહ ﷺની લખ્તે જિગરે ઉમદા પોશાકો તથા ઘરેણાઓના શણગાર તથા શોભાથી પણ પોતે પોતાને અલિપ્ત રાખ્યાં. હઝરત ખદીજતુલ કુબ્રા رضی اللہ عنہاના કોઈ સગાની શાદી પર ફાતિમા ઝહરા માટે ઉમદા કપડાં તથા અલંકારો બનાવવામાં આવ્યાં. જ્યારે ઘરેથી નીકળવાનો સમય આવ્યો તો સૈયદાએ એ કિંમતી કપડાં તથા ઘરેણા પહેરવાથી સાફ ઈન્કાર કરી દીધો અને સાદગીની હાલતમાં જ શાદીની મહેફિલમાં હાજરી આપી. કુર્બાન જાવ ખાતૂને જન્નતની આ સાદગી પર કે અઝવાજે મુતહ્‌હરાત (હુઝૂર ﷺની પાક બીવીઓ ઉમ્મતની માઓ) બાદ આ પૃથ્વીના પટ પર એમનાથી બેહતર કોઈ નથી થઈ શકતી, એ તો શાદી વગેરેના મોક઼ા પર સાદગી પ્રદર્શિત કરે અને આપણી બહેનો માથાથી પણ સુધી સજીધજીને

બેહયાઈ તથા નગ્નતાના પ્રદર્શન સાથે પુરૂષોને ભીડને ચીરતી મેરેજ હોલોની શોભા બને છે ! આજે સ્ત્રીઓ ચમક દમકવાળા ભપકાદાર પોશાકો તથા ઘરેણાઓ માટે પતિઓથી ડિમાન્ડો કરે છે, પુત્રી પણ ઝઘડા કરે છે અને આ રીતે ઘરના માહોલની શાંતિ ડહોળાઈ જાય છે જેની બુરી અસર ઘરનાં બાળકો પર પણ પડે છે.

આ મામલામાં હઝરત ફાતિમા رضی اللہ عنہا નો કિરદાર ઘર તથા સમાજની સુધારણાના માટે લાભદાયી પુરવાર થઈ શકે છે, જેની આજે ખૂબ જ જરૂરત છે.

હઝરત ફાતિમા ઝહ્રા رضی اللہ عنہا વાણી તથા વર્તન તથા આદતો તેમજ ખાસિયતોમાં રસૂલે કરીમ ﷺ નો બેહતરીન નમૂનો હતાં. આપ અતિશય મુત્તક઼ી, સાબિર, થોડામાં રાજી રહેનાર તથા દીનદાર ખાતૂન હતાં. ઘરનું સર્વ કામકાજ જાતે પોતે કરતાં. ચક્કી પીસતાં પીસતાં હાથોમાં છાલાં પડી જતાં હતાં. ઘરમાં ઝાડુ આપવાથી તથા ચૂલો ફૂંકવાથી કપડાં મેલાં થઈ જતાં હતાં પરંતુ તેમના માથા પર કરચલી પણ પડતી ન હતી. ઘરનાં કામો ઉપરાંત ઈબાદત પણ ખૂબ જ અધિક પ્રમાણમાં કરતાં હતાં.

આ હઝરત ફાતિમતુઝ્ ઝહરા رضی اللہ عنہا નો આઈનો છે. આજે આરામ તલબી તથા સરળતા પસંદી (કામ ન કરવાની વૃત્તિ)એ ઘરની સ્ત્રીને ન જાણે કાંઈ કેટલી પરેશાનીઓ તથા બીમારીઓમાં સપડાવી રાખી છે. ઘરેલુ સુકૂન તથા ચૈન નાબૂદ થઈ ગયેલ છે. બાળકોની દેખરેખ, તા'લીમ તથા કેળવણી તથા ઉછેરમાં ડિસ્ટર્બ ખડુ થઈને ઘરની તથા સમાજની વ્યવસ્થાને વેરવિખેર કરી નાખેલ છે. શું હજુ પણ આંખ નહીં ઉઘડે ?

એકવાર સૈયદતુન્નિસા رضی اللہ عنہا બીમાર થઈ ગયાં, તેમ છતાં રાતભર ઈબાદતમાં વ્યસ્ત રહ્યાં. જ્યારે હઝરત અલી کرم اللہ وجہہ الکریم ફજરની નમાઝના માટે મસ્જિદે ગયા તો આપ પણ નમાઝ માટે ઉભાં થઈ ગયાં અને નમાઝથી ફારિગ થઈને ઘંટી દળવા લાગ્યાં. હઝરત અલી کرم اللہ وجہہ الکریم એ પરત આવીને તેમને ઘંટી દળતાં જોયાં તો ફર્માવ્યું, હે રસૂલે ખુદા ﷺ ની પુત્રી ! આટલી તકલીફ ન વેઠયા કરો, થોડીવાર આરામ કરી લીધા કરો, ક્યાંક અધિક બીમાર ન થઈ જાવ. ફર્માવવા લાગ્યાં, ખુદાની ઈબાદત તથા આપની ફર્માબરદારી એ બીમારીનો શ્રેષ્ઠ ઈલાજ છે. જો એમનામાંથી કોઈ મૌતનો સબબ બની જાય તો એનાથી વધીને મારી ખુશનસીબી શું હોઈ શકે છે ?!

હે મુસ્લિમ સમાજની સ્ત્રીઓ ! કાશ ! તમો પણ સૈયદતુન્નિસા ફાતિમા رضی اللہ عنہا ની જેમ ખુદાની ઈબાદતગુઝાર તથા ફર્માબરદાર બંદી બનીને ઈબાદતે ઈલાહીમાં પોતાના સમયોને પસાર કરતી.

સહાબિયાત (સહાબી સ્ત્રીઓ)ની ખૂબી એ હતી કે પતિની આજ્ઞાનુ પાલન તથા ખિદમતનો હક઼ અદા કરીને ખુદાની રઝા ખુશ્નુદીની તલબગાર બનતી અને મહેનત તથા તકલીફ વેઠીને તંદુરસ્તીના રાઝથી વાકેફ થતી અને એ રીતે ગૃહસ્થી જીવનની વ્યવસ્થા તથા સામાજિક નિયંત્રણનો સબબ બનતી. આપણા માટે એમાં સબબ છે.

સામાજિક વ્યવસ્થાના હેઠળ તાલીમો તર્બિયત અને સુઘડ જીવન પધ્ધતિ તથા સુસંસ્કાર તથા કિરદાર મહત્વનાં પાસાં છે. તાલીમ વિના સભ્ય તથા પ્રગતિ પામેલ સમાજની કલ્પના પણ અશક્ય છે, પણ તાલીમ તે જ જે સભ્યતા તથા સંસ્કારપૂર્ણ હોય. એ એક હક઼ીક઼ત છે કે ઈસ્લામના આવતાં પહેલાં અરબવાસીઓ પાબંદી વિનાની આઝાદીભરી જિંદગી પસાર કરતા હતા. જિંદગીના બારામાં તેઓ ન તો કોઈ ગંભીર તથા મજબૂત વિચારધારા ધરાવતા હતા અને ન તો એ ચર્ચામાં પડવા પણ ચાહતા હતા. તેમની સર્વ કોશિશ એક ભૌતિક દુનિયા અને તેના

એશોઆરામ પામવા માટે રોકાયેલી હતી. તેઓ એની કલ્પના પણ કરતા ન હતા કે આ દુનિયા સિવાય પણ કાંઈ હક઼ીક઼તો છે. ઈસ્લામે તેમની સમક્ષ જિંદગીની એક ફિલોસોફી પેશ કરી જેમાં સંસ્કારિક પાબંદીઓ હતી, જાઈઝ તથા નાજાઈઝ અને હલાલ તથા હરામના નિયમો હતા, અઝાબ તથા સવાબ અને જન્નત તથા દોઝખનો ખયાલ હતો. ખુદા તથા તેના રસૂલનો ઈક઼રાર અને તેમની ફર્માબરદારીની તાલીમ હતી.

મુસ્લિમ સમાજના લોકો પુરૂષો સ્ત્રીઓ સર્વના માટે એવી તાલીમ અનિવાર્ય હતી જે તેમને જિંદગીની હક઼ીક઼તોથી વાકેફ કરાવે તેને ખુદા વ રસૂલનો આજ્ઞાંકિત તથા ફર્માબરદાર બનાવે, હલાલ હરામની તમીઝ શીખવાડે અને તેમને સમાજના નેક તથા શરીફ ઈન્સાન બનાવે જેનાથી સમાજમાં નેકીઓ ભલાઈઓ ઉછેર પામે અને અમ્નો અમાનનું વાતાવરણ સ્થાપિત થાય.

## કેટલીક પાયાની બાબતો

શિર્કથી બચવું, ચોરીથી પરહેઝ, ઝિનાથી દૂરી, ઔલાદને ક઼ત્લ કરવાથી પરહેઝ કરવું, આક્ષેપબાજી તથા નબવી હુકમોની વિરૂધ્ધ વર્તવાથી બચવું, સારાંશ કે ઈસ્લામમાં પાયાની વાતો તથા એહકામ અને ઉસૂલની તાલીમ આપવામાં આવી છે જે સમાજ સુધારણા માટે જરૂરી છે. રસૂલે અકરમ ﷺના મુબારક દૌરમાં સહાબી સ્ત્રીઓમાં તાલીમ પ્રાપ્તિની તડપ હતી. તેણીઓ દીનના હુકમો માલૂમ કરવાના માટે રાત દિન બેચેન રહેતી અને દરબારે રિસાલતમાં હાજરી આપતી. તાલીમ પ્રાપ્તિના સંબંધે અન્સારની સ્ત્રીઓના બારામાં હઝરત આઈશા رضی اللہ عنہاની રિવાયત છે કે તે સ્ત્રીઓ ઘણી જ સારી હતી. દીનની સમજબુઝ હાસલ કરવાની બાબતમાં હયા તથા શરમ તેમના માટે આડ બનતી ન હતી. સહાબી સ્ત્રીઓ ઈસ્લામી તાલીમાતનો અભ્યાસ ઊંડાણપૂર્વક તથા બારીક દષ્ટિથી કરતી હતી. હલાલ તથા હરામ અને કોઈ કામ કરવા ન કરવાના (અમરો નેહીના) પર આધારિત હુકમોને તેણીઓ મોઢે યાદ કરી લેતી.

સહાબી સ્ત્રીઓને પોતાની જિંદગી પાકીઝા બનાવવાની તથા આખેરતને સમારવાની ફિકર હતી જેથી સારી અસર સમાજ પર પડતી હતી. અફસોસ છે કે આજે મુસ્લિમ સમાજમાં બિદઅતનો રિવાજ આમ થઈ ગયો છે. આ તે સ્થિતિ છે જે અલ્લાહ વ રસૂલને નાપસંદ છે, જેના લીધે સમાજ તબાહી તથા બર્બાદીને ભેટેલો છે. મુસ્લિમ સમાજની સ્ત્રીઓ તથા તાલીબાતને ઈલ્મે દીનની પ્રાપ્તિ પ્રતિ ધ્યાનિત કરવાની ખાસ જરૂરત છે જેથી હરામ તથા હલાલના હુકમો જાણી શકે અને જિંદગી ખુદા વ રસૂલની તાલીમાતના પ્રમાણે પસાર થાય. સમાજ સુધારણા બાબતે પોતાની જિમ્મદારીઓ તથા ફર્ઝોનો એહસાસ તેણીઓમાં પેદા કરવાની ખાસ જરૂરત છે.

## ઈલ્મ પ્રાપ્તિનો જઝબો

સહાબિયાત જુમ્આ તથા ઈદોના ઉપરાંત ઈલ્મી મેહફિલોમાં પણ હાજર થતી અને રસૂલે અકરમ ﷺના બયાનોથી ફયઝયાબ થતી. એક સહાબિયા હઝરત ખૌલા બિન્તે ક઼ૈસ જહિનિયહ رضی اللہ عنہاનું બયાન છે કે તે જુમ્આના દિવસે સ્ત્રીઓની સૌથી છેલ્લી સફમાં હોવા છતાં રસૂલુલ્લાહ ﷺનો ખુત્બો ખૂબ જ તલ્લીનતાપૂર્વક ધ્યાનથી સાંભળતાં હતાં. જેના પરથી ઈલ્મ પ્રાપ્તિ માટે તેમનો ઝોક઼ તથા શોખ તથા આતુરતા પ્રદર્શિત થાય છે. એ જ પ્રમાણે હારિષા બિન નોઅમાન رضی اللہ عنہની એક સાહબઝાદીનો ક઼ૌલ છે કે જુમ્આમાં શિર્કતને કારણે સૂરએ ક઼ાફ સંપૂર્ણ યાદ કરી લીધી હતી જેને રસૂલે ગિરામી વક઼ાર ﷺ લોકોની સુધારણા માટે ખુત્બામાં પઢયા કરતા હતા.

આજે સ્ત્રીઓ ઈલ્મી તથા દીની મજલિસોમાં શરીક થવાથી કતરાય છે પણ મેળાઓ, પાર્કો, બજારોની શોભા જરૂર બને છે. સુઘડ સમાજ વ્યવસ્થાના માટે સહાબિયાતના જીવનના નમૂનાઓને અપનાવવા જરૂરી છે. દા.ત. સગાં સાથે સદ્‌વર્તાવ, તોહફાની લેણદેણ, નોકરો સાથે સદવર્તાવ, આપસમાં સહકાર, બીમારપુર્સી, બીમારની સેવા ચાકરી, માબાપની સેવા, યતીમોની પરવરિશ, યતીમોના માલની દેખરેખ, બાળકોનો ઉછેર, પતિના માલ સંપત્તિની હિફાઝત, પતિની ખુશીનો ખયાલ અને તેની ખિદમત વગેરે. સહાબિયાત આ ઈસ્લામી નિયમો પર કાર્યરત રહીને ગૃહસ્થી જીવન વ્યવસ્થા તથા સમાજ વ્યવસ્થાને શાંતિપૂર્ણ તથા ખુશનુમા માહોલ અર્પણ કરતી હતી. યહૂદી સ્ત્રીઓમાં વાળ ખરી જવા પર બનાવટી વાળ લગાડવાનો રિવાજ હતો એનાથી મુસ્લિમ સ્ત્રીઓને રોકવામાં આવી. રસૂલુલ્લાહ ﷺએ એવી સ્ત્રીઓ પર લા'નત મોકલી છે.

## ઈલ્મમાં નિપૂણતા

સહાબિયાતે પોતાના ઈલ્મી શોખને જીવંત રાખવા અને તેને વધારવા માટે જરૂરી તરીકા અપનાવ્યા હતા. દા.ત. રસૂલે ખુદા ﷺની મજલિસમાં સામેલ થવું, મોઅલ્લિમાઓની પાસે હાજરી, બયતે આઈશા, બયતે ઉમ્મે સલમા, બયતે મૈમૂના, બયતે અસ્મા બિન્તે અબૂબકર, બયતે અસ્મા બિન્તે અમીસ, બયતે ઉમ્મે હબીબા, બયતે ઉમ્મે ફઝ્લ, બયતે ઉમ્મે હાની, બયતુશ્શિફા બિન્તે અબ્દુલ્લાહ અને બયતુસ્સફિય્યહ બિન્તે શયબા જેવા મકતબો અને ઈલ્મી મર્કઝોમાં ભેગી થઈને વિવિધ પ્રકારના ઈલ્મોની પ્રાપ્તિ કરતી. ઉમ્મુલ મો'મિનીન હઝરત હફસા رضی اللہ عنہا કિતાબતના ઈલ્મથી માહિતગાર હતાં. હઝરત સૌદા અને હઝરત ઝયનબ બિન્તે જહશ ચામડાં પકવવામાં નિષ્ણાંત હતાં. હઝરત ઝયનબ બિન્તે અબી મુઆવિયહ તફસીર તથા હદીષ અને ફિક્હ તથા ફત્વામાં નિપૂણતા ધરાવતાં હતાં અને સમાજની સ્ત્રીઓમાં તેનો પ્રચાર પણ કરતાં હતાં જેથી તે સહાબી સ્ત્રીઓ દીની ઈલ્મથી માહિતગાર થઈને પોતાના સમાજને ખુશગવાર તથા પાકીઝા માહોલ અર્પણ કરે. આ રીતે સમાજમાં સહાબિયાતના અસરકારક કિરદારે ઈન્કિલાબ ખડો કરી આપ્યો. જરૂરત છે કે તેમના નક્શે કદમ પર ચાલીને મુસ્લિમ સમાજમાં દીની કેન્દ્રો તથા મકતબો સ્થાપિત કરવામાં આવે. માહાના, રોઝાના કે હફતાવારી દીની ઈજતેમાઓ રાખવામાં આવે જેથી સમાજની સ્ત્રીઓ અને તાલીબાત વગેરે એનાથી ફાયદો પામી શકે. સહાબિયાતે જે રોલ અદા કર્યો તેનું આજે પણ એટલું જ મહત્વ છે જેટલુ ચૌદસો વરસ પહેલાં હતું. આજે પણ સહાબી સ્ત્રીઓના કિરદાર પર ચાલીને સાલેહ ઈન્કિલાબ સર્જી શકાય છે એના માટે સૌ પ્રથમ સ્ત્રીઓમાં દીની જઝબો પેદા કરવો પડશે. પશ્ચિમવાસીઓના આંધળા અનુકરણે તેમના દિલો પર જે કાટ લાગી ગયો છે તેને ઘસી ઘસીને દૂર કરવો પડશે. *(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, નવેમ્બર-૨૦૧૯)*


**આલિમ બનાવનાર કિતાબ મંગાવો !**

**બહારે શરીઅત (ભાગ : ૧) ૧ થી ૫ હિસ્સા**

**બહારે શરીઅત (ભાગ : ૨) ૬ થી ૧૦ હિસ્સા**

જેમાં અકીદા, વુઝૂ, ગુસ્લ, તયમ્મુમ, નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત, તલાક વિશે, કસમ, મન્નત, ઝિના, શરાબ, તોહમત, ખૂન, ચોરી, જેહાદ, મુર્તદ.... વગેરે વિશે કુર્આન, હદીષની રૂએ મસાઈલનો ખજાનો (વાંચો-વંચાવો) **બંને ભાગના રૂા. ૪૫૦** (ટપાલ ખર્ચ રૂા. ૫૦)

સંપર્ક કરો : **સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ, પિન : ૩૯૨૦૨૦, મો. ૯૪૨૭૪૬૪૧૧



# કુર્આનની ઉર્દૂ તફસીરોમાં
## ખઝાઈનુલ ઈરફાનનું સ્થાન

:: રજૂકર્તા ::
મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી
(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

૧૨, એપ્રિલ–૨૦૧૫ ગાલિબ એકેડમી દિલ્હીમાં તેહરીકે "સવાદે આ'ઝમ"ના કૌમી સેમીનારમાં આ લેખ વાંચીને રજૂ કરવામાં આવ્યો. "ખઝાઈનુલ ઈરફાન" કુર્આને પાકનો એક તફસીરી હાંસિયો છે. કોઈ કોઈ અલગથી બાકાઈદા તફસીર નથી. તેના મુફસ્સિર તથા લખનાર સદરુલ અફાઝિલ હઝરત મૌલાના સૈયદ મુહમ્મદ નઈમુદ્દીન કાદરી મુરાદાબાદી رحمۃ اللہ علیہ છે. જેઓ મુફતી તથા ફકીહ પણ હતા અને પોતાના સમકાલિન ઓલમાએ હિન્દમાં "સદ્રુલ અફાઝિલ"ના લકબથી મશહૂર હતા. અને આજે પણ તેઓ પોતાના નામ કરતાં પોતાના લકલ (સદ્રુલ અફાઝિલ)થી વધારે મશહૂર છે. (જન્મ : ૨૧, સફર ૧૩૦૦, હિ.સ. ૧ જાન્યુઆરી–૧૮૮૩, વફાત : ૧૮ ઝિલહજજ ૧૩૬૯ હિ. ૨૩, ઓકટોબર–૧૯૪૮)

હઝરત સદ્રૂલ અફાઝિલ رحمۃ اللہ علیہની એક મોટી ખૂબી એ છે કે વર્ણન શૈલી ઈસ્લાહી, અહકામ તથા મસાઈલની વર્ણન પધ્ધતિ એક મુબલ્લિગની જેમ, તેમજ ફિકહ સબંધિત, અકાઈદ સંબંધિત તથા ઐતિહાસિક વાસ્તવિકતાઓનું વર્ણન સંશોધનાત્મક હતું. આપે જેવી રીતે પોતાની કિતાબો તથા લખાણોમાં હક્ક તથા સત્યતાનું સબૂત રજૂ કર્યું છે. અને બાતિલ તથા જૂઠના રદમાં જેવી રીતે اَشِدَّآءُ عَلَى الْكُفَّارِ (તેઓ કાફિરો પ્રત્યે સખત છે)ની તફસીરી તસ્વીર રજૂ કરી છે તેવી જ રીતે رُحَمَآءُ بَيْنَهُمْ (આપસમાં એકબીજા સાથે મહેરબાનીભર્યો વર્તાવ કરનારા છે)ની સાચી અમલી છબી પણ પેશ કરી છે.

આ વાત અમે આયતુલ કુર્સીમાં વર્ણન થયેલ અકીદએ શફાઅતને સમજવા માટે તકસીરે ખઝાઈનુલ ઈરફાનની સરખામણી "તફસીરે બયાનુલ કુર્આન" અઝ : અશરફ અલી થાનવી દેવબંદી તથા "તફસીરે તર્જુમાનુલ કુર્આન" અઝ : નવાબ સિદ્દીક હસન ભોપાલીની તફસીર સાથે કરીને અધ્યયન કર્યા પછી કહી છે. અને સચ્ચાઈ એ છે કે દલીલો તથા જાણકારીઓની સાથે સાથે ઝબાન તથા બયાન (વર્ણન શૈલી)ના એતેબારથી પણ હઝરત સદ્રુલ અફાઝિલ પોતાના સમકાલિનોમાં મુમ્તાઝ તથા વિશેષ છે. જેમણે મસ્લકી દષ્ટિએ અકાઈદે એહલે સુન્નતના સબૂતમાં ખૂબ લખ્યું છે. આપ પણ પશ્ચિમી ઉત્તરપ્રદેશના છે પરંતુ આપની ભાષા સાફ સુથરી તથા પાકીઝા છે જ્યારે કે પશ્ચિમી યુ.પી.ના દેવબંદી વહાબી ઓલમાના જવાબી લખાણોની બલ્કે એવું કહી શકાય કે જેમના ઈમાન તથા અકીદાની ભાષા પણ કદી કદી અજીબો ગરીબ (વિચિત્ર) હોય છે.

હઝરત સદરુલ અફાઝિલ رحمۃ اللہ علیہના લગભગ ૨૦ લખાણો તથા સંપાદનો છે. છેલ્લી તસ્નીફ (કૃતિ) કુશ્તે નાઝેબાથી સંબંધિત છે. અમે ખઝાઈનુલ ઈરફાન, અત્યબુલ બયાન (તકવિયતુલ ઈમાનની રદમાં), તેહકીકાત લિદફઈત્તલ્બીસાત, સવાનેહે કર્બલાનો સંપૂર્ણ અભ્યાસ કર્યો છે. આપની તસ્નીફોમાં "ખઝાનુલ ઈરફાન" અકીદત તથા હકીકત બંનેવના આધારથી મકબૂલ તથા મશહૂર કૃતિ છે.

ખઝાઈનુલ ઈરફાનમાં લગભગ જરૂરતથી વધારે કશું જ નથી એ તેની અગત્યની વિશિષ્ટતા છે, અને જરૂરતથી ઓછુ પણ નથી જે તેની બીજી ખૂબી છે. જ્યાં લાગે છે કે અહિંયા કાંઈક અધિક (વર્ણન)

હોવું જોઈએ ત્યાં જ કુર્આનનો તરજુમો "કન્ઝુલ ઈમાન"ના તે (વિષય) સંબધિત આગળ પાછળ જોઈને સ્પષ્ટ થઈ જાય છે કે આટલા જ (વર્ણન)ની જરૂરત હતી. એક મોટી ખૂબી એ છે કે હક્ તથા સત્યને સાબિત કરવામાં મધ્યમતા તથા સંતુલનનો હમેશાં ખયાલ રાખ્યો છે. અને બાતિલ તથા નાહક્ના રદમાં હઝરત સદ્રૂલ અફાઝિલની ક્લમે એવા શબ્દો તથા ભાષાને ટચ પણ નથી કરી જેના પર બજારુ ભાષા, અવામી વર્ણન પધ્ધતિ તથા ગંવારાપનનો આરોપ લગાડી શકાય, બલ્કે દરેક જગ્યાએ મુફસ્સિરાના વક઼ાર, આલિમાના શાન, ફાઝિલાના તેવર, મોહક્કિ઼કાના દલીલબાઝી તથા મુસ્લિહાના લબો લેહજો તથા ભાષા જોવા મળશે.

એમ કહી શકાય કે કુર્આનનો તર્જુમો "કન્ઝુલ ઈમાન" જો દરેક અરબી તરજુમાઓ તથા તફસીરોનો ખુલાસો તથા નિચોડ છે તો "ખઝાઈનુલ ઈરફાન" તેના પર સોના પર સુહાગા છે. આ તફસીરી હાંસિયાને જોઈને એવુ નથી લાગતુ કે આ'લા હઝરત رحمۃ اللہ علیہએ પ્રથમ ભાષાંતર કર્યું અને ત્યારબાદ ઘણા દિવસો પછી હઝરત સદ્રુલ અફાઝિલ رحمۃ اللہ علیہએ પોતાની મો'મિનાના તફસીરી ક્ષમતા તથા ઈસ્લાહ ભરી તર્બિયતના મુજબ પોતાના સમયના દીની તકાઝાઓને નજરો સમક્ષ રાખીને પોતાના હાંસિયાની સાથે સાથે તેની પ્રસિધ્ધિની પણ વ્યવસ્થા કરી, બલ્કે એમ લાગે છે કે બન્નેના મશ્વેરાથી બન્નેનું કામ એક સાથે પૂર્ણ થયું છે. (જ્યારે કે એવું નથી) તેનું કારણ માત્ર એ જ છે કે આ'લા હઝરત رحمۃ اللہ علیہની મુફસ્સિરાના તથા ફક઼ીહાના બસીરત (ક્ષમતા)ને પ્રદર્શિત કરતા તર્જુમા "કન્ઝુલ ઈમાન"ના કુદરતી આકર્ષણને હઝરત સદ્રુલ અફાઝિલની પ્રાકૃતિક શક્તિએ માપી લીધી અને આ તફસીરી હાંસિયો તથા તર્જુમા બંને "તૂ મન શુદમ મન તૂ શુદી"ની છબી બની ગઈ અને એકબીજાની ઓળખ તથા હમનામ થઈ ગયાં એ કે હવે એકબીજાથી અલગ ન ગણી શકાય. આવું અમે એટલા માટે કહી રહ્યા તથા લખી રહ્યા છીએ કે જો કન્ઝુલ ઈમાનની સાથે ખઝાઈનુલ ઈરફાનનો આ તફસીરી હાંસિયો સામેલ રહે અને હઝરત સદરુલ અફાઝિલ رحمۃ اللہ علیہનું નામ ન જાહેર કરવામાં આવે તો સામાન્ય વ્યક્તિને ખબર પણ ન પડે કે આ બીજી વ્યક્તિનો હાંસિયો છે, પરંતુ દીર્ઘ દષ્ટિ ધરાવતા તથા બારીકાઈથી અભ્યાસ કરતા ઓલમાએ કિરામ સમક્ષ સદરુલ અફાઝિલ رحمۃ اللہ علیہનું આ (વાક્ય સ્પષ્ટ કરી આપશે કે ભાષાંતર કરનાર અલગ છે અને હાંસિયો લખનાર અલગ છે :–

"અઝાબ દરેક બુરા હોય છે." سُوْٓءَ الْعَذَابِ તે કહેવાશે જે બીજા અઝાબોથી સખત હોય. એટલા માટે હઝરત અનુવાદકે બુરા અઝાબ તર્જુમો કર્યો."

*(સૂ. બકરહ, આયત–૪૯ ના હાશિયા નં. ૮૩)*

એ જ પ્રમાણે કોઈ પઢેલો ગણેલો વ્યક્તિ જ્યારે આ તફસીરી હાંસિયામાં ઠેક ઠેકાણે આ પ્રમાણે લખાણ જોશે કે "પરંતુ મુખ્ય તફસીર તે જ છે જે હઝરત અનુવાદકે (આ'લા હઝરતે) અપનાવી છે." "સૌથી મજેદાર તફસીર તે જ છે જે અનુવાદક (આ'લા હઝરત رحمۃ اللہ علیہ)એ વર્ણન કરી છે." વગેરે..

હવે સવાદે આ'ઝમ અહલે સુન્નત વ જમાઅતની હક઼ીક઼ત તથા હક્ક઼નિયત (હક્ક઼ પર હોવું) તથા અસ્લાફ (પાછલા બુઝુર્ગો)ના મધ્યમ વલણના સંબંધિત એક ઉદાહરણ રજૂ કરવા માટે હું મારા અભ્યાસનો એક નિચોડ રજૂ કરું છું :

આયતુલ કુર્સીમાં શફાઅતના અધિકાર વિશેનું જે વર્ણન છે مَنْ ذَا الَّذِیْ یَشْفَعُ عِنْدَهٗۤ اِلَّا بِاِذْنِهٖ "તે કોણ છે જે તેના ત્યાં (અલ્લાહની બારગાહમાં) સિફારિશ કરે તેની પરવાનગી વિના." *(સૂ. બકરહ, ૨/૨૫૫)* અહિયાં હઝરત સદરુલ અફાઝિલ رحمۃ اللہ علیہ લખે છે :

"આ આયતમાં મુશ્રિકોને રદિયો આપવામાં આવ્યો છે, જેમનું માનવુ એ હતું કે આ મૂર્તિ શફાઅત કરશે. તેમને જણાવી દેવામાં આવ્યું કે **કાફિરો તથા મુશ્રિકો માટે શફાઅત નથી.** અલ્લાહની બારગાહમાં પરમિશન વિના કોઈ શફાઅત નથી કરી શકતું અને **પરમિશનવાળા અંબિયા, ફરિશ્તાઓ તથા મો'મિનો** છે."

તમે મેહસૂસ કરી શકો છો કે તેનાથી અધિક (વર્ણન)ની જરૂરત જ નથી. ખાસ કરીને કોઈ પણ તફસીરી હાંસિયામાં અને કોઈ બાકાઈદા તફસીરમાં પણ આવી જોડ વિનાની વાણીની બિલ્કુલ જરૂરત નથી જેને અહિયાં નીચે અમે રજૂ કરવા જઈ રહ્યા છીએ.

"..... એવું ક્યાંય પણ નથી આવ્યું કે કાફિરો, મુશ્રિકોની પણ શફાઅત થશે. બલ્કે તેમના વિશે તો એવું આવ્યું કે છે કે તેમની શફાઅત થશે નહીં. જેઓ નામના મુસલમાન, ગોર પરસ્તી (કબર પૂજા), પીર પરસ્તી, ઈમામ પરસ્તી, રાય પરસ્તી, કયાસ પરસ્તી જેવા ફાસિદ (ખરાબ) અકીદાઓમાં માને છે, અલ્લાહના વલીઓને હાલતોને બદલનાર જિંદગીમાં અથવા વફાત પામ્યા બાદ માને છે **તેઓ મુશ્રિક છે.** તેમનું એ ઘમંડ કે અમને અમારા પીર, ફકીર, મુરશિદ, દસ્તગીર, શફાઅત કરીને બખ્શિશ કરાવી લેશે, તે માત્ર તેમની જૂઠી આશા છે. પીર ખુદ શફાઅત કયાંથી કરાવશે. શફાઅત ગુનેહગારો માટે છે તે પણ સીમિત અને નામાલૂમ લોકો માટે છે, બદ અકીદા લોકો માટે નથી જેઓ ગૈરુલ્લાહને માને છે, કોઈના નામ પર જાનવર ઝબહ કરે છે, કોઈની નઝર માને છે. કોઈને શિફા આપનાર સમજે છે, કોઈકને ઔલાદ આપનાર અથવા હાજત પૂરી કરનાર સમજે છે.

*(તરજમાનુલ કુર્આન બિલતાઈફુલ કુર્આન, અઝ : ભોપાલી, ભાગ-૧, સૂ. બકરહ, પેજ-૩૨૪)*

આ ગુસ્સો તથા અકીદો છે નવાબ સિદ્દીક હસન ભોપાલી વહાબી ગૈરમુકલ્લિદનો છે તે તદ્દન જ બેજોડ ગેરઉચિત વાત છે. તે કુર્આની પૈગામ નથી આપતો બલ્કે પોતાનો ગુસ્સો કાઢી રહ્યો છે ! અને પોતાની બહાદુરી રજૂ કરી રહ્યો છે. નહીં તો જે સમયે આયતુલ કુર્સી નાઝિલ થઈ અને તેનું જે બેકગ્રાઉન્ડ છે તેનો તકાઝો છે કે ફક્ત એટલુ જ બયાન કરવામાં આવે જેટલુ કે તેના (આયતુલ કુર્સીના) દરેક ભાગનો તકાઝો છે.

એક ત્રીજી તફસીર અમારી સમક્ષ છે "બયાનુલ કુર્આન" અઝ : અશરફ અલી થાનવી, તે તર્જુમો કરે છે કે, "એવી કોણ વ્યક્તિ છે જે તેની પાસે સિફારિશ કરી શકે તેની ઈજાઝત વિના." અને લખે છે કે :

"કયામતમાં અંબિયા, અવલિયા ગુનેહગારોની શફાઅત કરશે. તેઓ પહેલાં અલ્લાહ તઆલાની મરજી પામી લેશે પછી શફાઅત કરશે."

આ એક દેવબંદી આલિમનો અકીદો છે કે અલ્લાહ તઆલા અંબિયા, અવલિયા તથા મો'મિનોને શફાઅતનો અધિકાર અગાઉથી જ આપી દેશે ત્યાર બાદ તેની ઈજાઝતથી જ શફાઅત કરશે, જ્યારે કે નવાબ સાહેબે એ લખ્યું જે તેમનો અકીદો છે, જે તેમની તબીયતે કહ્યું પણ એ ન લખ્યું જે ઈસ્લામી અકીદો છે અને જે શરીઅતનો તકાઝો છે.

તેની જ સ્પષ્ટતા થોડી વિસ્તારપૂર્વક હઝરત સદરુલ અફાઝિલે કરી આપી : પ્રથમ તો એ કે આ કાફીરો, મુશ્રિકોનો રદ છે જેઓ **મૂર્તિઓને શફાઅતની હક્કદાર માને છે** : બીજુ એ કે કાફિરો તથા મુશ્રિકોની પણ શફાઅત નહીં થાય તો પછી તેમની મૂર્તિઓને શફાઅતનો હક્ક તથા ઈજાઝત ક્યાંથી આપવામાં આવે !

હવે છેલ્લી વાત કે સૂરએ બકરહની આયત નંબર ૬ હેઠળ ફર્માવે છે : "આ આયત અબૂ જહલ, અબૂ

લહબ વગેરે કાફિરોના હક્કમાં નાઝિલ થઈ છે જેઓ અલ્લાહના ઈલ્મમાં ઈમાનથી મેહરૂમ છે એટલા માટે તેમના વિષયમાં અલ્લાહની વિરૂધ્ધ જવાથી ડરાવવા ન ડરાવવા બંને બરાબર છે. તેમને ફાયદો નહીં થાય. પરંતું હુઝૂર ﷺની કોશિશ બેકાર નથી, કેમ કે તે સંપૂર્ણ રસૂલ હોવાના સ્થાનની ફરજ, રહનુમાઈ તથા દલીલ કાયમ કરવું તથા તબ્લીગની કમાલની કક્ષાની પરિપૂર્ણતા છે.

ત્યારબાદ એક મસ્અલો બયાન ફર્માવ્યો છે કે :

"જો કૌમ ભલાઈ સ્વીકાર કરનાર ન હોય તો પણ હાદી (માર્ગદર્શક)ને રહનુમાઈનો સવાબ મળશે.

ઉપરોક્ત વર્ણનમાં હઝરત સદરુલ અફાઝિલનો આપણને એક પૈગામ છે કે રિસાલતના હોદ્દાના દઅવત તથા તબ્લીગ સંબધિત વારસદારીનો દાવો કરવાનો મતલબ એ છે કે આપણે પોતાની દઅવત તથા તબ્લીગ સંબધિત જવાબદારીઓથી ગાફિલ ન થઈએ. અને કોઈ વ્યક્તિને કોઈ બદઅકીદા તથા બદમઝહબની સાથે બેસેલો જોઈને અથવા તેમની દુકાન પર ઉભેલા જોઈને એવું લખવાની કે બયાન બાઝી કરવાની હિંમત ન કરીએ કે હવે તેના મુકદરમાં જહન્નમ લખાય ગઈ છે, હવે તે મુસલમાન નથી રહ્યો, તે જન્નતમાં હરગિઝ હરગિઝ નહીં જાય, બલ્કે સહી અકીદો તથા ઈસ્લામનો સાચો પૈગામ તેના સુધી જરૂર પહોંચાડવાની કોશિશ કરીએ. અને હક વાત પહોંચાડી દેવાની હુજ્જત (દલીલ) કાઈમ કર્યા બાદ જ્યારે પરિણામ સકારાત્મક ન હોય ત્યારે આ પ્રકારની બયાનબાઝી કરીએ. નહીં તો આપણી આવી હરકતોના કારણે એક બંદાએ ખુદાનુ હમેશાંનું ઈસ્લામી નુકસાન તેનું મુકદર બની જાય છે અને આપણે પોતાના હોદ્દા સંબધિત તકાઝાઓને પૂર્ણ કરવાથી ગાફિલ થઈને ગુનેહગાર બની જઈએ છીએ.

હઝરત સદરુલ અફાઝિલ رحمۃ اللہ علیہએ લખ્યું છે કે, "જેનાથી સુન્નત નાબૂદ થઈ જાય તે બિદઅત છે." એટલે કે જે કામથી સુન્નતે રસૂલ ﷺ ઈસ્લામી અકીદા તથા મો'મિનના કિરદારની તબ્લીગ તથા તેનો પ્રચાર હોય તે એક સારી રવિશ છે, જેને કરનાર તથા શરૂ કરનારની સુન્નત કહી શકીએ છીએ. જેમ કે કુર્આનના તર્જુમા *કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન*ને ઉત્તરી હિન્દુસ્તાનના એક વકીલ સાદિકુલ્લાહ સાહેબ દર વર્ષે મોટી સંખ્યામાં એ નિય્યતથી મફત તકસીમ કરે છે કે ઈસ્લામી અકીદા તથા માન્યતા વિરૂધ્ધ લખવામાં આવેલ તર્જુમાઓ તથા તફસીરો આપણા સમાજમાં દાખલ ન થાય. એટલે કે બિદઅતો તથા ખુરાફાતો તેમજ ગૈર ઈસ્લામી માન્યતાઓને મિટાવવા તથા નાબૂદ કરવા માટે આવી કિતાબની મફત વહેંચણી ખુદ એક સુન્નત છે.

"ખઝાઈનુલ ઈરફાનના લેખકની જાતથી અમે તેમની બે ખૂબીઓના કારણે ખૂબ પ્રભાવિત થયા છીએ, એક તો એ તફસીરી ખૂબી જે ઉપર વર્ણન થઈ. બીજી ખૂબી એ છે કે આપે સુન્નિયતની પહેચાન આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મોહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہને ઈસ્લામના એક મહાન આલિમે દીન તથા ઈસ્લામી શરીઅતના એક અઝીમ ફકીહ સમજીને આપ તરફથી જવાબો આપ્યા. નિઝામુલ મલિક નામી સમાચાર પત્રમાં ઈદરીસ નામી ફિત્ના પરવર વહાબીએ લગાડેલા આરોપો તથા ગુસ્તાખીઓનો જવાબ લખીને તે જ સમાચાર પત્રમાં પ્રસિધ્ધ કરાવ્યા. જેથી ફિત્નો કરનાર વહાબી દ્વારા આ'લા હઝરતના વિરૂધ્ધ ફેલાવવામાં આવેલ ગલત ફેહમીઓનો નિકાલ થઈ જાય. આ સમાચાર પત્રના અંકને હાજી મુહમ્મદ અશ્રફ મુરાદાબાદીએ આ'લા હઝરત رحمۃ اللہ علیہની બારગાહમાં પેશ કર્યો. જેને વાંચીને આ'લા હઝરતે અત્યંત ખુશીનો ઈઝહાર કર્યો અને દિલથી સદરુલ અફાઝિલની કામયાબીઓ માટે દુઆઓ કરી અને

સદરુલ અફાઝિલની એ જ ખિદમત આ'લા હઝરતની ઝિયારતનું કારણ તથા મુલાકાતની પુરકશિશ બુનિયાદ બની. આ તે સમયની વાત છે જ્યારે આપની ઉંમર ૧૯ વરસની હતી.

સૌથી આકર્ષક વાત એ છે કે હઝરત સદ્રુલ અફાઝિલે આપણને એ સબક આપ્યો છે કે તરફદારી તથા ઈત્તેફાક તેમજ તસ્દીક (સમર્થન) માટે કહેનારની તેમજ મુફતી, લેખક તથા અનુવાદકની સાથે મુલાકાત તથા સંપર્ક જરૂરી નથી. હા ! દીનના નામ પર આલિમે દીનની હૈસિયતથી દીની નેતૃત્વ પર બહુમતની સહમતિ થઈ જાય તો પછી તરફદારી તથા સમર્થન કોઈ પણ રીતે જરૂરી છે. અને આ શરત આ'લા હઝરતની દીની તથા આલિમાના પ્રતિષ્ઠા વિશે એકમત હોવા માટે સદરુલ અફાઝિલની નજરોમાં મૌજૂદ હતી. માત્ર આ સ્વીકૃત હકીકતે સદરુલ અફાઝિલને આ'લા હઝરત વિરૂધ્ધ લગાડવામાં આવેલ આરોપો પ્રત્યે ખૂબ બેચેન કરી નાખ્યા જ્યારે કે તે સમયે આ'લા હઝરત સાથે આપની મુલાકાત પણ થઈ ન હતી, બસ માત્ર સારુ ગુમાન તથા હુસ્ને અકીદતે પોતાની જમાઅતના એક મહાન આલિમેદીનની તરફદારીમાં કલમ ઉઠાવવા તથા સમાચાર પત્રની ઓફિસમાં પહોંચીને જવાબી લખાણ પ્રસિધ્ધ કરાવવાની પ્રક્રિયા તથા અમલ પર મજબૂર કરી આપ્યા. આ અમલ પણ પોતાનામાં ઈમામુલ હિંદ હઝરત સદરૂલ અફાઝિલની આ વ્યક્તિગત ખૂબી છે કે જવાબ છપાવવા માટે તેના તંત્રીને કઈ રીતે મનાવ્યા પછી તેની શું અસરો થઈ.

જશ્ને સદ્સાલા ''તફસીરે ખઝાઈનુલ ઈરફાન''ના મોકા પર તેહરીકે સવાદે આ'ઝમ નઈમી એજ્યુકેશનલ ટ્રસ્ટ દિલ્હી હેઠળ આવા લાભદાયક સેમીનારનું આયોજન કરવા બદલ અમે મૌલાના ગુલામ મુસ્તફા નઈમીને મુબારક બાદ પેશ કરીએ છીએ.

*(કન્ઝુલ ઈમાન મંથલી–દિલ્હી, નવેમ્બર–૨૦૧૯, અઝ : મુહમ્મદઝફરૂદ્દીન બરકાતી)*

પેજ 11 નું ચાલુ..

વારસાના ડબલ ભાગ, વંશ અને નિકાહ, તલાકના માલિક તેમજ વંશ એમના પ્રતિ સંબંધિત કરવા બાબત અને નમાઝ, રોઝાના સંપૂર્ણપણે લાયક હોવાની બાબતમાં. કારણ કે એમના માટે કોઈ સમય એવો નથી જેમાં તેઓ નમાઝ, રોઝાને લાયક ન હોય, તેમજ દાઢીઓ અને પાઘડીઓની બાબતમાં શ્રેષ્ઠતા આપી.

૨૯ : **મસ્અલો** : આ આયતથી જણાયું કે સ્ત્રીઓની ખાધા ખોરાકી અને ભરણ પોષણનો ખર્ચ પુરૂષો પર વાજિબ છે.

૩૦ : પોતાની પવિત્રતા તેમજ પતિઓના ઘર, માલ અને ભેદની.

૩૧ : તેમને પતિની નાફર્માની અને કહ્યું ન માનવાનું તેમજ તેના હક્કોનો ખ્યાલ ન રાખવાનાં પરિણામ સમજાવો, જે દુનિયા અને આખેરતમાં આવે છે. અને અલ્લાહના અઝાબથી ડરાવો, અને કહો કે શરીઅતની રૂએ અમારો તમારા પર હક્ક છે, અને અમારા આજ્ઞાંકિત રહેવું તમારા પર ફર્ઝ છે, જો એ પછી પણ ન માને.

૩૨ : હલકો માર.

૩૩ : અને તમે ગુનાહ કરો છો, છતાં તે તમારી તૌબા કબૂલ કરે છે તો પછી તમારા હાથ નીચેની સ્ત્રીઓ જો કુસૂર કર્યા પછી માફી માગે, તો તમારે વહેલું માફ કરી દેવું જોઈએ, અને અલ્લાહની કુદરત તેમજ મહાનતાનો ખયાલ કરીને જુલ્મ કરવાથી દૂર રહેવું જોઈએ. *(ક્રમશઃ)*

# જાદૂની હકીકત તથા તેનો ઈલાજ

હપ્તો : ૦૧

અઝ : હઝરત મૌલાના શાહ તુરાબુલહક્ક઼ ક઼ાદરી رحمۃ اللہ علیہ

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

*(ખલીફા : હુઝૂર તાજુશ્શરીઅહ્, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

نَحۡمَدُہٗ وَنُصَلِّیۡ عَلٰی رَسُوۡلِہٖ سَیِّدِ الۡمُرۡسَلِیۡنَ وَعَلٰی اٰلِہٖ وَاَصۡحَابِہٖ

اَجۡمَعِیۡنَ. اَمَّا بَعۡدُ فَاَعُوۡذُ بِاللّٰہِ مِنَ الشَّیۡطَانِ الرَّجِیۡمِ.

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ.

وَلَقَدۡ عَلِمُوۡا لَمَنِ اشۡتَرٰىہُ مَا لَہٗ فِی الۡاٰخِرَۃِ مِنۡ خَلَاقٍ

صَدَقَ اللّٰہُ الۡعَظِیۡمُ وَصَدَقَ رَسُوۡلُہُ النَّبِیُّ الۡاَمِیۡنُ الۡکَرِیۡمُ. وَنَحۡنُ

عَلٰی ذٰلِکَ لَمِنَ الشَّاہِدِیۡنَ وَالشَّاکِرِیۡنَ وَالۡحَمۡدُ لِلّٰہِ رَبِّ الۡعَالَمِیۡنَ.

હમ્દો સલાત બાદ કુર્આને મજીદ ફુર્કાને હમીદની સૂરએ બક઼રહથી આયત નં. ૧૦૨ તિલાવત કરવાનો શરફ હાંસલ કર્યો. રબ તઆલાથી દુઆ છે કે તે પોતાના પ્યારા મહબૂબ ﷺના સદક઼ા તથા તુફૈલથી મને હક્ક઼ કહેવાની તૌફીક઼ અતા ફર્માવે અને અમને સર્વ મુસલમાનોને હક્ક઼ને સાંભળીને તેને ક઼બૂલ કરવાની તથા તેના પર અમલ કરવાની તૌફીક઼ અતા ફર્માવે. (આમીન)

અલ્લાહ તઆલાની ઝાત ઘણી જ મહાન ઝાત છે, તે જ્યારે ચાહે જેને ચાહે જે સમયે ચાહે જે ચાહે અતા કરી શકે છે. તેના દસ્તે કુદરતને કોઈ પકડી નથી શક્તુ. માણસે પોતાના રબની વહેંચણી પર રાજી રહેવું જોઈએ, અને દરેક હાલતમાં અલ્લાહ તઆલાનો શુક્ર અદા કરવો જોઈએ. અને રબ તઆલાએ કોઈને ખૂબ નવાઝયો છે તો તેના માલ દૌલત, હુસ્નો જમાલ તથા ખુશ્બુઓથી હસદ કરવો ન જોઈએ, બલ્કે એ સોચ રાખવી જોઈએ કે તેને જે મળ્યું છે, જેટલુ મળ્યું છે સર્વ કાંઈ મારા રબે અતા કર્યું છે, તો શું હું અલ્લાહ તઆલાની અતા પર વાંધો ઉઠાવું ?!

મોહતરમ હઝરાત ! પછી એ હસદ નફરતમાં ફેરવાય જાય છે. દિલમાં નફરતની આગના શોલા ભડકી ઉઠતા હોય છે. છેવટે નફરતની આગને ઠંડી કરવા માટે જાદૂ જેવી ગંદી ચીજનો સહારો લેવામાં આવે છે. હજારો લાખો રૂપિયા ખર્ચ કરીને જાદૂ કરાવીને તેના ખુશીઓ ભરેલા ચમનિસ્તાનને ઉજાડી દેવામાં આવે છે, છતાંય નફરતની આગ ઠંડી નથી થતી. જાદૂ પર જાદૂના વાર ચાલુ રાખવામાં આવે છે. તેને કોઈ રીતે પણ ઉઠવા તથા સંભલવાનો મોક઼ો નથી આપતા, અને આ રીતે તેને તડપતો જોઈને પોતાના દિલને સુકૂન પહોંચાડે છે !

પણ ક્યાં સુધી ? પછી એ સમય આવે છે કે આવું ગંદુ કામ કરવા અને કરાવનારા જ્યારે રબ તઆલાની પકડમાં આવે છે તો પછી તેમને કોઈ નથી બચાવી શકાતુ. અલ્લાહ કરે એવા લોકો પોતાની રવિશથી દૂર થઈ જાય.

મોહતરમ હઝરાત ! આજનો આપણો વિષય જાદૂ છે, એટલા માટે આપણે આપણા વિષયની તરફ ચાલીએ છીએ અને જોઈએ છીએ કે જાદૂની હક઼ીક઼ત શું છે ? શું જાદૂનું કોઈ અસ્તિત્વ છે ? શું જાદૂઈ અમલથી સામાવાળાની જિંદગી તથા તંદુરસ્તી પર કોઈ અસર પડે છે ? શું જાદૂ થકી કોઈને ક઼ત્લ કરી શકાય છે ? શું અંબિયા علیہم السلام અને હુઝૂર ﷺ પર જાદૂ કરવામાં આવ્યો હતો ? આ સર્વ વાતોનો કુર્આન તથા હદીષથી ક્યાં સુધી સંબંધ છે એને

દલીલોની રોશનીમાં જોઈએ છીએ.

## ★ જાદૂનો અર્થ ★

સૌ પ્રથમ જાદૂના અર્થ વિશે જોઈએ છીએ. અરબીમાં જાદૂને 'સહર' કહેવામાં આવે છે. આ શબ્દ કુર્આન મજીદમાં કેટલીયેવાર વર્ણન થયેલો છે. એક તેહકીક઼ના અનુસાર 'સહર' શબ્દ કુર્આન મજીદમાં ૩૭ વખત આવેલો છે.

## ★ જાદૂની સાબિતી કુર્આન મજીદની રોશનીમાં ★

મોહતરમ હઝરાત ! જાદૂનું અસ્તિત્વ છે. એ અર્થમાં છે કે એની અસરો થાય છે, ચાહે એ રીતે કે કોઈ ચીજ પર હકીક઼તમાં અસર થાય અથવા એ રીતે કે લોકોની નઝરબંદી થાય. કુર્આને મજીદ ફુર્કાને હબીબમાં સૂરએ તાહાની આયત નંબર ૬૫ થી ૭૦માં હઝરત મૂસા علیہ السلامના મુકાબલામાં જાદૂગરોના જાદૂ કરવાનો ઉલ્લેખ મૌજૂદ છે. જેમ કે ઈર્શાદ થાય છે :

فَتَنَازَعُوْٓا اَمْرَهُمْ بَيْنَهُمْ وَ اَسَرُّوا النَّجْوٰى ﴿٦٢﴾ قَالُوْٓا اِنْ هٰذٰنِ لَسٰحِرٰنِ يُرِيْدٰنِ اَنْ يُّخْرِجٰكُمْ مِّنْ اَرْضِكُمْ بِسِحْرِهِمَا وَ يَذْهَبَا بِطَرِيْقَتِكُمُ الْمُثْلٰى ﴿٦٣﴾ فَاَجْمِعُوْا كَيْدَكُمْ ثُمَّ ائْتُوْا صَفًّا ۚ وَ قَدْ اَفْلَحَ الْيَوْمَ مَنِ اسْتَعْلٰى ﴿٦٤﴾ قَالُوْا يٰمُوْسٰٓى اِمَّآ اَنْ تُلْقِيَ وَ اِمَّآ اَنْ نَّكُوْنَ اَوَّلَ مَنْ اَلْقٰى ﴿٦٥﴾ قَالَ بَلْ اَلْقُوْا ۚ فَاِذَا حِبَالُهُمْ وَ عِصِيُّهُمْ يُخَيَّلُ اِلَيْهِ مِنْ سِحْرِهِمْ اَنَّهَا تَسْعٰى ﴿٦٦﴾ فَاَوْجَسَ فِيْ نَفْسِهٖ خِيْفَةً مُّوْسٰى ﴿٦٧﴾ قُلْنَا لَا تَخَفْ اِنَّكَ اَنْتَ الْاَعْلٰى ﴿٦٨﴾ وَ اَلْقِ مَا فِيْ يَمِيْنِكَ تَلْقَفْ مَا صَنَعُوْا ؕ اِنَّمَا صَنَعُوْا كَيْدُ سٰحِرٍ ؕ وَ لَا يُفْلِحُ السَّاحِرُ حَيْثُ اَتٰى ﴿٦٩﴾ فَاُلْقِيَ السَّحَرَةُ سُجَّدًا قَالُوْٓا اٰمَنَّا بِرَبِّ هٰرُوْنَ وَ مُوْسٰى ﴿٧٠﴾

"જાદૂગર બોલ્યા, હે મૂસા ! પ્રથમ અમે નાખીએ કે તમે નાખશો ? મૂસાએ કહ્યું, તમે જ નાખો ! ત્યારે તેમની રસ્સીઓ તથા લાઠીઓ તેમના જાદૂના જોરથી તેમના ખયાલમાં દોડતી જણાયી. તો પોતાના જીવમાં મૂસાએ ડર અનુભવ્યો. અમે ફર્માવ્યું, ડર નહીં ! બેશક ! તું જ ગાલિબ છે અને નાખી તો દે જે તારા જમણા હાથમાં છે, તેમની બનાવટોને ગળી જશે જેને તેઓ બનાવીને લાવ્યા છે એ તો જાદૂગરનો ધોકો છે, અને જાદૂગરનું ભલુ નથી થતું ક્યાંક આવે. તો સર્વ જાદૂગરોને સજદામાં નાખી દેવામાં આવ્યા. બોલ્યા, અમે એના પર ઈમાન લાવ્યા જે હારૂન તથા મૂસાનો રબ છે." *(સૂ. તાહા, ૨૦/૬૫ થી ૭૦)*

બીજા સ્થળે સૂરએ બક઼રહની આયત નં. ૧૦૨માં ઈર્શાદ થાય છે :–

وَلٰكِنَّ الشَّيٰطِيْنَ كَفَرُوْا يُعَلِّمُوْنَ النَّاسَ السِّحْرَ

"હા ! શૈતાન કાફિર થયા, લોકોને જાદૂ શીખવાડે છે." ઈમામ શામી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ રદ્દુલ મુહ્તાર, ૧/૪૪ (દારુલ ફિક્ર બૈરૂત) પર ફર્માવે છે : "શરહે ઝઅફરાનીમાં છે, જાદૂનો વજૂદ, તેનો ખયાલ અને તેની અસર અમારી નજીક હક્ક઼ છે."

મોહતરમ હઝરાત ! મોઅતઝલાની નજીક જાદૂની કોઈ હકીક઼ત નથી અને તેમની નજીક એ કેવળ નઝરબંદી તથા શોઅબદાબાઝી છે, એનાથી વધીને કાંઈ નથી, પરંતુ જમહૂર ઉલમા તથા ફકીહોની નજીક જાદૂ એક હકીક઼ત છે અને તેનો ઉલ્લેખ કુર્આન તથા હદીષમાં મૌજૂદ છે. જેમ કે અલ્લામા તફતાઝાની શરહુલ મક઼ાસિદ, ભાગ : ૫, પેજ નં. ૭૯ થી ૮૧ પર ફર્માવે છે : મોઅતઝલાએ કહ્યું કે સહર (જાદૂ)ની કોઈ હકીક઼ત નથી. તેમની દષ્ટિએ એ કેવળ નઝરબંદી છે. અને એનો સબબ કરતબ, હાથની સફાઈ તથા શોઅબદાઝી છે. અમારી દલીલ એ છે કે સહર (જાદૂ) અસલમાં શક્ય છે અને રબ તઆલા એને પેદા કરવા

પર કાદિર છે અને તેનો ખાલિક છે. જાદૂગર કેવળ કર્તા તથા કસબ કરનાર છે અને તેના અસ્તિત્વમાં આવવા તથા હકીકત પર તમામ ફુકહાએ ઈસ્લામ (ફકીહો)નો ઈજમાઅ છે.

ઈમામ નવવી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ શરહે મુસ્લિમ, ૧૪/૧૭૪ પર ફર્માવે છે કે ઈમામ માઝુરી رحمۃ اللہ علیہ ફર્માવે છે : અહલે સુન્નત તથા જમહૂર ઉલમાએ ઉમ્મતનો મઝહબ એ છે કે જાદૂ સાબિત છે અને એ કે અન્ય સાબિત ચીજોની જેમ એની હકીકત છે.

વધુમાં ફર્માવે છે કે અલ્લાહ તઆલાએ આ (જાદૂગર)નું વર્ણન પોતાની કિતાબમાં કર્યું છે અને એ પણ વર્ણવ્યું છે કે એને શીખવામાં આવે છે. અને એમાં ઈશારો છે કે જાદૂ એ ચીજોમાંથી છે જેનાથી કુફ્ર કરવામાં આવે છે અને એ કે એના થકી પતિ પત્ની વચ્ચે જુદાઈ કરાવી દેવામાં આવે છે અને એ સર્વ ચીજો એમાં શક્ય નથી જેની હકીકત ન હોય. અને એ હદીષ (જેમાં હુઝૂર ﷺ પર જાદૂ કરવાનું વર્ણન છે) પણ જાદૂની સાબિતિને સ્પષ્ટ કરે છે.

## ★ હદીષમાં હુઝૂર ﷺ પર જાદૂનો ઉલ્લેખ ★

હદીષ : બુખારી શરીફ (તર્જુમા) કિતાબ બદઉલ ખલ્કમાં હદીષ નં. ૩૦૩૮ નકલ થયેલ છે. હઝરત આઈશા رضی اللہ عنہاથી રિવાયત છે કે રસૂલે પાક ﷺ પર જાદૂ કરી દેવામાં આવ્યો તો આપ ﷺની એ હાલત થઈ ગઈ કે આપે કાંઈ ન કર્યું હોવા છતાં ખયાલ થતો કે મેં એ કામ કરી દીધું છે, જ્યારે કે તે કામ કર્યું ન હોતું. એક દિવસ આપ મારી પાસે હતા. આપ દુઆ કરતા રહ્યા. પછી આપ ﷺએ ફર્માવ્યું, હે આઈશા ! શું તમને ખબર છે કે અલ્લાહ કરીમે મને એનાથી શિફા પામવાનો નુસ્ખો શીખવાડયો. (મેં અર્ઝ કરી, તે શું યા રસૂલલ્લાહ ! ﷺ) આપ ﷺએ ફર્માવ્યું, મારી પાસે બે માણસ આવ્યા. એમાંથી એક મારા માથાની પાસે અને બીજો મારા પગો પાસે બેસી ગયો. પછી એમનામાંથી એકે પોતાના સાથીને પૂછયું, આ માણસને શું તકલીફ છે ? બીજાએ કહ્યું, એના પર જાદૂ કરવામાં આવ્યો છે. પૂછયું, કોણે કર્યો ? જવાબ આપ્યો, લબીદ બિન અઅ્સમ યહૂદીએ. પૂછયું, કઈ ચીજ વડે ? કહ્યું, કાંસકી તથા કાંસકીથી નીકળનારા વાળોને નર ખજૂરની છાલમાં રાખીને. પૂછયું, તે ક્યાં છે ? જવાબ આપ્યો, ઝરવાનના કૂવામાં. રાવીનું બયાન છે કે નબી પાક ﷺ (પોતાના સહાબાની સાથે) એ કૂવા પર તશરીફ લઈ ગયા. પરત થતાં હઝરત આઈશા رضی اللہ عنہاને ફર્માવ્યું, એ કૂવાની પાસે શૈતાનોના માથાંઓની જેમ ઝાડો હતાં. હઝરત આઈશા رضی اللہ عنہاનું બયાન છે કે મેં અર્ઝ કરી, આપે એને જાહેર કર્યું ? ફર્માવ્યું, નહીં ! અલ્લાહ તઆલાએ મને આફિયત (રાહત) આપી અને શિફા બખ્શી અને હું એ વાતથી ડર્યો કે ક્યાંક એના કારણે લોકોમાં ફિત્નો ન ફેલાય. પછી આપ علیہ الصلوٰۃ والسلامએ જાદૂની ચીજને દફન કરવાનો હુકમ આપ્યો.

તફસીરે ખાઝિન, ભાગ–૪ના પેજ નં. ૪૨૮ પર ઈમામ ખાઝિન رحمۃ اللہ علیہ ફર્માવે છે : લબીદ બિન અઅ્સમ યહૂદી તથા પુત્રીઓએ હુઝૂર ﷺ પર જાદૂ કર્યો અને હુઝૂર ﷺના શરીર મુબારક અને જાહેર અંગો પર તેની અસર થઈ, અલ્બત્ત દિલ, બુદ્ધિ તથા એતેકાદ પર કોઈ અસર ન થઈ. થોડાક દિવસો પછી હઝરત જિબ્રઈલ علیہ السلام આવ્યા અને તેમણે અર્ઝ કરી, એક યહૂદીએ આપના પર જાદૂ કર્યો છે અને જાદૂનો જે કાંઈ સામાન છે તે ફલાણા કૂવામાં એક પથ્થરની નીચે દબાવેલો છે. રસૂલુલ્લાહ ﷺએ મૌલા અલી શેરે ખુદા کرم اللہ وجہہ الکریم ને મોકલ્યા અને તેમણે કૂવાનુ પાણી કાઢયા બાદ પથ્થર ઉઠાવ્યો તો એની નીચેથી ખજૂરના ઝાડના નરમ હિસ્સાથી બનેલી થેલી મળી આવી જેમાં હુઝૂર ﷺના બાલ મુબારક જે કાંસકીથી

નીકળ્યા હતા અને નબી પાક ﷺની કાંસકીના અમુક દાંતા અને એક દોરો અથવા કમાનનો ચિલ્લો જેમાં અગિયાર ગાંઠો લાગેલી હતી, અને એક મીણનું પૂતળુ હતું જેમાં અગીયાર સોયો ખોસેલી હતી. એ બધો સામાન પથ્થરની નીચેથી કાઢયો અને હુઝૂર علیہ الصلوٰۃ والسلامની ખિદમતમાં હાજર કરવામાં આવ્યો. રબ તઆલાએ સૂરએ ફલક઼ તથા સૂરએ નાસ નાઝિલ કરી. એ બંનેવ સૂરતોમાં ૧૧ આયતો છે. પાંચ સૂરએ ફલક઼માં અને છ સૂરએ નાસમાં. દરેક આયત પઢવાની સાથે એક એક ગાંઠ ખુલતી જતી હતી, ત્યાં સુધી કે સૌ ગાંઠો ખુલી ગઈ અને હુઝૂર ﷺ બિલકુલ તંદુરસ્ત થઈ ગયા.

મોહતરમ હઝરાત ! એ વાત યાદ રહે કે જાદૂની અસર કેવળ હુઝૂર ﷺની શારીરિક તંદુરસ્તી સુધી મર્યાદિત હતી, રિસાલતનું કોઈ પાસુ તેનાથી તદ્દન પ્રભાવિત ન હતું. આ વાતને ઈમામ નવવી رحمۃ اللہ علیہએ પણ મુસ્લિમ શરીફની શરહ ૧૪/૧૭૫ પર વર્ણવી. ઈમામ નવવી ફર્માવે છે કે ઈમામ ક઼ાઝી અયાઝ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, આ પ્રમાણેની જેટલી રિવાયતો આવેલી છે, એનાથી મુરાદ એ છે કે જાદૂનો અસર આપના શરીર મુબારક તથા જાહેરી અંગો પર થયો હતો. આપની અક઼લ, આપના દિલ તથા એતેક઼ાદ (અક઼ીદાઓ) પર એની કોઈ અસર થઈ ન હતી.

મોહતરમ હઝરાત ! આપે જાદૂની હક઼ીક઼ત કુર્આન મજીદથી સાંભળી. અને જાણી લીધું કે જાદૂ હક્ક઼ છે, એનો ઈન્કાર નથી કરી શકાતો. હવે એ માલૂમ કરીએ છીએ કે શું કોઈ રસૂલુલ્લાહ ﷺના સહાબી પર પણ જાદૂ કરાવવામાં આવ્યો હતો ?

### ★ હઝરત ખાલિદ બિન વલીદ પર જાદૂ ★

અત્તરગીબ, ૨/૨૦૩ પર લખેલ છે. સહાબીએ રસૂલ હઝરત ખાલિદ બિન વલીદ رضی اللہ عنہ ઘણા જ બહાદુર તથા નિડર હસ્તી છે. બારગાહે રિસાલતથી આપે સૈફુલ્લાહ એટલે અલ્લાહ તઆલાની તલ્વારનો લક઼બ પામ્યો છે. હઝરત ખાલિદ બિન વલીદ رضی اللہ عنہ પર કોઈએ જાદૂ કરી આપ્યો જેના સબબે જિન્નાતે આપના પર હુમ્લો કર્યો તો આપ પર ડર છવાય ગયો અને રાતના સમયે આપને ડરામણા સ્વપ્નાં આવતાં જેના કારણે આપ બેચેની મેહસૂસ કરતા. જેથી હઝરત ખાલિદ બિન વલીદ رضی اللہ عنہ હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થયા. રસૂલુલ્લાહ ﷺએ આ કલમા

اَعُوذُ بِكَلِمَاتِ اللّٰهِ التَّامَّةِ مِنْ غَضَبِهٖ وَشَرِّ عِبَادِهٖ وَمِنْ هَمَزَاتِ الشَّيَاطِيْنِ وَاَنْ يَّحْضُرُوْنِ

રાત્રે ત્રણવાર પઢવાની તલ્કીન કરી.

હઝરત ખાલિદ બિન વલીદ رضی اللہ عنہ પરત આવ્યા અને એ કલમા પઢવા શરૂ કર્યા. એકવાર પઢયા, બીજીવાર પઢયા અને જ્યારે ત્રીજીવાર પઢયા તો આપ પર કરમ થયો. એનો ઉલ્લેખ આપે હુઝૂર ﷺની બારગાહમાં આ પ્રમાણે કર્યો :—

યા રસૂલલ્લાહ ! ﷺ મારાં મા બાપ આપના પર કુર્બાન થાય, એ જાતની ક઼સમ જેણે આપને હક્ક઼ની સાથે મોકલ્યા, આપ ﷺએ જે કલમા શીખવાડયા હું તેને ત્રણવાર પૂરા ન કરી શક્યો એટલામાં અલ્લાહ કરીમે મારી તમામ તકલીફો દૂર કરી આપી. એ રાતે જ્યારે મારા પર ખૌફ છવાયેલો હતો ત્યારે મેં આ વઝીફો પઢયો તો આપ ﷺની તાલીમની બરકતથી મારામાં એટલી બહાદુરી આવી ગઈ કે જો અત્યારે મને સિંહના પિંજરામાં રાખી દેવામાં આવે તો મને કોઈ ખૌફ મેહસૂસ નથી થતો !

મોહતરમ હઝરાત ! આ રિસાલતથી જાણવા મળ્યું કે સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْن પર પણ જાદૂઈ હુમલા થયા અને તેમને પણ જાદૂના થકી તકલીફ આપવાની કોશિશ કરવામાં આવતી, પણ આક઼ા વ મૌલા ﷺની રહનુમાઈએ તેમને દરેક જાદૂ દરેક બલાથી નજાત અપાવી દીધી. *(ક્રમશઃ)*

શાદી મુબારક

❑ **બીરપુર શરીફ :** ખાતે હઝરત સૈયદ ખ્વાજા મહેમૂદ દરિયાઈ દુલ્હા رحمۃ اللہ علیہના વંશજ પીરઝાદા સૈયદ હાજી ઈખ્તિયાર અહમદ ગુલામ મુહમ્મદ ઉર્ફે કાલુબાવાના નેક ફરઝંદ સમીઉદ્દીનના નિકાહ રૂવૈદા બીબી (બિન્તે હાજી મુબારકબાવા) અને મુહમ્મદ તન્વીરના નિકાહ ઈસ્રતબાનુ (બિન્તે સૈયદ વારિસઅલી) સાથે તા. ૨૩–૧૧–૨૦૧૯ શનિવાર મુ. ચાંદ ૨૪ રબીઉલ અવ્વલ, હિ.સ. ૧૪૪૧ના રોજ રાખવામાં આવ્યા.

❑ **આમોદ :** ખાતે હારૂન મૂસા દયાદરાવાળા (અશરફી)ની નેક દુખ્તર ફેહમીદાબાનુના નિકાહ વરેડિયા નિવાસી આરિફ અબ્દુલહફીઝ સગીરના નેક ફરઝંદ મિન્હાજ સાથે મુ. ચાંદ ૨૪ રબીઉલ અવ્વલ હિ.સ. ૧૪૪૧, અં.તા. ૨૩–૧૧–૨૦૧૯ શનિવારે રાખવામાં આવ્યા.

❑ **નબીપુર :** ખાતે જનાબ ઐયૂબ આદમ મૂસા કડુજી (તંત્રી : બરકાતે ખ્વાજા–માસિકના મામા)ની નેક દુખ્તર અસ્માના નિકાહ તા. ૭–૧૨–૨૦૧૯ શનિવારે નબીપુર મસ્જિદમાં હાજી ઐયૂબ ઉમરજી ઈસપ ભીખા (ઝંઘાર)ના નેક ફરઝંદ નઈમ સાથે રાખવામાં આવ્યા. આ શાદી નિમિત્તે તા. ૪–૧૨–૨૦૧૯ બુધવારે ઈશા બાદ નબીપુર મસ્જિદમાં હઝરત મૌલાના ઝહીર મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જબુંસર)એ ઈમાન અફરોઝ બયાન કર્યું હતું.

❑ **ઝંઘાર :** ખાતે અમારા મિત્ર ''બરકાતે ખ્વાજા'' (માસિક) તથા ''અંજુમને રઝાએ મુસ્તફા'' તેમજ ''ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા''ના ચાહક તથા સહાયક જનાબ અબ્દુર્રહીમ મુન્શીની નેક દુખ્તર નઝીરાના નિકાહ ટંકારીયા નિવાસી ઈલ્યાસભાઈ લાર્યાના નેક ફરઝંદ ખાલિદ સાથે તા. ૧૬–૧૧–૨૦૧૯, મુા. ચાંદ ૧૮ રબીઉલ અવ્વલ શરીફ હિ.સ. ૧૪૪૧ શનિવારના રોજ રાખવામાં આવ્યા. જનાબ અબ્દુર્રહીમ મુન્શી તરફથી શાદીની ખુશીમાં ''અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા''ને રૂા. ૫૦૦/– લિલ્લાહ મળ્યા છે. જઝાકલ્લાહ !

*દુલ્હા દુલ્હનો, કુટુંબીજનો સૌને ખૂબ ખૂબ મુબારકબાદ ! અલ્લાહ પાક તેના પ્યારા હબીબ صلی اللہ علیہ وسلمના સદકામાં સૌને બંને જહાનની ખુશીઓથી માલામાલ રાખે. (આમીન) –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**સુન્ની પટેલ સમાજનું ગૌરવ !**

**ડો. સાઈસ્તા એમ. પટેલ**

**ભરૂચ :** ખાતે (આરઝૂ સોસાયટી) જનાબ મુશ્તાકભાઈ મુન્શી વાગરાવાળાની નેક દુખ્તર ''ડો. સાઈસ્તા પટેલ''એ **MBBS, DGO** સ્ત્રી રોગોનો નિષ્ણાત ગાયનેકોલોજિસ્ટની ડિગ્રી **1st Class** માર્કસથી હાંસલ કરી છે. તેમના વાલિદ સાહબે જણાવ્યું કે ડો. સાઈસ્તા બેન અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી (મુંબઈ)થી બયઅત થયેલ છે, અને શરૂથી જ આપની દુઆઓ હતી અને આપની દુઆઓથી અલ્લાહ તબારક વ તઆલાએ તેમની જે ખ્વાહિશ પુત્રીને ગાયનેકોલોજિસ્ટ બનાવવાની તથા આમ જનતાની, ખાસ કરીને મુસ્લિમ સમાજની સેવા કરાવવાની હતી તે પૂર્ણ થઈ છે. તેની ખુશીમાં આપે ૧–દેગ નિયાઝ હુઝૂર ગૌષ પાક رحمۃ اللہ علیہની ૧૪–૧૫ ડિસેમ્બર ''સુન્ની દા'વતે ઈસ્લામી''ના સુન્ની ઈજતેમામાં ખવડાવવા રકમ આપી છે. (જઝાકલ્લાહ ! અલ્લાહ તબારક વ તઆલા કુબૂલ ફર્માવે. –તંત્રી) તેમજ ડો. સાઈસ્તાએ પોતાની સેવા પટેલ વેલ્ફેર હોસ્પિટેલ–ભરૂચમાં આપવી શરૂ કરી છે. ડો. સાઈસ્તા બેન તથા કુટુંબીજનો સર્વેને ખૂબ ખૂબ મુબારકબાદ આપીએ છીએ. અલ્લાહ દરેક મોડ પર કામયાબ કરે. તેમજ સમાજની બહેનો આપની સેવાનો લાભ લે તેવી નમ્ર અપીલ કરીએ છીએ. *તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

Masoom
Tours & Travels

# ૨૭ વર્ષ નો અનુભવ ધરાવતી ટુર્સ

www.masoomtours.com

FIXED PRICE ★ FIXED DATES

| ઉમરાનું બુકીંગ ચાલુ છે | | | દિવસ |
|---|---|---|---|
| ૧૯ ડિસે.-૧૯ | થી | ૦૨ જાન્યુ.-૨૦ | ૧૫ |
| ૩૧ ડિસે.-૧૯ | થી | ૧૫ જાન્યુ.-૨૦ | |
| ૧૪ જાન્યુ.-૨૦ | થી | ૨૯ જાન્યુ.-૨૦ | |
| ૨૮ જાન્યુ.-૨૦ | થી | ૧૨ ફેબ્રુ.-૨૦ | |
| ૧૧ ફેબ્રુ.-૨૦ | થી | ૨૬ ફેબ્રુ.-૨૦ | |
| ૨૬ ફેબ્રુ.-૨૦ | થી | ૧૩ માર્ચ.-૨૦ | |
| ૨૬ માર્ચ ↑ | થી | ૦૯ એપ્રિલ-૨૦ | |
| શબે બરાત (મક્કા શરીફમાં) | | | |
| ૦૨ એપ્રિલ-૨૦ | થી | ૧૭ એપ્રિલ-૨૦ | |

રૂ. ૯૨૦૦૦

## અમારી સુવિધાઓ...

Masoom Tours & Travels
masoom_tours

ચાલો બગદાદ ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૦

- ભરૂચ થી ભરૂચ બસ સુવિધા
- મકકામાં મદીના શરીફમાં ૪ રૂમ શેરીંગ
- મકકામાં હરમ શરીફ થી ફકત ૨૫૦ મીટર ના અંતરે-હોટલ અરીજલ ફલાહ
- મદીના શરીફમાં ૭૦૦ મીટરના અંતરે - હોટલ થીમાર રોથાના
- વજન- ૨ બેગ ૨૩ કિલોની+ ૭ કિલો હેન્ડબેગ
- ભરૂચના ભઠીયારા થી બનાવેલ સ્વાદિષ્ટ નાસ્તો તથા જમવાનું
- ફ્રી લોન્ડ્રી
- ઉમરાહના તમામ અરકાન તથા જીયારત અનુભવી ગાઇડ સાથે કરાવવામાં આવશે.
- પાસપોર્ટ પાઉચ, હેન્ડબેગ,૫ લીટર ઝમઝમ ફ્રી

**માસુમ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ**
૭,મરીયમ કોમ્પલેક્ષ, જંબુસર રોડ, ભરૂચ

ઈબ્રાહીમ મોટલી : ૯૮૨૪૧ ૦૮૬૯૨ | સુહેલ મોટલી ૯૭૩૭૮૬૮૮૬૨
ઐયુબ મોટલી (હાફેઝી) : ૯૮૨૪૪ ૦૮૬૯૨

# બિલાલ હજ એન્ડ ઉમરાહ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

હજ્જ પ્રોગ્રામ-૨૦૨૦



લોન્ડ્રી ફ્રી, સવારે ચ્હા-નાસ્તો અને સવાર-સાંજ જમવાનું મળશે.

## ઉમરાહ ૨૦૨૦નું બુકીંગ ચાલુ છે

મક્કા મદીનાની તમામ ઝિયારતો સાથે રહીને તથા અનુભવીને સાથે રાખીને કરાવવામાં આવશે તથા ઉમરાહના તમામ અરકાનો પણ સારી રીતે કરાવવામાં આવશે.

રવાનગી તા. એરલાઈન્સના બુકીંગ પ્રમાણે જાણ કરવામાં આવશે.
એરલાઈન્સ તથા સરકારી ટેક્ષમાં વધારો થશે તો તે વધારો લેવામાં આવશે.

સંપર્ક
**પટેલ ઈરફાન હાજી ઈસ્માઈલ નુનીયા (નબીપુરવાલા)**
અરબ સ્ટ્રીટ, મુ. પો. નબીપુર, તા. જી. ભરૂચ. ફોન : ૨૮૩૨૧૬
મો. ૯૮૯૮૫૧૨૩૫૭/૯૪૨૭૪૧૩૨૧૯/૯૮૨૫૫૮૮૩૧૬



લકઝરી દ્વારા નબીપુરથી મુંબઈ એરપોર્ટ રીટર્ન નબીપુર ખાસ સેવા આપવામાં આવશે.

## :: ઈન્તેકાલ પુરમલાલ ::

- **દયાદરા :** (તા. જિ. ભરૂચ) ખાતે હાજી અનવર છીપાના વાલિદ હાજી યૂસુફ છીપાનો તા. ૨૮–૧૧–૨૦૧૯, મુ ચાંદ ૩૦ રબિઉલ અવ્વલ, હિ.સ. ૧૪૪૧ જુમેરાતના રોજ બોલ્ટન (યુ.કે.) ખાતે ઈન્તેકાલ થયો છે.
- **દયાદરા :** (તા. જિ. ભરૂચ) ખાતે સલીમભાઈ યુસુફ ભુરાના વાલિદા હુરીબેન યૂસુફ ભુરાનો ૨૮ રબીઉલ અવ્વલ, હિ.સ. ૧૪૪૧, તા. ૨૬–૧૧–૨૦૧૯ મંગળવારના રોજ ઈન્તેકાલ થયો છે.
- **કરજણ :** હાફિઝ મહેબૂબ ઝંઘારવી સાહબ જણાવે છે કે શુભ મંગલમ સોસાયટી ખાતે મારા અઝીઝ દોસ્ત હાજી મુબારક સાહબનાં અહલિયા હજીયાણી સીરીનબાનુનો ૩૦–૬–૨૦૧૯ના રોજ ઈન્તેકાલ થયો છે. મર્હૂમા દીનદાર તથા આલે રસૂલ તથા નાઈબે રસૂલથી બેહદ મહોબ્બતવાળાં હતાં. અલ્લાહ તબારક વ તઆલા તેના હબીબ ﷺના સદકામાં હાજી સાહબ તથા કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે અને મર્હૂમોની મગફિરત ફર્માવી જન્નતુલ ફિરદોસમાં આ'લા મકામ અતા કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*
- **ટંકારીઆ :** ખાતે મુબારકભાઈ શેઠના અહલિયા મેરૂનબેનનો તા. ૯–૧૨–૨૦૧૯, મુ. ચાંદ ૧૧ રબીઉલ, હિ.સ. ૧૪૪૧ સોમવારના રોજ ઈન્તેકાલ થઈ ગયો. મર્હૂમાની દફનવિધિ ટંકારીઆ મુકામે સવારે દસ વાગે રાખવામાં આવી હતી.

રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** તથા **દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ** ખાતે કુર્આનખ્વાની કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*


**મિર્અતુલ મનાજીહ શરહે મિશ્કાતુલ મસાબીહ**
(ભાગ : ૧, ગુજરાતીમાં)
**અઝ :** મુફતી અહમદ યારખાં رحمۃ اللہ علیہ
**અનુવાદક :** પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

નબી કરીમ ﷺની હદીષોની સમજૂતી સાથે મસ્અલા મસાઈલ દર્શાવતી કિતાબ જેમાં શરૂમાં તકલીદ વિશે તેમજ ઈમામ બુખારી, ઈમામ મુસ્લિમ, ઈમામ અહમદ બિન હંબલ, ઈમામ અબૂ હનીફા رحمۃ اللہ علیہم اجمعین વગેરેના હાલાત પછી ઈમાન વિશે, તકલીદ વિશે, પાકી વિશે, નમાઝ વિશે... વગેરે ૫૨ હદીષ સામે ચર્ચા છે.

**હદિયો : રૂા. 300** (ટપાલ ખર્ચ રૂા. ૫૦) **રઝવી કિતાબ ઘર**, મુા. પો. દયાદરા, તા. જિ. ભરૂચ મો. ૯૪૨૭૪૬૪૪૧૧

**અણમોલ કિતાબ મંગાવો**
**કાનૂને શરીઅત**
(ભાગ–૧ તથા ભાગ–૨) (કુલ–૭૪૦ પેજીસ)
:: **લેખક** ::
**અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ
:: **અનુવાદક** ::
**હાફેઝ મૂસા વેમી / ઈબ્રાહીમભાઈ વેમી**
**હદીયો : એક સેટના રૂા. ૨૫૦/–**

જેમાં અકીદા, તહારત, નમાઝ, રોઝા, હજ, ઝકાત, કુર્બાની, તલાક, અખ્લાકિયાત સંબંધી મસાઈલ દર્શાવેલા છે.

ઈલ્મે દીન શીખવું ફર્ઝ છે અને આ કિતાબમાં તદન જરૂરી મસાઈલો જ છે જેથી મુસલમાનના ઘર ઘરમાં આ કિતાબ હોવી જોઈએ. જેથી પુરૂષ, સ્ત્રીઓ, બાળકો સર્વે ઘર બેઠાં ઈલ્મ પ્રાપ્ત કરી શકે. કુર્આન તથા હદીષના પરથી ઉત્તમ જીવન બંધારણ રજૂ કરતી આ કિતાબનો અભ્યાસ અવશ્ય કરશો. મૌલા તઆલા સૌને નેક તૌફીક આપે. આમીન.

**પ્રકાશક** **સુન્ની દા'વતે ઈસ્લામી–દયાદરા**
મુા. પો. દયાદરા, તા. જિ. ભરૂચ મો. ૯૪૨૭૪૬૪૪૧૧

બેંક ઓફ બરોડા (દયાદરા બ્રાન્ચ)
A/c. No. 34620100000303
Razvi Kitab Ghar
IFSC Code : BARB0DAYADR